સુવિચાર
અંતરમાં સંઘર્ષ ચાલતો હોય અને ચહેરો હસતો હોય... એ જ જીવનનો શ્રેષ્ઠ અભિનય છે...

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૮-૪-૨૦૨૬, મંગળવાર
વર્ષઃ ૧૫, અંક : ૪૪

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

# અબતક®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

હોમ ડીલીવરી મળશે
ચણાદાળ
હંસા પ્રોવિઝન
લાલાભાઈ - પ્રદીપભાઈ
સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર મેઈન રોડ રાજકોટ
મો.9429189105


Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

### રાજકોટ મહાપાલિકાની ૭૨માંથી ૬૫ બેઠકો પર ભાજપની જીતઃ કોંગ્રેસને મળી માત્ર સાત બેઠક

# રાજકોટ મક્કમ - ભાજપ સાથે અડીખમઃ કોર્પોરેશનમાં ફરી કમળનો કલરવ


### શહેરના ૧૮ વોર્ડ પૈકી ૧૬ વોર્ડમાં ભાજપની ક્લીન સ્વીપઃ વોર્ડ નં. ૧૬માં ચારેય બેઠકો કોંગ્રેસે જીતીઃ વોર્ડ નં. ૧૫માં ભાજપે કોંગ્રેસને સૌથી મોટો આંચકો આપ્યો





**અબતક, રાજકોટ**

ભાજપમાં સ્થાપના કાળથી જ રાજકોટ શહેર પક્ષનો અડીખમ ગઢ છે. તે વાત આજે વધુ એક વખત ૧૦૦% પુરવાર થઈ ગઈ છે. રાજકોટ જાણે ભાજપને જીતાડવા માટે મક્કમ હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. મહાપાલિકામાં ફરી એક વખત કમળનો કલરવ જોવા મળશે શહેરના ૧૮ વોર્ડની ૭૨બેઠકો પૈકી ભાજપ ૬૫ બેઠકો પર જીત મેળવી ફરી સત્તારૂઢ થવા જઈ રહ્યો છે. કોંગ્રેસને માન્ય વિપક્ષનો દરજ્જો મળે તેટલી બેઠકો પણ મળી નથી. માત્ર સાત બેઠકોમાં કોંગ્રેસ સમેટાઈ ગયું છે. જ્યારે પરિવર્તનનો પવન ફુંકવાના ઈરાદા સાથે ચૂંટણી જંગમાં ઉતરેલા આમ આદમી પાર્ટીને રાજકોટવાસીઓએ જાકારો આપ્યો છે. તમામ ૧૮ વોર્ડમાં ભાજપના ઉમેદવારો તોતીંગ લીડ સાથે વિજેતા બને તે માટે પૂર્વ પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરત બોઘરા, શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશ દોશી અને વર્તમાન પ્રમુખ માધવ દવેએ ઘડેલી ચૂંટણીલક્ષી રણનીતિ આજે એક મોટુ હથિયાર બનીને ઉભરી આવ્યું હતું.



ગત રવિવારે શહેરના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટે મતદાન યોજાયું હતું. એસઆઈઆરની કામગીરી બાદ શહેરમાં ૧.૦૬ લાખ મતદારો ઘટ્યા હતાં. છતાં મતદાનની ટકાવારી ૨૦૨૧ જેટલી જ રહેવા પામી હતી. ૫૧.૬૦ ટકા મતદાન થયું હતું. આવામાં રાજકોટમાં કોને સત્તાસુખ પ્રાપ્ત થશે તેને લઈને ભારે ચર્ચાઓ ચાલી રહી હતી. આજે સવારથી શહેરના ૧૮ વોર્ડ માટે અલગ અલગ છ જગ્યાએ મતગણતરી હાથ ધરવામાં આવી હતી. બપોરે ત્રણ કલાકે તમામ બેઠકોનું પરિણામ આવ્યું હતું. જેમાં ૭૨ બેઠકો પૈકી ૬૫ બેઠકો પર ભાજપના ઉમેદવારોની જીત થઈ છે. જ્યારે કોંગ્રેસના ફાળે માત્ર સાત બેઠકો આવી છે. ગત ચૂંટણીની સરખામણીએ ભાજપની ત્રણ બેઠક ઘટી છે. જ્યારે કોંગ્રેસની ત્રણ બેઠકો વધી છે. છતાં કોંગ્રેસ માન્ય વિરોધપક્ષનો દરજ્જો મેળવવા માટે જરૂરી એવી ૮ બેઠકો મેળવવાથી એક બેઠક દૂર રહ્યું છે. રાજકોટ વાસીઓએ ક્યારેય ત્રીજા મોરચાને સ્વીકાર્યો નથી. આમ આદમી પાર્ટી રાજકોટમાં ખાતુ ખોલાવામાં વધુ એક વખત અસફળ રહ્યું છે.

વોર્ડ નં. ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯,૧૦,૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૭ અને ૧૮માં ભાજપ પેનલ ટુ પેનલ વિજેતા બન્યું છે. જ્યારે જંગલેશ્વર ડિમોલીશનની વ્યાપક અસરોના કારણે ભાજપે વોર્ડ નં. ૧૬ ગુમાવવાનો વારો આવ્યો છે. વર્ષોથી કોંગ્રેસના ગઢ

(અનુ. આઠમા પાને)

**૧૮ વોર્ડમાં ભાજપના ઉમેદવારો વિજેતા બને તે માટે પૂર્વ પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરત બોઘરા, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી અને પ્રમુખ ડો.માધવ દવેએ ઘડેલી તમામ રણનીતિ સફળ**

**ત્રીજા રાજકીય પક્ષને નહીં સ્વીકારવાની પરંપરા રાજકોટવાસીઓએ યથાવત રાખીઃ ભાજપની ત્રણ બેઠકો ઘટી, કોંગ્રેસને સતત બીજી વખત માન્ય વિપક્ષનો દરજ્જો મળે તેટલી બેઠકો પણ ન મળી**

## બાપુનો વટઃ વોર્ડ નં.૩માં નરેન્દ્રસિંહ જાડેજા આખી પેનલને જીતાડવામાં સફળ

### ભાજપના ઉમેદવાર નરેન્દ્રસિંહ જાડેજા, અલ્પાબેન દવે, હિનાબેન બેલાણી અને અજય મજેઠીયા જંગી લીડ સાથે વિજેતા બન્યાઃ અતુલ રાજાણી અને ગાયત્રીબા વાઘેલાની હાર



વોર્ડ નં.૩માં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટે કી ટક્કર જેવો ચૂંટણી જંગ જોવા મળતો હતો. કારણ કે કોંગ્રેસે આ વોર્ડમાં લડાયક અને મજબૂત આગેવાનોને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા હતા. કોર્પોરેશનમાં વિરોધ પક્ષના નેતા તરીકે જવાબદારી વહન કરી ચુકેલા અતુલભાઈ રાજાણી અને ગાયત્રીબા વાઘેલાની આગેવાનીમાં કોંગ્રેસની મજબૂત પેનલ બની હતી. જો કે, વોર્ડ નં.૩માં પૂર્વ ડેપ્યૂટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા (ટીકુભાઈ)એ પાંચ વર્ષમાં કરેલા વિકાસ કામોની મતદારોએ કદર કરી હતી. અનેક પડકારો છતા બાપુએ એકલા હાથે ભાજપની પેનલને જીતાડી દીધી હતી. કોંગ્રેસના મજબૂત નેતાઓને પરાજયનો સામનો કરવો પડ્યો હતો. પૂર્વ ડેપ્યૂટી મેયર નરેન્દ્રસિંહ પૃથ્વીસિંહ જાડેજાને ૨૨૨૦૮ મતો મળ્યા હતા. જ્યારે અજય મજેઠીયાને ૨૨૪૮૫ મત, અલ્પાબેન દવેને ૨૨૪૧૪ મત અને હિનાબેન બેલાણીને ૨૦૮૫૬ મતો મળ્યા હતા. સામા પક્ષે કોંગ્રેસના ઉમેદવાર અતુલ રાજાણીને ૧૨૫૦૯, ગાયત્રીબા વાઘેલાને ૯૪૧૦, આરતીબેન આશવાણીને ૮૬૯૫ અને દિનેશ મકવાણાને ૮૫૫૮ મત મળ્યા હતા. અનેક પડકારો અને ટિકિટ ફાળવણી મામલે ભાજપના કાર્યકરોમાં જ નારાજગી ભર્યા વાતાવરણ વચ્ચે ટીકુભાઈ વટ સાથે ભાજપની આખી પેનલને જીતાડવામાં સફળ રહ્યા છે.

### ભાજપની નહિં પણ કોંગ્રેસની પેનલ તૂટી

## રાજકોટમાં "ઝાડું"નો ગજ ન વાગ્યો પણ વશરામભાઈએ "ઝાડુ-પોતા" મારવા પડશે?!!!

### રિકાઉન્ટીંગ બાદ પણ ભાજપના નિલેશ હેરભા સામે ૧૫૪ મતે વશરામ સાગઠીયાની હાર થતા ધ્રુસકે – ધ્રુસકે રડ્યા



વોર્ડ નં. ૧૫ માં મોટો અપસેટ સર્જાયો છે. કોંગ્રેસના અડીખમ ગઢ ગણાતા આ વોર્ડમાં દાયકાઓથી વશરામ સાગઠિયા વિજેતા બની રહ્યા છે. આજે મતગણતરીમાં આ વોર્ડમાંથી કોંગ્રેસના ચારેય ઉમેદવારો પૈકી ત્રણ ઉમેદવારો વિજેતા બન્યા હતાં. જ્યારે એક માત્ર વશરામભાઈ સાગઠિયા ભાજપના ઉમેદવાર નિલેશ હેરભા સામે ૧૫૪ મતે હારી જતાં ભારે અપસેટ સર્જાય ગયો હતો. તેઓએ રિકાઉન્ટીંગની માગણી કરી હતી. જેમાં પણ પરાજયના પરિણામ પર કોઈ પણ પ્રકારનો ફેરફાર ન થવાના કારણે તેઓ મતગણતરી સ્થળે જ રડી પડ્યા હતાં.

આજે વોર્ડ નં. ૧૫માં મતગણતરી દરમિયાન ભારે રોમાંચકતા જોવા મળી હતી. જેમાં મતગણતરીના અંતે કોંગ્રેસના ઉમેદવાર મનીષાબેન પ્રવિણભાઈ રોજાસરા, સુધાબા રામદેવસિંહ વાઘેલા અને મકબુલ દાઉદાણીને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં. જ્યારે કોંગ્રેસના કદાવર નેતા એવા વશરામભાઈ સાગઠિયા ભાજપના ઉમેદવાર નિલેશભાઈ હેરભા સામે ૧૫૪ મતે પરાજીત થયા હતાં. તેઓએ રિકાઉન્ટીંગની માગણી કરી હતી. જેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર થયો ન હતો. અને પરાજયનો આંક ૧૫૪ મત જ રહેતા વશરામભાઈ મતગણતરી સ્થળે હિબકે ચઢ્યા હતા અત્રે ઉલ્લેખનીય છે કે, તેઓએ એક નિવેદનમાં એવુ કહ્યું હતું કે, જો તેઓ વોર્ડ નં. ૧૫માંથી હારશે તો ટકો કરાવીને પ્રવિણભાઈ સોરાણીને ત્યાં આખી જીંદગી કચરા પોતા કરશે હેવ જોવાનું એ રહે છે કે વશરામભાઈ પોતાએ જે નિવેદન આપ્યુ હતું તેનું પાલન કરશે કે બોલીને ફરી જશે તેના પર સર્વેની મીટ મંડાયેલી છે.

# ભાજપ માટે વિધાનસભાનો રસ્તો વધુ સરળ બન્યો

### સત્તાના સેમિ ફાઈનલ સમા ચૂંટણી જંગમાં કેસરિયો માહોલ સર્જાતા હવે દોઢ વર્ષ બાદ યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સત્તાધારી પક્ષ ભાજપ સામે કોઈ મજબૂત પડકાર નહિં




**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને વિધાનસભાની ચૂંટણી પહેલા સત્તાના સેમિ ફાઈનલ સમા જંગ માનવામાં આવતો હોય છે. જે રીતે મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને તાલુકા પંચાયતમાં ભાજપનું બુલડોઝર કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પર ફરી વળ્યું છે. તે જોતા એવું સ્પષ્ટ થઈ ગયું છે કે હવે દોઢ વર્ષ બાદ યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ રાજ્યમાં આઠમી વખત સત્તારૂઢ થવા માટે કોઈ મોટા પડકારનો સામનો કરવો પડશે નહિં. આસાનીથી તોતીંગ બહુમતીથી ૨૦૨૭માં પણ ભાજપ ગુજરાતમાં ફરી સત્તાનું સુકાન સંભાળી લેશે.

લોકસભાની ચૂંટણીમાં ૨૦૧૪ અને ૨૦૧૯માં સતત બે વખત રાજ્યની તમામ ૨૬ બેઠકો જીત્યા બાદ જ્યારે ૨૦૨૪માં લોકસભાની ચૂંટણીમાં ભાજપે બનાસકાંઠા લોકસભા બેઠક ગુમાવવી પડી ત્યારે એવી ચર્ચાઓ થવા માંડી હતી કે ગુજરાત વિધાનસભાની ૨૦૨૭માં યોજાનારી સામાન્ય ચૂંટણીમાં ભાજપે ખૂબ જ મોટા પડકારનો સામનો કરવો પડશે. કોંગ્રેસ ઉપરાંત આમ આદમી પાર્ટી પણ ગુજરાતમાં ખૂબ જ મજબૂતાઈ સાથે ઉભરી રહી હોવાના કારણે ૨૦૨૭માં ભાજપ સામે એક નહિં પરંતુ બે પડકાર હશે. જો કે, આ ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું છે. કારણ કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના પરિણામોને વિધાનસભાની ચૂંટણી પહેલા સત્તા માટેનો સેમિ ફાઈનલ માનવામાં આવતો હોય છે. આ સેમિ ફાઈનલને ભાજપે એક તરફી જીતી લીધો હોય તેવું લાગી રહ્યું છે. હવે દોઢ વર્ષ બાદ યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ રાજ્યમાં આઠમી વખત સત્તારૂઢ થાય તે લગભગ નિશ્ચિત જેવું બની ગયું છે. ૨૦૨૨માં ભાજપ ૧૫૬ બેઠકો જીત્યું હતું. હાલ ભાજપ પાસે ૧૮૨ ધારાસભ્યો પૈકી ૧૬૧ ધારાસભ્યોનું સંખ્યાબળ છે. હવે આ સંખ્યા આગામી ચૂંટણીમાં વધે તો પણ કોઈ શંકા નહિં તેવું માની શકાય.

કોંગ્રેસને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મોટા પરિણામની આશા હતી પરંતુ આમ આદમી પાર્ટીએ કોંગ્રેસના મત કાપ્યા હતા. જેના કારણે 'આપે' પોતાની સાથે કોંગ્રેસની નૈયા પણ ડૂબાડી દીધી છે. ફાઈનલ પરિણામો આવતા-આવતા સાંજ પડી જશે પરંતુ એક વાત નિશ્ચિત છે કે સત્તાના સેમિ ફાઈનલ સમી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે એક તરફી જીત હાંસલ કરી લીધી છે. હવે જોવાનું એ રહે છે કે કોંગ્રેસને કારમી હારની સમિક્ષા ગંભીરતાપૂર્વક કરશે કે પછી હમેંશાની માફક હાર સ્વીકારી પ્રજા વચ્ચેથી ફરી અલિપ્ત થઈ જશે.



### આમ આદમી પાર્ટીએ કોંગ્રેસના મત તોડ્યાઃ ભાજપને મોટો ફાયદો

આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસના મત મોટાપાયે તોડ્યા હતા. જેનો ભાજપને ખૂબ જ મોટો ફાયદો મળ્યો હતો. ભાજપના પરંપરાગત મતદારો ૪૪ ડિગ્રી તાપમાનમાં પણ પક્ષ સાથે જોડાયેલા રહ્યા જેના કારણે ભાજપને સત્તાસુખ જાળવી રાખવામાં કોઈ મોટી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો નહિં. આમ આદમી પાર્ટીએ મોટાભાગની બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા. જેનાથી ત્રિપાંખયો જંગ હોય તેવો માહોલ દેખાતો હતો પરંતુ એવું મત ગણતરીમાં ક્યાય સામે આવ્યું નથી. ભાજપના ઉમેદવારોની લીડ વધી છે. સામા પક્ષે કોંગ્રેસે પારાવાર નુકશાની વેઠવી પડી હતી. છેલ્લા ઘણા સમયથી આમ આદમી પાર્ટીના કારણે ભાજપને ફાયદો મળતો રહે છે. આજેપણ આ વાત પ્રસ્તાપિત થઈ ચુકી છે.

## લુપ્ત થઈ રહી છે, ચોમાસાની મધુર ધૂન

# કુદરતનું થર્મોમીટર: દેડકા કહે છે પર્યાવરણની હાલત

### વિશ્વમાં તેનું ૨૬૫ કરોડ વર્ષ પહેલાં અસ્તિત્વ હતું: હાલ દુનિયામાં તેની ૪૮૦૦ પ્રજાતિ જોવા મળે છે: તે પૂંછડી વગરનું કરોડરજ્જુવાળું પ્રાણી છે: પાણીના અભાવમાં તે સુષુપ્ત અવસ્થામાં જઈ શકે છે: આપણી ઈકોસિસ્ટમ માટે તેની મહત્વપૂર્ણ ભૂમિકા: પૃથ્વી પર જીવજંતુની તે વસ્તી ઘટાડે છે, અને રોગોને અટકાવે છે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

ઉભયજીવીનો ઉસ્તાદ એવા દેડકાનું અનોખું વિશ્વ છે. તે પાણી અને જમીન બંનેનો રહેવાસી છે, તેની બે-ધારી જિંદગી છે,તેની ઘટતી વસ્તી પૃથ્વીની ઈકોસિસ્ટમ તોડી નાખશે. તે ચોમાસાનો ગાયક અને કુદરતનો રક્ષક છે. પ્રકૃતિના નાના જાસૂસ દેડકા પોતાના રંગ બદલીને પર્યાવરણમાં ભળી જાય છે, જેને 'કેમેલિયન' ઈફેક્ટ કહેવાય છે; તેમની આંખો ૩૬૦ ડિગ્રી ફેરવી શકે છે અને એક જ વખતમાં બે દિશામાં જોઈ શકે છે. વિશ્વનો સૌથી મોટી દેડકો 'ગોલિયથ ફ્રોગ' ૩૨ સે.મી. લાંબી હોય છે, જ્યારે સૌથી નાની 'પાઈસા ફ્રોગ' માત્ર ૭ મિ.મી.ની આ નાના જીવો ૭૦૦૦ થી વધુ પ્રજાતિ ઓમાં વિભાજિત છે, જેમાંથી કેટલીક ઝાડ પર રહે છે, કેટલીક રણમાં અને કેટલીક પાણીમાં, તે ત્વચા દ્વારા શ્વાસ લે છે અને કેટલીક પ્રજાતિના દેડકા 'ફ્લાયિંગ ફ્રોગ' જેવા પેરાશૂટથી ઉડ્ડાણ ભરે છે.

દેડકાનો 'ડ્રાઉં ડ્રાઉં' અવાજ ૨૬૫ કરોડ વર્ષ પહેલા શરૂ થયો હતો. આજે વિશ્વ દેડકા બચાવ દિવસની ઉજવણી થઈ રહી છે, ત્યારે આપણી ઈકો સિસ્ટમમાં તેની મહત્વની ભૂમિકા છે, જે જીવજંતુઓની વસ્તી ઓછી રાખીને રોગોને અટકાવે છે. દુનિયામાં દેડકાને પુરતો પ્રેમ અને ઓળખ મળી નથી, મધમાખીઓ જેવી રીતે પૃથ્વી પરથી ખતમ થઈ રહી છે, તેવી જ રીતે દેડકાનું અસ્તિત્વ ધીમે ધીમે ઘટતું જાય છે. ૨૦૦૮ થી ઉજવાતો આ દિવસ એપ્રિલ મહિનાના છેલ્લા શનિવારે ઉજવાતો હતો પણ, ૨૦૨૩થી તે ૨૮ એપ્રિલના રોજ ઉજવાય છે. દેડકા ઘણા લાંબા સમયથી આખી દુનિયામાં જોવા મળી રહ્યા છે. આધુનિક દેડકાના પહેલા પૂર્વજ ટ્રાયસીક સમયગાળાના છે, તે સંપૂર્ણ માસાહારી છે, અને દરેક જીવજંતુઓ ખાય છે.

તેને મચ્છર ગમતા ન હોવાથી તેને બનતા પહેલા જ ખાઈ જાય છે. તેને ભેજવાળા વાતાવરણની વધુ જરૂર પડતી હોય છે. તેના અદભુત અવાજના કારણે લોકોને વરસાદી વાતાવરણમાં આનંદ આવતો હોય છે. દુનિયામાંથી તેની ઘણી પ્રજાતિઓ ૧૯૭૦ થી સતત ઘટતી જોવા મળે છે, ત્યારે ૧૯૮૦ માં તેની ઘણી પ્રજાતિઓ પૃથ્વી પરથી અદ્રશ્ય થઈ ગઈ હતી. ઈજિપ્તમાં ૧૫૦૦ બીસી માં તેનો ભયંકર ઉપદ્રવ વધ્યો હતો. ૧૯૯૫ માં એક પોપટ શોમા તે પ્રથમવાર ચમક્યો હતો, અને ૧૯૭૦ માં દેડકા ઉપરનું પ્રથમ ગીત રિલીઝ થયું હતું. એક વિચિત્ર મોટા અવાજ થી વરસાદના આગમનની છડી પોકારે તે દેડકો પૂંછડી વગરની પ્રજાતિ છે, જેની વિશ્વભરમાં ૪૮૦૦ જેટલી પ્રજાતિઓ જોવા મળે છે. પહેલા તે પ્રાચિન ગ્રીકમાં જોવા મળ્યા હતાં. સમગ્ર દુનિયા સાથે ભારતમાં પણ વિવિધ કલરના ચિત્ર-વિચિત્ર દેડકા જોવા મળે છે, તેમનું વિચિત્ર શરીર માનવ રચના સાથે મળતું હોવાને કારણે સંશોધનમાં તબિબ શિક્ષણમાં તેનો ઉપયોગ ઊંદર, સસલુ અને ગીની પીંગ સાથે




થાય છે. તબિબી શિક્ષણમાં બેઝીક સમજણ માટે તેનો ઉપયોગ આજકાલ થતો જોવા મળે છે. ગ્રંથીઓની ચામડીને કારણે આપણને ગમતું નથી વિવિધ કલરો સાથે રંગ બદલતા ડેડકા પણ પૃથ્વી પર છે. ભૂરા, લીલા, ચમકતા લાલ-પીળા અને કાળા રંગના દેડકા શિકારીથી બચવા છલકપણ પણ કરતાં જોવા મળે છે. કેટલીક પ્રજાતિ વૃક્ષ પર પણ રહે છે, તે સામાન્ય રીતે પાણીમાં ઈંડા આપે છે, તે શાકાહારી સાથે સર્વાહરી પણ છે. મોટા ભાગે નાના જીવ-જંતુ તેનો મુખ્ય ખોરાક છે. આપણા સાહિત્ય, ધર્મ, સંસ્કૃતિમાં તેનું મહત્વ વિશેષ જોવા મળે છે. ૧૯૫૦ તેની વસ્તીમાં ઘણી ગીરાવટ જોવા મળી હતી. આ ગાળામાં ૧૨૦ જેટલી પ્રજાતી નષ્ટ પામી હતી. વિશ્વમાં અમુક જગ્યાએ ૩૨૫ કિલોના વિશાળ દેડકા પણ જોવા મળે છે.

દેડકા વિશે અવનવી વાતો સાથે ઘણી લોક વાયકા પણ આમ જનતામાં જોવા મળે છે. તે પૃથ્વી પર ૨૬૫ કરોડ વર્ષ પહેલા જોવા મળ્યાના અશ્મિઓ રૂપે પૂરાવા છે. દેકડો પૂંછડી વગરનું કરોડરજજુ વાળું પ્રાણી છે. તેમના ઈંડામાંથી ટેકપોલ તરીકે નીકળે છે અને પાણીમાં જીવે છે તેને ત્યારે પૂંછડી હોય છે. દેડકો ચામડી દ્વારા શ્વાસ લેવાની ક્રિયા કરે છે. ૭.૭ મી.મી. થી ૧૨ ઈંચના દેકડા પણ જોવા મળે છે. દેડકો ખોરાક, પાણી વગર બેભાન અવસ્થામાં જમીન નીચે પડયો રહે છે. અને પાણી મળતાં જાગૃત બને છે, તે સુસુપ્ત અવસ્થામાં મહિનો સુધી પડયો રહે છે. તેમનો ડ્રાંઉ ડ્રાંઉ અવાજ જાણીતો છે, ઘણીવાર ગળું ફૂલાવીને દૂર સુધી સંભળાય તેમ અવાજ કરે છે. તેને કાન હોતા નથી પણ આંખ પાસેના છિદ્રોથી તે સાંભળી શકે છે. તેની આંખ ઉપર ત્રણ પોપચાના પડ હોય છે જે પૈકી પારદર્શક પડ પાણીમાં ડૂબકી લગાવે ત્યારે બંધ કરે છે. આગળના ટુંકા અને પાછળના લાંબા પગ તેને લાંબા કૂદકા લગાવવામાં મદદ કરે છે. તે થોડા સમયે ચામડી ઉતારે છે જે બાદમાં નવી આવી જાય છે. તેને જડબામાં ઉપર બે દાંત હોય છે. તેનાથી તે ખોરાકને પકડી ગળે ઉતારે છે. દેડકો ક્યારેય ખોરાક આવતો નથી.દેડકાની આંખો મોટી હોવાથી અને માથા ઉપર બંને તરફ ઉપસેલી હોવાથી તે ચારે દિશામાં જોઈ શકે છે. તે જમીન અને પાણી એમ બન્નેમાં રહી શકેછે. પૂંછડી વાળા ટેડપોલનો વિકાસ થતાં ચાર પગ આવે છે. પૂંછડી નાશ પામે છે. હાલ વિશ્વમાં છેલ્લા સંશોધન મુજબ ૪૮૦૦ થી વધુ પ્રકારનાં દેકડા દુનિયામાં વસવાટ કરે છે. જાંબુડીયા કાચબા જેવા દેડકા તેમનું આખું જીવન ભૂગર્ભમાં જ વિતાવે છે. તે થોડા દિવસ જ જમીન સપાટી પર આવે છે.

**અમુક પ્રજાતિના દેડકાનું વજન ૩૨૫ કિલો !!**

દુનિયામાં વિવિધ પ્રકારના દેડકા નું અસ્તિત્વ જોવા મળી રહ્યું છે, ત્યારે અમુક ખાસ પ્રકારની તેમની પ્રજાતિના દેડકાનું વજન ૩૨૫ કિલો જેટલું સંશોધનકારોને જોવા મળ્યું છે. બ્રાઝિલના રેન ફોરેસ્ટમાં વિચિત્ર અવાજો કાઢતા દેડકાઓ પણ જોવા મળે છે. મુશ્કેલીની સમયમાં એકબીજાને અવાજોના સંકેતથી ચેતવણી પણ આપે છે. વિશ્વમાં સૌથી વધુ ૨૦૦૦ થી વધુ ઉભયજીવી પ્રજાતિઓ બ્રાઝિલના જંગલોમાં જોવા મળે છે. દુનિયામાં ઘણા દેડકાઓ પોતાના કદ કરતા વધુ મોટાનો શિકાર પણ કરી શકે છે. હું પ્રજાતિના દેડકામાં પગના પંજા નીચે જાડી હોવાથી એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર છલાંગ પણ લગાવવાની ક્ષમતા ધરાવે છે.

### મેડિકલ સંશોધનમાં અત્યંત મહત્વપૂર્ણ જીવ

દેડકા જેને આફ્રિકન ફ્રોગ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે મેડિકલ સંશોધનમાં અત્યંત મહત્વપૂર્ણ જીવ છે. તેના ટ્રાન્સપેરન્ટ ઈમ્બ્રાયોને કારણે વિકાસીય બાયોલોજી અને જનીનશાસ્ત્રના અભ્યાસમાં વપરાય છે, જેમ કે ૧૯૯૦ના દાયકામાં તેના થડકા પરથી મળેલા પ્રોટીન 'FGF'એ માનવ કોષોના વિકાસ અને કેન્સર સંશોધનને નવી દિશા આપી હતી, જેનાથી આજે ઈન્સુલિન અને હાર્ટ ડિસીઝના ઈલાજમાં મદદ મળી રહી છે.

### ચાર દાયકાથી દેડકાની સતત ઘટતી વસ્તી જીવજંતુઓના ઉપદ્રવમાં વધારો કરશે એવી દેહશત છે, ખાસ કરીને ઉધઈનુ પ્રમાણ વધી જશે: દેડકા પાણી અને જમીન બંને ઉપર રહી શકે છે: તેના ઉપર હવામાનના ઉષ્ણતામાન, ભેજ, પવન કે રેતીના તોફાનની કોઈ અસર થતી નથી

---

વૈષ્ણવાચાર્ય વાકપતિ પીઠાધીશ પૂજયપાદ ગોસ્વામી

# મથુરેશ્વરજી મહારાજનો પાર્થિક દેહ પંચ મહાભૂતમાં વિલીન

**અબતક, રાજકોટ**

વડોદરા ખાતે વૈષ્ણવ સમાજ માટે અત્યંત શોકમય વાતાવરણ વચ્ચે વૈષ્ણવાચાર્ય વાકપતિ પીઠાધીશ પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી મથુરેશ્વરજી મહારાજશ્રીનો અગ્નિ સંસ્કાર વિધિવત રીતે સંપન્ન થયો હતો.

આ પ્રસંગે પૂજ્ય શ્રી યોગેશ્વરજી મહોદયશ્રી, પૂજ્ય શ્રી દ્રુમિલકુમારજી મહોદયશ્રી તેમજ પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના આશીર્વચનોથી વૈષ્ણવ સમાજને ધૈર્ય આપ્યું હતું.

આ સાથે અનેક રાજકીય આગેવાનો તથા સમાજના અગ્રણીઓએ પણ હાજરી આપી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

### બહોળી સંખ્યામાં વૈષ્ણવજનોએ કર્યા અંતિમ દર્શન

મોટી સંખ્યામાં વૈષ્ણવો દ્વારા અંતિમ દર્શન કરવામાં આવ્યા હતા અને આશ્રુભીની વિદાય આપવામાં આવી હતીમ શ્મશાન યાત્રામાં પણ વિશાળ સંખ્યામાં વૈષ્ણવો જોડાયા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિ અને ભાવનાથી ભરપૂર બન્યું હતું.

પૂજ્ય શ્રી મથુરેશ્વરજી મહારાજશ્રીનો જીવનપ્રવાસ અત્યંત પ્રેરણાદાયી રહ્યો છેમ સમસ્ત વલ્લભકુલ પરિવારમાંથી પ્રથમ પેહલ કરીને તેમણે વિદેશમાં પુષ્ટિમાર્ગનો ધ્વજ લહેરાવવાનો ઐતિહાસિક પ્રારંભ કર્યો હતોમ અંદાજે ૪૦ વર્ષ પહેલાં અમેરિકાની ધરતી પર હ્યુસ્ટન અને ન્યુયોર્ક ખાતે બે હવેલીના નિર્માણ દ્વારા તેમણે પુષ્ટિમાર્ગને વૈશ્વિક સ્તરે સ્થાપિત કર્યો હતો.

તેમણે અસંખ્ય વૈષ્ણવોને બ્રહ્મસંબંધ દીક્ષા આપી અને વિશ્વના લગભગ ૫૦ દેશોમાં ધર્મધ્વજ લહેરાવવાનો પાયો નાખ્યો હતોમ તેઓ એવા પ્રથમ વૈષ્ણવાચાર્ય રહ્યા જેમણે વૈશ્વિક સ્તરે પુષ્ટિ પરંપરાનો પ્રસાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. ગુજરાત સહિત વિદર્ભ, મહારાષ્ટ્ર, દક્ષિણ ભારત, છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં પણ તેમણે વ્યાપક પ્રવાસ કરીને અનેક મંદિરોની સ્થાપના કરી હતી અને વૈષ્ણવ સમાજને સંગઠિત કરવાનો મહાન પ્રયાસ કર્યો હતો.


દક્ષિણ ભારતમાં ચેન્નઈ ખાતે લગભગ ૩૦ વર્ષ પહેલાં વિશાળ વૈષ્ણવ કોલેજની સ્થાપના કરીને શિક્ષણ ક્ષેત્રે અનોખું યોગદાન આપ્યું હતું, જ્યાં આજે આશરે ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છેમ તેમ જ તિરુપતિ ખાતે ભવ્ય દક્ષિણ શ્રીનાથ ધામ ની સ્થાપના કરી છે તેમજ તિરુમલા ખાતે ભવ્ય શ્રી મહાપ્રભુજીની બેઠકજી અને રામેશ્વર ખાતે સુંદર શ્રી મહાપ્રભુજીની બેઠકજીનું નિર્માણ પણ પૂજ્ય શ્રીની અધ્યક્ષતા હેઠળ કરવામાં આવ્યું છે.

તેમના નિધનથી વૈષ્ણવ સમાજે એક મહાન માર્ગદર્શક, પ્રેરણાસ્રોત અને આધ્યાત્મિક નેતૃત્વ ને ગુમાવ્યા છેમ તેમના દર્શાવેલા માર્ગ પર ચાલીને જ સાચી શ્રદ્ધાંજલિ અર્પણ થઈ શકે છે. વૈષ્ણવાચાર્યોમાં પુષ્ટિમાર્ગના સૌથી વયોવૃદ્ધ વૈષ્ણવાચાર્ય વાકપતિ પીઠાધીશ પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી મથુરેશ્વરજી મહારાજશ્રી ભૂતલ પર ૯૦ વર્ષ સુધી આપશ્રીએ સંપ્રદાયના ભાવિકોને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના સિદ્ધાંત સહિતના સાહિત્યથી લાભાન્વિત કર્યા.

# શ્રીકષ્ટભંજન દાદાને ઓર્કિડના પુષ્પોનો શણગાર અને સુખડીનો અન્નકૂટ

**અબતક, રાજકોટ**

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ ખાતે પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તથા કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ આજે દાદાને એમ્બ્રોઈડરી વર્કવાળા વિશેષ ફૂલની ડિઝાઈનના કલાત્મક વાઘા ધરાવવામાં આવ્યા હતા. સમગ્ર સિંહાસનને વિદેશી ઓર્કિડના ફૂલો વડે અત્યંત આકર્ષક અને દિવ્ય રીતે સજાવવામાં આવ્યું હતું. શ્રીકષ્ટભંજનદેવ દાદાને સુખડીનો



અન્નકૂટ ધરાવી પ્રસાદનો ભોગ લગાડવામાં આવ્યો હતો.

વહેલી સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી અને સવારે ૦૭:૦૦ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. ''આજના પવિત્ર મંગળવારે દાદાના આ દિવ્ય સ્વરૂપના દર્શન કરી હજારો હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી. મંદિર પરિસર 'જય કષ્ટભંજન'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.'' અનેક શ્રદ્ધાળુઓએ દાદાના દર્શન અને અન્નકૂટના દર્શનનો લાભ લઈ મનોકામના પૂર્ણ કરવાની પ્રાર્થના કરી હતી.

# વડિયા: સ્વામિનારાયણ દિવ્યધામ ૨૨મો પાટોત્સવ અને શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં ભકતો થયા તરબોળ





### ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ રચાયો

**અબતક**
**માહિર સુમરા, વડિયા**

શ્રી સ્વામિનારાયણ દિવ્યધામ - વડિયા ખાતે ઘનશ્યામ મહારાજના ૨૨મા વાર્ષિક પાટોત્સવ તથા અ.નિ. સ્વા. દેવકૃષ્ણદાસજી સ્મૃતિ મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન તા.૧૮ થી ૨૪ એપ્રિલ ૨૦૨૬ દરમ્યાન સાત દિવસ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સદ્ માનત સ્વામી શ્રી રામકૃષ્ણદાસજીની પ્રેરણા અને આશીર્વાદથી યોજાયેલ આ ભવ્ય મહોત્સવમાં વકતા તરીકે શા. સ્વામી આનંદસ્વરૂપદાસજી તથા શા. સ્વામી પ્રેમસૂરૂપદાસજીએ પોતાની સૂરીલી દિવ્ય વાણી થી ભાગવતામૃતના દિવ્યજ્ઞાનનુ રસપાન સરળ શૈલીમાં રસપાન કરાવ્યું હતું.

આ મહોત્સવ માં પોથીયાત્રા, રામ જન્મોત્સવ, કૃષ્ણ જન્મોત્સવ, જળયાત્રા, રૂક્મણી વિવાહ, મારૂતિ યજ્ઞ, અભિષેક, અન્નકોટ જેવા અનેક ધાર્મિક કાર્યક્રમો ઉત્સાહ ભેર ઉજવાયા હતા અને મોટી સંખ્યામા ભક્તો અને ગ્રામજનો જોડાઈને ભક્તિના રંગે રંગતા જોવા મળ્યા હતા.આ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ અને શ્રી ઘનશ્યામ મહારાજનો ૨૨માં પાટોત્સવ મહોત્સવમાં સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા ધામો જૂનાગઢ, ગઢપુર, ધોલેરા, વડતાલ, અમદાવાદ, ભુજ વગેરેમાંથી સંતો પધારી ભકતોને દર્શન અને આશીર્વાદ આપ્યા હતા. સતત સાત દિવસ સુધી વડિયાના સ્વામિનારાયણ દિવ્યધામ ખાતે ભજન, ભોજન અને ભકિત રૂપી સંગમ રચાયો હતો મોટી સંખ્યામાં લોકોએ તેનો લાભ લીધો હતો. આ ધર્મ ઉત્સવને સફળ બનાવવા વડિયા સ્વામિનારાયણ મંદિરના સંતો અને હરિભક્તો એ ભારે જહેમત ઉઠાવી હતી.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૮-૦૪-૨૦૨૬ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અજબ રાતની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પીનટ સુપ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રવિ ડેસીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (ઊટ બાઈક કાર)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૧૨:૦૦ ગૌધામ શિવ કથા' અંતર્ગત 'દિવ્ય ભક્તિ સંધ્યા' (લાઈવ)

**તારીખ ૨૯-૦૪-૨૦૨૬ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૯-૪-૨૦૨૬ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** વૈશાખ શુદ તેરશ
**નક્ષત્ર** હસ્ત
**યોગ** હર્ષણ **કરણ:** કૌલવ
**સુર્યોદય** ૬.૧૮ **સુર્યાસ્ત:** ૭.૧૨
**ચંદ્ર રાશી** કન્યા
**રાશિ અક્ષર** પ.ઠ.ણ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા**
લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા**
ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૨ થી ૧.૧૩

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૧૧૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | | | | ૬ | | ૯ |
| | ૩ | | ૬ | ૮ | | ૭ | | |
| | ૧ | ૮ | | | ૯ | ૫ | ૪ | |
| | ૬ | ૩ | | ૫ | | | ૨ | ૮ |
| | | ૨ | | | | | ૫ | |
| | | ૧ | | | | ૯ | | |
| ૩ | ૨ | ૪ | ૧ | ૯ | | | ૬ | |
| | | | | ૪ | ૩ | | ૯ | |
| ૫ | | | ૨ | ૬ | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૧૧૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૨ | ૯ | ૫ | ૮ | ૪ | ૬ | ૧ |
| ૮ | ૪ | ૬ | ૩ | ૧ | ૭ | ૫ | ૯ | ૨ |
| ૫ | ૧ | ૯ | ૨ | ૪ | ૬ | ૩ | ૮ | ૭ |
| ૧ | ૯ | ૭ | ૫ | ૮ | ૪ | ૨ | ૩ | ૬ |
| ૪ | ૬ | ૫ | ૧ | ૨ | ૩ | ૯ | ૭ | ૮ |
| ૨ | ૩ | ૮ | ૬ | ૭ | ૯ | ૧ | ૪ | ૫ |
| ૬ | ૮ | ૧ | ૪ | ૯ | ૫ | ૭ | ૨ | ૩ |
| ૯ | ૫ | ૩ | ૭ | ૬ | ૨ | ૮ | ૧ | ૪ |
| ૭ | ૨ | ૪ | ૮ | ૩ | ૧ | ૬ | ૫ | ૯ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૯.૪.૨૦૨૬ બુધવાર, સંવંત ૨૦૮૨, વૈશાખ સુદ તેરસ, હસ્ત નક્ષત્ર, હર્ષણ યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ કન્યા (પ,ઠ,ણ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨


**મેષ** (અ,લ,ઈ) : તબિયતની કાળજી લેવી,ખાવા પીવામાં ખ્યાલ રાખવો, વધુ પડતી દોડધામ ટાળવા સલાહ છે.
**વૃષભ** (બ,વ,ઉ) : સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ગમતી વ્યકિતથી મુલાકાત થાય.
**મિથુન** (ક,છ,ઘ) : તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, આજ દિવસે યોગ્ય નિર્ણય કરી શકો.
**કર્ક** (ડ,હ) : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, મિત્રોની મદદ મળી રહે.
**સિંહ** (મ,ટ) : તમારા યોગ્ય વાણી-વર્તનથી અટકલેલાં કાર્ય પૂર્ણ કરી શકો, સામી વ્યક્તિ પાસેથી કામ લઈ શકો, શુભ દિન.
**કન્યા** (પ,ઠ,ણ) : તમારા ક્ષેત્રમાં તમે આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો, તમારા કાર્યની સરાહના થાય.
**તુલા** (ર,ત) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, કામ કાર્યનો સંતોષ પ્રાપ્ત થાય, યોગ્ય જગ્યા એ નાણાં રોકી શકો.
**વૃશ્ચિક** (ન,ય) : વેપારીવર્ગને મધ્યમ રહે, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, તમારા હક માટે અવાજ ઉઠાવી શકો.
**ધન** (ધ,ભ,ફ,ઢ) : નોકરિયાતવર્ગને ઈચ્છીત કામગીરી મળે, વેપારીવર્ગને લાભ થાય, ધંધા રોજગારમાં સારું રહે, પ્રગતિ થાય.
**મકર** (ખ,જ) : ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવું વાતાવરણ બને, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.
**કુંભ** (ગ,સ,શ) : ભ્રમની સ્થિતિઓમાંથી હવે બહાર આવવાની જરૂર છે, તમે સત્ય સ્વીકારી બુદ્ધિપુર્વક આગળ વધશો તો લાભ થશે.
**મીન** (દ,ચ,ઝ,થ) : આંતરિક જીવનમાં મધ્યમ રહે પણ જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

## વિજેતા ઉમેદવારો

| | |
|---|---|
| વોર્ડ નં. ૧ | અંજના મોરઝરિયા<br>સેજલબેન ચૌધરી<br>જયરાજસિંહ જાડેજા<br>પરેશ ઠાકર |
| વોર્ડ નં. ૨ | દક્ષાબેન વાઘેલા<br>મીનાબા જાડેજા<br>ડો. શૈલેશ વસામી<br>ધૈર્ય પારેખ |
| વોર્ડ નં. ૩ | અલ્પાબેન દવે<br>હિનાબેન બેલાણી<br>અજય મજેઠીયા<br>નરેન્દ્રસિંહ જાડેજા |
| વોર્ડ નં. ૪ | કંકુબેન ઉધરેજા<br>રાજેશ્વરીબેન માલવિયા<br>ભરતભાઈ લીંબાસિયા<br>કાળુભાઈ કુગસીયા |
| વોર્ડ નં. ૫ | રસીલાબેન સાકરિયા<br>સ્મિતાબેન ગોહેલ<br>સંજયભાઈ ચાવડા<br>દિલીપભાઈ લુણાગરિયા |
| વોર્ડ નં. ૬ | ધર્મિષ્ઠાબેન પરમાર<br>પૂનમબેન મોરવાડિયા<br>અનિલભાઈ ચૌહાણ<br>પરેશભાઈ પીપળિયા |
| વોર્ડ નં. ૭ | ખ્યાતિબેન ગોહેલ<br>વર્ષાબેન પાંધી<br>દર્શન પેગ્યાતર<br>નેહલભાઈ શુકલ |
| વોર્ડ નં. ૮ | કિરણબેન માકડિયા<br>રીટાબેન સખિયા<br>પ્રવિણભાઈ સેગલિયા<br>મનીષભાઈ ભટ્ટ |
| વોર્ડ નં. ૯ | જાનકીબેન કાટોળિયા<br>દક્ષાબેન વસાણી<br>રાજુભાઈ અઘેરા<br>જયસુખભાઈ કાથરોટિયા |
| વોર્ડ નં. ૧૦ | નીતાબેન લાલ<br>જ્યોત્સનાબેન ટીલાળા<br>ઘનશ્યામભાઈ હેરભા<br>અશ્વિનભાઈ ભોરણીયા |
| વોર્ડ નં. | ભારતીબેન પાડલિયા<br>મીતલબેન લાઠિયા<br>રક્ષિત કલોલા<br>મહેશભાઈ પીપરિયા |
| વોર્ડ નં. | કિરણબેન હરસોડા<br>જયશ્રીબા જાડેજા<br>પ્રદિપભાઈ ડવ<br>કિશન ટીલવા |
| વોર્ડ નં. ૧૩ | માધવીબેન બદ્રકિયા<br>સોનલબેન સોલારા<br>પંકજભાઈ લુણાગરિયા<br>મોહિતસિંહ જાડેજા |
| વોર્ડ નં. ૧૪ | ચંદાબેન વાળા<br>અરૂણાબેન આડેસરા<br>હિરેન ખીમાણીયા<br>કેતન પટેલ |
| વોર્ડ નં. ૧૫ | નીલેશ હેરભા<br>મનીષાબેન રોજાસરા<br>સુધાબા વાઘેલા<br>મકબુલભાઈ દાઉદાણી |
| વોર્ડ નં. ૧૬ | રસિલાબેન ગરૈયા<br>દિપ્તીબેન સોલંકી<br>અર્જુનભાઈ ચૌહાણ<br>ઈબારામભાઈ સોરા |
| વોર્ડ નં. ૧૭ | કિર્તીબા રાણા<br>રસીલાબેન વૈષ્ણવ<br>કૌશિકભાઈ ટાંક<br>ડો. રિંકલભાઈ મેઘામી |
| વોર્ડ નં. ૧૮ | દક્ષાબેન વાઘેલા<br>ભારતીબેન પરસાણા<br>સંજયભાઈ સાગઠિયા<br>સંજયસિંહ રાણા |

# સૌથી ઓછું મતદાન છતાં વોર્ડ નં.૧માં ભાજપની પેનલની જીત

## ભાજપના ચારેય ઉમેદવાર અંજનાબેન મોરજરિયા, સેજલબેન ચૌધરી, ડો.પરેશ ઠાકર અને જયરાજસિંહ જાડેજાની જીત



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં સરેરાશ ૫૧.૬૦ ટકા જેવું મતદાન થયું હતું. શહેરના વોર્ડ નં. ૧ માં સૌથી ઓછું મતદાન ભાજપ માટે જોખમ ઉભુ કરશે તેવુ માનવામાં આવતું હતું પરંતુ આ ધારણા ખોટી નિવડી છે. વોર્ડ નં. ૧ માં ભાજપના ચારેય કોર્પોરેટરોનો જંગી લીડ સાથે વિજય થયો છે.

વોર્ડ નં. ૧ માં આમ જોવોતો ભાજપે ચારેય નવા ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતાં. પૂર્વ કોર્પોરેટર અંજનાબેન મોરજરિયાને તેઓના પતિ ડો. અલ્પેશભાઈ મોરજરિયાના સ્થાને ટિકિટ આપવામાં આવી હતી. જ્યારે અન્ય ત્રણ ઉમેદવારોમાં સેજલબેન ચૌધરી, ડો. પરેશ ઠાકર અને જયરાજસિંહ જાડેજાને ટિકિટની ફાળવણી કરવામાં આવી હતી. મતદાન દરમિયાન વોર્ડ નં. ૧ માં સૌથી ઓછુ માત્ર ૪૩ ટકા જેટલું જ મતદાન થયું હતું. ત્યારે એવુ માનવામાં આવતું હતું કે, આ મતદાનની ટકાવારી ભાજપ માટે થોડી જોખમ કારક બની શકે છે પરંતુ આજે મતગણતરીના પ્રથમ રાઉન્ડથી જ ભાજપના ચારેય ઉમેદવારોની લીડ પ્રાપ્ત થવા માંડી હતી. જે મતગણતરી સુધી સતત વધતી રહી હતી. ભાજપના ચારેય ઉમેદવારોએ પોતાના નજીકના હરીફ એવા કોંગ્રેસના ઉમેદવાર જલ્પાબેન ગોહેલ, સોનિયાબેન રાવલ, હિતેન્દ્રસિંહ ચુડાસમા અને ગીતાબેન પરમારને પરાજય આપ્યો છે. વોર્ડ નં. ૧ વર્ષોથી ભાજપનો અડીખમ ગઢ રહ્યો છે. શહેર ભાજપ મહામંત્રી અને વા લલીતભાઈ વાડોલિયાના વોર્ડ ગણાતા વોર્ડ નં. ૧ માં ભાજપના ચારેય ઉમેદવારોની જીત બાદ વોર્ડમાં ભવ્ય વિજય સરઘસ નિકળ્યું હતું. જેને વોર્ડવાસીઓએ હોસભેર વધાવી લીધું હતું.



તસવીરઃ શૈલેષ વાડોલિયા

# ભુવા ન ધુણ્યાંઃ વોર્ડ નં.૪માં ભાજપનો જય જયકાર

## કમળના પ્રતિક પરથી ચૂંટણી લડી રહેલા કાળુભાઈ કુગસિયા, ભરતભાઈ લીંબાસિયા, કંકુબેન ઉધરેજા અને રાજેશ્રીબેન માલવિયાનો શાનદાર વિજય



**અબતક, રાજકોટ**

વોર્ડ નં. ૪ માં ભાજપ ચારેય બેઠકો જીતવામાં સફળ થશે નહીં તેવી વાતો પ્રચાર વેળાએ અને મતદાન બાદ થતી હતી વોર્ડ નં. ૪ માં આમ આદમી પાર્ટીના ઉમેદવાર રાહુલ ભુવાનું જોરદાર વજન જોવા મળી રહ્યું છે. જે ભાજપને કારમો પરાજય આપશે તેવી ચર્ચાઓ પણ ચાલી હતી. પરંતુ આજે મતગણતરીમાં તમામ વાત માત્ર ચોરે થતી હતી. પંચાત જેવી જ સાબિત થઈ હતી. વોર્ડ નં. ૪ માં ભાજપના ચારેય ઉમેદવારો જંગી લીડ સાથે વિજેતા બન્યા હતાં. સામાન્ય બેઠક પરથી ચૂંટણી લડી રહેલા આહિર સમાજના યુવા નેતા કાળુ કુગશિયાએ એકલા હાથે આપના રાહુલ ભુવા સહિત આખી પેનલને ટક્કર આપી હતી. અને શાનદાર જીત માટે નિમિત બન્યા હતાં. ભાજપના ઉમેદવાર કાળુભાઈ કુગશિયાને સૌથી વધુ ૧૭,૨૪૪ મત મળ્યા હતાં. જ્યારે પૂર્વ કોર્પોરેટર કંકુબેન ઉધરેજાને ૧૫,૬૨૩ મત મળ્યા હતા. ભરતભાઈ જેસાભાઈ લિંબાસિયાને ૧૪,૭૯૯ મતો પ્રાપ્ત થયા હતાં. જ્યારે ભાજપના ચોથા ઉમેદવાર રાજેશ્વરીબેન મહેશભાઈ માલવિયાને ૧૪,૪૧૯ મત મળ્યા હતાં. આમ આદમી પાર્ટીના ઉમેદવાર રાહુલ ભુવા પણ ૧૧,૯૨૮ મતો મેળવવામાં સફળ રહ્યા હતાં. આપના મજબુત ઉમેદવારના કારણે વોર્ડ નં. ૪ માં ભાજપની પેનલ તુટી રહી હોવાની વાત હવામાં ઓગળી જવા પામી છે.



# છેલ્લી ઘડીએ ટિકિટ લઈ આવેલા નેહલ શુક્લએ વટથી પેનલને જીતાડી

## નેહલ શુક્લ ૯૦૦૦થી વધુ મતોની લીડ સાથે વિજેતા બન્યાંઃ મેયર પદના પ્રબળ દાવેદાર

**અબતક, રાજકોટ**

સામાન્ય રીતે ઉમેદવાર જાહેર કર્યા બાદ ઉમેદવાર બદલવા તે ભાજપની પરંપરા નથી. વોર્ડ નં. ૭ ના પૂર્વ કોર્પોરેટર નેહલભાઈ શુક્લની ટિકિટ કાપી નાખવામાં આવી હતી. દરમિયાન તેઓએ દિલ્હી દરબાર સુધી છેડા લગાવી એક જ રાતમાં પોતાની ટિકિટ ફાઈનલ કરાવી હતી. ઉમેદવારી ફોર્મ ભરવાના ગણતરીના કલાકો અગાઉ ટિકિટ લઈને આવેલા નેહલ શુકલ વટથી આખી પેનલને જીતાડવામાં સફળ રહ્યા છે. સાથો સાથ તેઓની લીડ પણ ૯૦૦૦થી વધુ રહેવા પામી છે.

જૈન સમાજ અને રઘુવંશી સમાજની નારાજગીના પડઘા વોર્ડ નં. ૭ માં પડશે જેની અસર પરિણામ પર દેખાશે તેવી ચર્ચાઓ નકામી હતી તેવું સાબિત થઈ ગયું છે. આજે સવારથી હાથ ધરવામાં આવેલ મતગણતરીની કલાકોમાં વોર્ડ નં. ૭માં ભાજપની આખી પેનલ તોતીંગ લીડ સાથે વિજેતા બની હતી. વોર્ડમાં કુલ ૭૬,૯૪૯ મતો પડ્યા હતાં.



જ્યારે નોટામાં ૪૮૨ મત પડ્યા હતાં. નેહલભાઈ ચિમનભાઈ શુકલને સૌથી વધુ ૧૪૦૨૫ મત પ્રાપ્ત થયા હતાં. જ્યારે જેઓને ભાજપે ફરી ટિકિટ આપી હતી. તે વર્ષાબેન પાધી ૧૩,૩૮૪ મતો ખેંચી લાવ્યા હતાં. અનામત બેઠક પરથી ચૂંટણી લડી રહેલા દર્શનભાઈ હરેશભાઈ પેંગ્યાતરને ૧૩,૨૧૪ મત મળ્યા હતાં. જ્યારે ખ્યાતિબેન કિરીટભાઈ ગોહેલને ૧૪,૦૭૪ મત પ્રાપ્ત થયા હતાં. વોર્ડ નં. ૭ પણ ભાજપનો અડિખમ વોર્ડ માનવામાં આવે છે. અહીં જૈન સમાજ અને રઘુવંશી સમાજની વસ્તી વધુ છે. સાથો સાથ આરએસએસ સાથે જોડાયેલા નેતાઓ પણ વસવાટ કરતા હોય છે. અહીં ટિકિટ મળે એટલે ભાજપની જીત ફાઈનલ તેવુ જ ચિત્ર ઉપસતુ હોય છે. જે આજે ફરી એક વખત ચરીતાર્થ થયું છે.



તસવીરઃ શૈલેષ વાડોલિયા

### વિજયભાઈ રૂપાણીના વોર્ડ તરીકે ઓળખાતા

# ભાજપના ગઢ એવા વોર્ડ નં. ૧૦માં કોંગ્રેસની ‘આભા’ ન ચાલી

## મતદારોનો આભાર માની લોકોએ મુકેલો વિશ્વાસ સાર્થક કરી બતાવવાનો કોલ આપતા વોર્ડ નં. ૧૦ના ભાજપના વિજેતા ઉમેદવાર ઘનશ્યામભાઈ હેરભા, અશ્વિનભાઈ ભોરણિયા, જ્યોત્સનાબેન ટિલાળા અને નીતાબેન લાલ

**અબતક, રાજકોટ**

પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વોર્ડ તરીકે ઓળખાતા એવા ભાજપના અડીખમ ગઢ સમા વોર્ડ નં. ૧૦ માં કોંગ્રેસની હવા હોવાની જે આભા ઉભી કરવામાં આવી હતી તેને મતદારોએ જાકારો આપ્યો છે. વોર્ડ નં. ૧૦ માં ભાજપના ચારેય ઉમેદવારોનો કલ્પનાતીત લીડ સાથે વિજય થયો છે. મતદારોએ મુકેલા વિશ્વાસને ચરિતાર્થ કરવાનું વચન ભાજપના વિજેતા ઉમેદવારોએ આપ્યુ છે.

વોર્ડ નં. ૧૦માં ભાજપે પૂર્વ કોર્પોરેટર અશ્વિનભાઈ ભોરણિયા, આહિર સમાજના અગ્રણી ઘનશ્યામભાઈ હેરભા, પૂર્વ કોર્પોરેટર જ્યોત્સનાબેન ટિલાળા અને નીતાબેન લાલને ટિકિટ આપી હતી સામાપક્ષે કોંગ્રેસે આર.જે. આભા દેસાઈ, ભાર્ગવીબા ગોહિલ, ભાવેશભાઈ ચૌહાણ અને પ્રોફેસર રતિલાલભાઈ ડોબરિયાને ટિકિટ આપી હતી.



આ વોર્ડમાં પ્રચાર દરમિયાન એવી ચર્ચા થતી હતી કે, વોર્ડમાં પેનલ તુટશે અને કોંગ્રેસના બે ઉમેદવાર વિજેતા બનશે ત્યારે બે બેઠકો ભાજપના ફાળે આવશે પરંતુ આજે મતગણતરીના દિવસે ચારેય બેઠકો પર ભાજપના ઉમેદવારો તોતીંગ લીડ સાથે વિજેતા બન્યા છે. અશ્વિનભાઈ ભોરણિયાને ૧૬,૬૦૩ મત, ઘનશ્યામભાઈ હેરભાને ૧૪,૯૦૯ મત, જ્યોત્સનાબેન ટિલાળાને ૧૫,૮૬૨ મત અને નીતાબેન લાલને ૧૪૪૨૭ મતો પ્રાપ્ત થયા છે. જીત બાદ ભાજપના વિજેતા ઉમેદવાર ઘનશ્યામભાઈ હેરભાએ મતદારોનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જનતા જર્નાદને મુકેલો વિશ્વાસ અમે ચરીતાર્ત કરી બતાવશું વોર્ડમાં વિકાસ કામોની હારમાળા સર્જી દેશું.

# વોર્ડ નં. ૧૨માં પણ ભાજપનો ભગવોઃ પૂર્વ મેયર ડો. પ્રદિપ ડવ સહિત આખી પેનલની જીત

**અબતક, રાજકોટ**

વોર્ડ નં. ૧૨ જાળવી રાખવામાં ભાજપ સફળ રહ્યું છે. પૂર્વ મેયર પ્રદિપ ડવની આગેવાનીમાં ભાજપની આખી પેનલ તોતીંગ લીડ સાથે વિજેતા બની છે. આ વોર્ડમાં પણ ક્રોસ વોટિંગના કારણે પેનલ તુટશે તેવો ભય ખુદ આઈબીના રિપોર્ટમાં વ્યક્ત કરવામાં આવ્યો હતો. પરંતુ રાજકોટના સ્માર્ટ મતદારોએ પેનલ ટુ પેનલ મતદાન કર્યુ હતું. જેના કારણે આજે વોર્ડની આખી પેનલ વિજેતા બની છે. લોકોએ મુકેલો વિશ્વાસ એળે નહીં જવા દઈએ તેવી ખાતરી ચારેય વિજેતા ઉમેદવારોએ આપી છે.

વોર્ડ નં. ૧૨માં ભાજપે પૂર્વ મેયર ડો. પ્રદિપ ડવની આગેવાનીમાં પેનલ ઉતારી હતી. જેમાં યુવા



## ભાજપના ઉમેદવાર પ્રદિપ ડવ ઉપરાંત કિશન ટિલવા, કિરણબેન હરસોડા અને જયશ્રીબા જાડેજાનો શાનદાર વિજય

ભાજપના પૂર્વ પ્રમુખ કિશન જયસુખભાઈ ટિલવાને પણ ટિકિટ આપવામાં આવી હતી. જ્યારે કિરણબેન વી. હરસોડા અને જયશ્રીબા દસરથસિંહ જાડેજાને ટિકિટ આપી હતી. આજે મતગણતરીમાં પ્રથમ રાઉન્ડથી જ ભાજપના ચારેય ઉમેદવારોને લીડ મળી ચુકી હતી. જે છેલ્લા રાઉન્ડ સુધી જળવાઈ રહેવા પામી હતી. પૂર્વ મેયર ડો. પ્રદિપભાઈ ડવને ૧૭૩૨૨ મત, કિરણબેન હરસોડાને ૧૭૫૬૦ મત, કિશનભાઈ ટિલવાને ૧૬૧૯૦ મત, જયશ્રીબા દસરથસિંહ જાડેજાને ૧૫૫૪૧ મત મળ્યા હતાં. આ વોર્ડના ચારેય ઉમેદવારો વિજેતા બન્યા છે.

# પાંચ વર્ષથી વિખુટા યુવાનને સોશિયલ મીડિયાની મદદથી શોધી પરિવાર સાથે મિલન કરાવતી પોલીસ

## ભવાનીનગરમાં રહેતાં યુવકે પ્રેમલગ્ન કરી લીધાં બાદ માતા ઠપકો આપશે તેવા ભયથી ઘર છોડી દિધું'તું : એલસીબી ઝોન-૨ ની ટીમે ઈન્સ્ટાગ્રામ આઈડી આધારે ગાંધીનગરથી શોધી લીધો

### પુત્ર અને નિરાધાર માતા-બહેનનું મિલન થતાં લાગણીસભર દ્રશ્યો સર્જાયા : પીએસઆઈ આર.એચ.ઝાલા અને ટીમનો આભાર માન્યો

**અબતક, રાજકોટ**

ભવાનીનગરમાંથી પાંચ વર્ષથી ગુમ યુવકને સોશીયલ મીડિયાના આધારે શોધી પોલીસે પરીવાર સાથે મિલન કરાવતાં લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતાં. યુવકે પ્રેમલગ્ન કરી લીધાં હોવાથી માતા ઠપકો આપશે તેવા ભયથી ઘર છોડી દિધું હતું. એલસીબી ઝોન-૨ ની ટીમે ઈન્સ્ટાગ્રામ આઈડી આધારે ગાંધીનગરથી યુવકને શોધી કાઢતા પરીવારે પોલીસનો આભાર માન્યો હતો.



પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી રાકેશ દેસાઈ દ્વારા વર્ષ-૨૦૦૭ થી ગુમ થયેલ વ્યકિતઓ/બાળકો તેમજ અપહરણ થયેલને શોધી કાઢી અસરકારક કામગીરી કરવાની આપેલ સુચનાથી એલસીબી ઝોન-૨ પીએસઆઈ આર.એચ.ઝાલા અને ટીમે ટેકનીકલ તથા હ્યુમન સોર્સથી અપહરણ તથા ગુમ થયેલ વ્યકિતઓ/બાળકોને શોધી કાઢવા પ્રયત્નશીલ હોય દરમ્યાન ભકિતનગર પોલીસ મથકમાંથી ગુમ થનાર ઈકબાલ સાહીદભાઈ કથીરી ગઈ તા.૧૨/૦૯/૨૦૨૧ થી છેલ્લા પાંચેક વર્ષથી ગુમ થયેલ છે.

જેથી ગુમ થનારની માહિતી એકત્ર કરી ટેકનીકલ સોર્સ દ્વારા ગુમ થનાર ઈકબાલ સાહીદભાઈ કથીરી (ઉ.વ.૨૮) ગાંધીનગર કોબા ખાતે હોવાની હકિકત મળતા ગુમથનારને શોધી કાઢી તેમની માતા તથા તેના પરીવાર સાથે મિલન કરાવતાં લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતાં.

વધુમાં ગુમ થનાર યુવકને શોધી કાઢનાર ટીમના પીએસઆઈ આર.એચ.ઝાલાએ જણાવ્યું હતું કે, પાંચ વર્ષ પહેલા ગુમ થયેલ બાળક અંગે અમારી ટીમે તપાસ આદરી હતી ત્યારે સોશિયલ મીડિયા મારફતે પણ ટીમે આગળ વધતા ઈન્સ્ટાગ્રામ આઈડીમાં એક મળેલ પોસ્ટના આધારે તેના મોબાઈલ નંબર શોધી કાઢ્યા હતા. જે મોબાઈલ હાલ ગાંધીનગરના કોબામાં એક્ટિવ હોવાનું મળતા ટીમે તુરંત જ ત્યાં જઈ યુવકને શોધી કાઢ્યો હતો. યુવક હાલ ત્યાં પ્લમ્બિંગનું કામ કરતો હતો. તેમજ પાંચ વર્ષ પહેલા તેમણે પ્રેમ લગ્ન કરી લીધા હોવાથી તેમની માતા તેમને ઠપકો આપશે તેવા ભયથી તે ઘરેથી નીકળી ગયો હતો અને ગાંધીનગર સ્થાઈ થઈ ગયો હતો. પુત્ર અને માતાના મિલનથી લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા અને પોલીસ પરિવારનો નિરાધાર માતાએ આભાર માન્યો હતો.

# અકસ્માતના મૃત્યુ કેસમાં રૂ.૩૯ લાખનું વળતર ચૂકવવા હુકમ

## ઓખા નજીક ટ્રકની ઠોકરે રીક્ષા ચાલકનું મોત નીપજતા વારસોએ વળતર મેળવવા દાદ માંગી તી

**અબતક, રાજકોટ**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા નજીક ટ્રક અને રિક્ષા વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં રીક્ષા ચાલકનું મોત નીપજવાના બનાવમાં મૃતકના વારસદારને ૩૯ લાખનું વળતર ચૂકવવા અદાલતે હુકમ કર્યો છે વધુ વિગત મુજબ દ્વારકા ખાતે રહેતા મોસીનભાઈ અજીજભાઈ બાલાગામીયા નામના યુવાન ગત તારીખ ૨૬ ૧૧ ૨૩ ના રોજ પોતાની રિક્ષા લઈ શિવરાજપુર ગામેથી ઓખા તરફ જઈ રહ્યા હતા ત્યારે રોંગ સાઈડમાં પુરપાટ ઝડપે આવતા ટ્રકે રીક્ષાને હડફેટે લેતા જેમાં મોસીનભાઈ બાલાગામિયાનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. આ બનાવમાં મૃતક મોસીનભાઈના વારસો દ્વારા રાજકોટની મોટર અકસ્માત અદાલતમાં ટ્રકના માલિક અને વીમા કંપની સામે વળતર મેળવવા માટે અરજી દાખલ કરી હતી જે કેસની સુનાવણી ચાલવા.પર આવતા જેમાં મૃતકના વારસો દ્વારા રજુ કરવામાં આવેલા પુરાવા અને મૃતક ઉપર પરિવારની જવાબદારી હોય સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ અદાલતે મૃતકના વારસદારોને રૂપિયા ૩૯ લાખનું વળતર ચૂકવવાનો કંપનીને હુકમ કર્યો છે. આ કામમાં મૃતક મોસીનભાઈ બાલાગામિયાના વારસો વતી રાજકોટ અકસ્માત કાયદાના નિષ્ણાત એડવોકેટ કલ્પેશ વાઘેલા, અર્જુન ડી કારીયા અને કરણ ડી કારીયા રોકાયા હતા.

**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**વિવિધ ઈલેક્ટ્રિકલ પમ્પ્સનું સમારકામ અને જાળવણી કામ**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૬-૨૦૨૭/૦૬ (ઈએલ)**
**તારીખ : ૨૪.૦૪.૨૦૨૬**

**કામનું નામઃ** રાજકોટ ડિવિઝન પર ૩ વર્ષ માટે વિવિધ ઈલેક્ટ્રિકલ પમ્પ્સનું સમારકામ અને જાળવણી કામ. **અંદાજિત પડતરઃ** ₹ ૭૧,૮૪,૪૬૫.૫૦/-, **ઈએમડી ખર્ચઃ** ૧,૪૩,૭૦૦/-, **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૧૮-૦૫-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત : www.ireps.gov.in**
RJT-008
અમને ફોલો કરો: X x.com/WesternRly

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
શ્રી ચીમનભાઈ પટેલ વિકાસ ભવન, જામનગર રોડ, રાજકોટ,

**જાહેર નોટીસ**

**સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૫૬(ખોખળદળ-વડાળી)**

આથી, હિત સબંધ ધરાવનાર વ્યક્તિઓને જાણ કરવામાં આવે છે કે, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૩/૦૯/૨૦૨૫ ની બોર્ડ બેઠક નં.૧૭૮ના ઠરાવ નં.૨૦૩૮થી અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૧૬ હેઠળ સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૫૬(ખોખળદળ-વડાળી)નો રૂડાએ બનાવવા ઈરાદો જાહેર કરેલ છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧)ની જોગવાઈ હેઠળ સદરહું યોજના નં.૫૬(ખોખળદળ-વડાળી)નો સૂચિત મુસદો ઘડીને યોજનાની જોગવાઈઓ પાર પાડવા માટેના નિયમોને આનુસાંગિક યોજનાનો મુસદો ઘડવામાં આવેલ છે.

પ્રસ્તુત સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૫૬(ખોખળદળ-વડાળી)માં નીચે પ્રમાણેના રેવન્યુ સર્વે નંબરો સમાવેશ થાય છે.

મોજે:ખોખડદળ ૧ પૈકી, ૫૦ પૈકી, ૭૫/૧, ૭૬ પૈકી, ૭૭ પૈકી, ૭૮/૧ પૈકી, ૭૮ પૈકી, ૭૮/૨ પૈકી, ૭૮/૩, ૭૯, ૮૦ પૈકી, ૮૧ પૈકી, ૮૨/૧, ૮૨/૨, ૮૩ પૈકી, ૮૪/૧, ૮૪/૨/પૈકી, ૮૫ પૈકી, ૮૬, ૮૭ પૈકી, ૮૮, ૮૯ પૈકી, ૯૦/૧ પૈકી, ૯૦/૨, ૧૧૬, ૧૧૭ પૈકી, ૧૧૮પૈકી, ૧૧૯ પૈકી, ૧૨૨ પૈકી, ૧૨૪ પૈકી, ૧૨૫, ૧૨૬ પૈકી, ૧૨૭, ૧૨૮ પૈકી, ૧૨૯, ૧૩૦ પૈકી, ૧૩૧ પૈકી, ૧૩૨, ૧૩૩/૧/૧, ૧૩૩/૧/૨ પૈકી, ૧૩૪ પૈકી, ૧૩૫ પૈકી, ૧૩૬ પૈકી, ૧૩૭/૧, ૧૩૭/૨ પૈકી, ૧૩૮, ૧૩૯, ૧૪૧/૧પૈકી, ૧૪૧ પૈકી, ૧૪૪ પૈકી, ૧૪૫/૧, ૧૪૫/૨, ૧૪૫/૩, ૧૪૫/૩, ૧૪૫/૪, ૧૪૫/૫, ૧૪૬/૧ પૈકી, ૧૮૨/૧/૧, ૧૮૨/૧/૨, ૧૮૨/૧/૩, ૧૮૨/૨, ૧૮૩/૧પૈકી, ૧૮૩/૨પૈકી, ૧૮૩/૩, ૧૮૪/૧પૈકી, ૨૬૩ પૈકી, ૨૬૪ પૈકી તથા સરકારશ્રીની માલિકીના રે.સર્વે નં. ૧૮૪/૨, ૨૬૪ પૈકીની પડતર જમીનનો સમાવેશ થાય છે.

મોજે:વડાળી રે.સર્વે નં.૨૭૮/પૈકી ૧નો સમાવેશ થાય છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમો-૧૭ની જોગવાઈ હેઠળ સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૫૬(ખોખળદળ-વડાળી)ના મુસદાની સૂચિત દરખાસ્તોની સમજણ આપવા તથા સલાહ સૂચનો મેળવવા માટે યોજના વિસ્તારમાં સમાવેશ થતા તમામ જમીનના માલિકો તથા હિત સબંધ ધરાવતા વ્યક્તિઓને વ્યક્તિગત નોટીસ આપવામાં આવેલ છે. તેમ છતાં સરનામાના અભાવે કે અન્ય કોઈ કારણોસર સબંધિત વ્યક્તિઓને ઉક્ત નોટીસ મળેલ ન હોય તો પણ ઉપરોક્ત યોજના વિસ્તારના જમીન માલિકોએ નીચેની વિગતે સ્થળે, સમયે અને તારીખે જમીનોના માલિકોની સભામાં ઉપસ્થિત રહેવા આથી જાણ કરવામાં આવે છે.

| તારીખ | વાર | સર્વે નં | સમય | સભાનું સ્થળ |
|---|---|---|---|---|
| ૦૭/૦૫/૨૦૨૬ | ગુરુવાર | ૧ પૈકી, ૫૦ પૈકી, ૭૫/૧, ૭૬ પૈકી, ૭૭ પૈકી, ૭૮/૧ પૈકી, ૭૮ પૈકી, ૭૮/૨ પૈકી, ૭૮/૩, ૭૯, ૮૦ પૈકી, ૮૧ પૈકી, ૮૨/૧, ૮૨/૨, ૮૩ પૈકી, ૮૪/૧, ૮૪/૨/પૈકી, ૮૫ પૈકી, ૮૬, ૮૭ પૈકી, ૮૮, ૮૯ પૈકી, ૯૦/૧ પૈકી, ૯૦/૨<br>૧૧૬, ૧૧૭ પૈકી, ૧૧૮પૈકી, ૧૧૯ પૈકી, ૧૨૨ પૈકી, ૧૨૪ પૈકી, ૧૨૫, ૧૨૬ પૈકી, ૧૨૭, ૧૨૮ પૈકી, ૧૨૯, ૧૩૦ પૈકી, ૧૩૧ પૈકી, ૧૩૨, ૧૩૩/૧/૧, ૧૩૩/૧/૨ પૈકી, ૧૩૪ પૈકી, ૧૩૫ પૈકી, ૧૩૬ પૈકી, ૧૩૭/૧, ૧૩૭/૨ પૈકી, ૧૩૮, ૧૩૯, ૧૪૧/૧પૈકી, ૧૪૧ પૈકી<br>૧૪૪ પૈકી, ૧૪૫/૧, ૧૪૫/૨, ૧૪૫/૩, ૧૪૫/૩, ૧૪૫/૪, ૧૪૫/૫, ૧૪૬/૧ પૈકી, ૧૮૨/૧/૧, ૧૮૨/૧/૨, ૧૮૨/૧/૩, ૧૮૨/૨, ૧૮૩/૧પૈકી, ૧૮૩/૨પૈકી, ૧૮૩/૩, ૧૮૪/૧પૈકી, ૨૬૩ પૈકી, ૨૬૪ પૈકી તથા સરકારશ્રીની માલિકીના રે.સર્વે નં. ૧૮૪/૨, ૨૬૪<br>મોજે:વડાળી રે.સર્વે નં.૨૭૮/પૈકી ૧ | સવારે ૧૦.૩૦ કલાકે | રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ, શ્રી ચીમનભાઈ પટેલ વિકાસ ભવન, પ્રથમ માળ, ઓડીટોરીયમ, જામનગર રોડ, રાજકોટ, |

સદરહું સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૫૬(ખોખળદળ-વડાળી)ને લગતું તમામ સાહિત્ય, વિગતો પ્રસ્તુત સભામાં રજુ કરીને સમજાવવાની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ

માહિતી -રાજ-૭૧-૨૬-૨૭

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટિવ ન્યૂઝ
અબતક
સાંધ્ય દૈનિક

# વાર્ષિક લવાજમ યોજના

૦૧-૦૫-૨૦૨૬ થી ૩૦-૦૪-૨૦૨૭

**યોજના નં. ૧**
લવાજમ
રૂ.૧૧૧૧/-




બ્રાન્ડેડ પરફ્યુમ અને ડીયોડ્રન્ટ

**યોજના નં. ૨**
લવાજમ
રૂ.૧૨૨૫/-




પ્રીમીયમ ૧ કિલો ચા

**વિશેષ નોંધઃ**
(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

લવાજમ ભરવાનું સ્થળઃ અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.
આજે જ સંપર્ક કરો : MO:- +91 70481 30001, 0281- 2461234

## પ્યાસીઓ ચેતજો...

# મોંઘી બોટલ અને સસ્તો શરાબ: પ્રિયદર્શની સોસાયટીમાંથી દારૂની ફેકટરી ઝડપાઈ

### ખનક બ્યુટીપાર્લરમાં હિતેષ વાજા અને વામ્બે આવાસનો જિતેન્દ્રસિંહ રાણા સાથે મળી રાજસ્થાનથી સસ્તો દારૂ લઈ આવી બ્રાન્ડેડ બોટલમાં દારૂ ભરી ડબલ ભાવે વેંચતા'તાં

**અબતક,રાજકોટ**

મોંઘી બોટલમાં સસ્તો દારૂના ખેલનો પોલીસે પર્દાફાશ કર્યો છે. પ્રિયદર્શની સોસાયટીમાંથી શરાબની મીની ફેકટરી પકડી એક શખ્સની એલસીબી ઝોન-૨ ની ટીમે તપાસ આદરી હતી. ખનક બ્યુટીપાર્લરમાં હિતેષ વાજા અને વામ્બે આવાસનો જિતેન્દ્રસિંહ રાણા સાથે મળી રાજસ્થાનથી સસ્તો દારૂ લઈ આવી બ્રાન્ડેડ બોટલમાં દારૂ ભરી ડબલ ભાવે વેંચતા હતાં.

દરોડાની વિગત મુજબ, એલસીબી ઝોન-૨ પીએસઆઈ આર.એચ.ઝાલા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે એએસઆઈ હરપાલસિંહ જાડેજા, જે.વી. ગોહિલ, હેડ કોન્સ્ટેબલ શકિતસિંહ ઝાલા, કોન્સ્ટેબલ કુલદીપ સિંહ રાણા અને તાલુકા પોલીસ મથકના કોન્સ્ટેબલ કિંજલબેનને ૧૫૦ ફુટ રીંગ રોડ ઓમ નગર સર્કલ ૪૦ નો રોડ પ્રિયદર્શની સોસાયટી શેરી નં. ૧ ખનક બ્યુટી પાર્લર વાળા મકાનમાં હિતેષ કાનજી વાજાએ

વિદેશી દારૂનો જથ્થો ઉતારી વેચાણ કરે છે તેવી ચોકકસ બાતમી મળતા ટીમે દરોડો પાડ્યો હતો.

બાતમી વાળા મકાનમાં જઈ હિતેષ કાનજી વાજા (ઉ.વ.૩૮, રહે. ભોલેનાથ શેરી નં.૪ ત્રિવેણીનગર ની બાજુમાં અંકુર મેઈન રોડ મવડી) ની અટક કરી મકાન બાબતે પુછતા પોતાના બેન આશાબેન જયેશ રાઠોડનું મકાન છે અને પોતે કબ્જો ધરાવતો હોવાનું જણાવેલ હતું. બે માળના મકાનમાં પ્રવેશ કરતા રૂમમાં આવેલ સેટી તથા કબાટ વચ્ચે ઝબલા, પ્લાસ્ટીક બાચકુ તથા બોકસ પડેલ હોય જે ખોલી જોતા તેમાંથી વિદેશી દારૂની કાચની બોટલો જોવામાં આવતા આરોપીની ધરપકડ કરી દારૂની ૩૮ રૂ.૪૧ હજાર તેમજ એન્ટીકયુટીવ બ્લુ અલ્ટ્રા પ્રિમિયમ વ્હીસ્કીની ખાલી બોટલો નંગ-૫, ઢાંકણા નંગ-૧૪, બ્લેન્ડર્સ પ્રાઈડની ખાલી બોટલો નંગ-૧૦ તથા ઢાંકણા નંગ-૧૧ મળી તમામ મુદામાલ કબ્જે કર્યો હતો.

### એલસીબી ઝોન-૨ ની ટીમનો દરોડો: ખાલી અને ભરેલ બોટલ સહિતનો મુદામાલ જપ્ત, હિતેષની ધરપકડ, જીતેન્દ્રસિંહ ફરાર

પોલીસે આરોપીને દારૂ બાબતે પુછપરછ કરતા જણાવેલ કે, પોતાના બેન આશાબેનના મકાનનો કબ્જો ધરાવતો હોય અને તેના મિત્ર જિતેન્દ્રસિંહ પ્રવિણસિંહ રાણા (રહે. વામ્બે આવાસ યોજના કવાર્ટર કાલાવાડ રોડ) ગઈકાલ સાંજના સમયે દારૂનો જથ્થો વેચાણ માટે આપી ગયેલ હોવાનું જણાવેલ હતું. તેમજ પોતાને ઘણા વર્ષોથી લીવરની બિમારી હોય તેમજ દસેક દિવસ પહેલા અંકુર રોડ ઉપર એકટીવા સ્લીપ થઈ જતા જમણા હાથે ફ્રેકચર થયેલ હોવાનું જણાવેલ હતું.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, ફરાર આરોપી જીતેન્દ્રસીંહ રાજસ્થાનથી નબળી બ્રાન્ડનો દારૂ લઈ આવતો અને અહીં બંને ભેગા મળી મોંઘી બ્રાન્ડેડ દારૂની બોટલમાં દારૂ ભરી ઊંચા ભાવે વેંચતા હતાં. હાલ પોલીસે જિતેન્દ્રસિંહની શોધખોળ આદરી છે.

# માલવિયા ચોક પાસે આરએનબીના મહિલા કર્મચારીનો આપઘાત

### ''હું મારી જાતે આત્મહત્યા કરૂં છું કોઈનો વાંક નથી'' સ્યુસાઈડ નોટ લખી ફાસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**અબતક, રાજકોટ**

શહેરના મધ્યમાં આવેલા માલવિયા ચોક પાસેના સરકારી કવાર્ટરમાં પરિણીતાએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા ચકચાર મચી ગઈ છે. પોલીસે ઘટનાસ્થળેથી એક સુસાઈડ નોટ કબજે કરી છે, જેમાં તેમણે પોતાની મરજીથી આ પગલું ભર્યું હોવાનું જણાવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, માલવિયા ચોક પાસે આવેલા આર એન્ડ બી બિલ્ડિંગના ગવર્મેન્ટ કવાર્ટર (જી-૨) માં રહેતા હીનાબેન સૌરભભાઈ ડોડીયા (ઉ.વ. ૩૦)

તેમણે પંખાના હૂંકમાં દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો.જ્યારે તેમના પતિ નોકરીએથી પરત આવ્યા ત્યારે પત્નીને લટકેલી હાલતમાં જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. તાત્કાલિક ૧૦૮ મારફતે તેમને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.પોલીસની પ્રાથમિક તપાસમાં હીનાબેન દ્વારા લખાયેલી એક ચિઠ્ઠી મળી આવી છે.જેમાં ''હું મારી જાતે રાજીખુશીથી આત્મહત્યા કરું છું, કોઈનો વાંક નથી.'' પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક હીનાબેન આરએનબી. વિભાગમાં કલાર્ક તરીકે નોકરી કરતા હતા, જ્યારે તેમના પતિ ખાનગી કંપનીમાં ફરજ બજાવે છે. હજુ સુધી આપઘાત પાછળનું સચોટ કારણ બહાર આવ્યું નથી. આ બનાવને પગલે ડોડીયા પરિવારમાં ભારે ગમગીની છવાઈ ગઈ છે. હાલ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ. જે. સોલંકીએ વધુ તપાસ હાથ ધરી છે.

# મહાપાલિકાની ચૂંટણીમાં વકીલોનો દબદબો, કમળના નિશાન પર નવનો ભવ્ય વિજય

## અદાલતમાં દલીલબાજી કરતા એડવોકેટો મહાપાલિકામાં પ્રજાના પ્રાણ પ્રશ્નોનો અવાજ ઉઠાવશે

### પ્રદેશ ભાજપના લીગલ સેલના સહ સંયોજક અનિલભાઈ દેસાઈ, શહેર લીગલ સેલના કન્વીનર પિયુષભાઈ શાહ સહકન્વીનર કમલેશભાઈ ડોડીયાએ સત્તા, સંગઠનનો અને પ્રજાનો માન્યો આભાર

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં કમળના નિશાન પર નવ એડવોકેટ અને બે એડવોકેટ પરિવારના સભ્યો મળી ૧૦ લોકોનો જવલંત વિજય થયો છે. વકીલો દલીલ બાજીની સાથે પ્રજાના પ્રાણ પ્રશ્નનો ઉઠાવી અને અસિલોને જેમ ન્યાય અપાવે છે તેવી જ રીતે પ્રજાના વિકાસ કાર્યોમાં ભાગીદાર બનવાનો યસ પ્રાપ્ત થશે આટકે ભાજપ લીગલ સેલ દ્વારા સત્તા અને સંગઠન તેમજ મતદારોનો આભાર માન્યો છે. ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા નવ એડવોકેટ અને એડવોકેટ પરિવારના બે સભ્યોને ટિકિટ આપી હતી જેમાં તમામ ઉમેદવારોનો વિજય થયો છે

(૧) ડો. પ્રદીપભાઈ ડવ (૨) ડો. પરેશભાઈ ઠાકર (૩) રક્ષિતભાઈ કલોલા (૪) મનીષભાઈ ભટ્ટ (૬) કિશનભાઈ ટીલવા (૭) ઘનશ્યામભાઈ હેરભા (૮) જયરાજસિંહજી (૯) કૌશિકભાઈ ટાંક ઉપરાંત એડવોકેટ દિપકભાઈ દવેના પત્ની અલ્પાબેન દવે, વોર્ડના



જનસંઘના સમયના વરિષ્ટ અગ્રણી સ્વ. જયેન્દ્રભાઈ ગોહેલના પુત્રવધૂ અને એડવોકેટ કિરીટભાઈ ગોહેલના પત્ની ખ્યાતિબેન ગોહેલ સહિત ઉમેદવારો જંગી બહુમતીથી વિજયી બનેલા છે. ભાજપના લીગલ સેલ દ્વારા પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી,રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી,ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અને પ્રભારી અનિરુદ્ધભાઈ દવે, શહેર ભાજપના પ્રમુખ ડો. માધવભાઈ દવે, સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરિયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ,ડો.દર્શીતાબેન શાહ,રમેશભાઈ ટીલારા અને ભાનુબેન બાબરીયા સહિત ના સૌ અગ્રણીઓનો પ્રદેશ ભાજપ લીગલ સેલના સહ સંયોજક અનિલભાઈ દેસાઈ, શહેર ભાજપના લીગલ સેલના કન્વીનર પિયુષભાઈ શાહ અને સહ કન્વીનર કમલેશભાઈ ડોડીયાએ તમામ એડવોકેટોનો વિજય થતા મતદારો આભાર વ્યક્ત કરી વકીલ સમુદાયમાં આનંદની લાગણી અનુભવી રહ્યા છે.

# રાણાવાવ તાલુકા પંચાયતની તમામ બેઠકો પર કમળ ખીલ્યું

**અબતક, પુજા થાનકી, પોરબંદર**

પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે યોજાયેલી મતગણતરીની પ્રક્રિયા આજે, તા. ૨૮ એપ્રિલે શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ છે. સવારે શરૂ થયેલી મતગણતરી જિલ્લાભરના વિવિધ નિયત કેન્દ્રોમાં નિયમ અનુસાર હાથ ધરવામાં આવી હતી.

પોરબંદર મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાના વોર્ડોની પેટાચૂંટણીઓ માટેના મતોની ગણતરી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર એસ.ડી. ધાનાણીના માર્ગદર્શન હેઠળ તથા નિવાસી અધિક કલેકટર રેખાબા સરવૈયાના સંકલનમાં સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. અને વિજેતાઓની જાહેરાત કરીને તેમને તે અંગેના પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

આ સમગ્ર પ્રક્રિયામાં પ્રાંત અધિકારીઓ, રિટર્નિંગ ઓફિસરો (આરઓ) તેમજ ચૂંટણી કાર્યમાં જોડાયેલા અધિકારીઓ અને કર્મચારીઓની ટીમો દ્વારા સઘન અને સુવ્યવસ્થિત કામગીરી કરવામાં આવી હતી. મતગણતરી દરમિયાન દરેક કેન્દ્રો પર યોગ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પોરબંદર મહાનગર પાલિકાની મતગણતરી માટે સરકારી પોલીટેકનિક કોલેજ ખાતે મીડિયા સેન્ટર ઊભું કરીને વિશાળ એલઈડી સ્ક્રીન ગોઠવવામાં આવી હતી, જેના માધ્યમથી લાઈવ આંકડાઓ જાહેર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, મતગણતરીની માહિતી વ્યાપક રીતે જનતા સુધી પહોંચે તે માટે તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી.

પરિણામો ની જો વિગતવાર વાત કરીએ તો પોરબંદર મહાનગર પાલિકા ના ૧૩ વોર્ડ ની ૫૨ સીટો પર ભાજપ નો ભગવો લહેરાયો છે તમામ સીટ પર ભાજપ ની પેનલ જ વિજય બની છે તો રાણાવાવ તાલુકા પંચાયત ની તમામ એટલે કે ૧૪ બેઠક પર પણ ભાજપ ના જ ઉમેદવાર ની જીત થઈ છે પોરબંદર તાલુકા પંચાયત માં પણ ૧૮ સીટ માંથી ૧૬ સીટ ભાજપ ના ફાળે ગઈ છે અને એક સીટ પર કોંગ્રેસ તેમજ એક સીટ પર આમ આદમી પાર્ટી ના ઉમેદવાર વિજય બન્યા છે કુતિયાણા તાલુકા પંચાયત માં પણ ૧૫ માંથી ૧૪ સીટ પર ભાજપ ના ઉમેદવારો ની જીત થઈ છે અને પોરબંદર જિલ્લા પંચાયત માં પણ તમામ એટલે કે ૧૬ બેઠક પર ભાજપ ના ઉમેદવારો વિજય બન્યા છે.

# ભાજપના વોર્ડ નં.-૧૧ ના ઉમેદવારોની જીતની ફટાકડા ફોડી ઉજવણી : નિયમોનો ઉલાળીયો ?

### જાહેર રસ્તા પર નહીં મેદાનમાં ફટાકડા ફોડ્યા હોય જાહેરનામાનો ભંગ થતો નથી : પોલીસનું નિવેદન

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાપાલિકાની ચૂંટણીને લઈ આજરોજ મતગણતરી બાદ વિજેતા ઉમેદવારો અને તેના કાર્યકરો દ્વારા જીતની ઉજવણી કરવામાં આવી હતી. શહેર પોલીસ કમિશનરે ગઈકાલે જાહેરનામુ બહાર પાડી વિજય સરઘસ દરમિયાન ફટાકડા ફોડી ઉજવણી કરવા પર પ્રતિબંધ મૂકયો હતો. ત્યારે આ ભાજપે ફટકાડા ફોડી ઉજવણી કરતા આ બાબતે પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ફટાકડા મેદાનમાં ફોડવામાં આવ્યા છે. જેથી નિયમનો ભંગ થતો નથી.

રાજકોટ મહાપાલિકાની ચૂંટણીને આજે સવારથી મતગણતરી શરૂ થયા બાદ પરિણામ જાહેર થતા વિજેતા ઉમેદવારો અને તેના સમર્થકો દ્વારા જીતની ઉજવણી કરવામાં આવી હતી. શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા વિજય સરઘસ દરમિયાન જાહેર રસ્તા પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ



મુકવામાં આવ્યો છે.આ નિયમનો ભંગ કરવા બદલ જાહેરનામા ભંગ અંગેની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવું જાહેરનામામાં જણાવાયુ હતું. દરમિયાન આજરોજ વોર્ડ નં. ૧૧ માં ભાજપના ઉમેદવાર મહેશભાઈ પીપરીયા, રક્ષિત કલોલા, મિતલરેન લાઠીયા, ભારતીબેન પાડલીયા વિજેતા બનતા વિજય થયેલા ઉમેદવારો અને તેના સમર્થકો દ્વારા જીતની ઉજવણી કરવામાં આવી હતી. દરમિયાન તેમણે ફટાકડા ફોડયા હતાં. જેથી ભાજપના ઉમેદવારોએ નિયમોનું ઉલ્લંઘન કરી ફટાકડા ફોડયા હોવાનીચર્ચા શરૂ થઈ હતી.

આ બાબતે પોલીસ અધિકારીનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યું હતું કે, જાહેરનામા મુજબ જાહેર રસ્તા પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જયારે આ કિસ્સામાં ફટાકડા જાહેર રસ્તા પર નહીં પરંતુ મેદાનમાં ફોડવામાં આવ્યા છે જેથી જાહેરનામાનો ભંગ થતો નથી.

# કોલંબીયામાં ૮૦ હિપ્પોને મોતના મુખમાંથી બચાવવા અનંત અંબાણીની અપીલ

### ૮૦ હિપ્પોને લાવી વનતારામાં કાયમી આશ્રય માટે કોલંબીયા સરકારને કરી ઓફર

**અબતક,રાજકોટ**

કોલંબિયાની મેગડાલેના નદીના પટમાં રહેતા ૮૦ હિપ્પોપોટેમસને મારવાનો આદેશ આપવામાં આવ્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અને વિશ્વના સૌથી મોટા વન્યજીવ બચાવ, સંભાળ અને સંરક્ષણ કેન્દ્રોમાં સ્થાન ધરાવતા વનતારાના સ્થાપક અનંત મુકેશ અંબાણીએ કોલંબિયા સરકારને વિનંતી કરી છે કે તેઓ આ નિર્ણય પર પુનર્વિચાર કરે અને માનવીય વિકલ્પ અપનાવે: સુરક્ષિત અને વૈજ્ઞાનિક પદ્ધતિથી સ્થળાંતર થકી આ ૮૦ પ્રાણીઓને જામનગર, ગુજરાતમાં આવેલા વનતારામાં કાયમી આવાસ પૂરો પાડશે.

કોલંબિયાના એન્વાયર્મેન્ટ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ મિનિસ્ટર ઈરેન વેલેઝ ટોરેસને સંબોધેલા એક પત્રમાં આ અપીલ કરવામાં આવી છે, જેમાં દરેક તબક્કે કોલંબિયન સત્તાવાળાઓના નિર્દેશન અને મંજૂરી હેઠળ સંપૂર્ણ સંસાધનોથી સજ્જ એક માનવીય વિકલ્પની ઓફર કરવામાં આવી છે. આ પગલું પ્રાણી કલ્યાણ અને સંરક્ષણ પ્રત્યે અંબાણીની વર્ષો જૂની પ્રતિબદ્ધતાને પણ પ્રતિબિંબિત કરે છે, જેના માટે તેઓ 'ગ્લોબલ હ્યુમેન એવોર્ડ' મેળવનારા સૌથી નાની વયના અને પ્રથમ એશિયન બન્યા છે. આ પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રાણીઓ અને લોકો માટે પરિવર્તનકારી વૈશ્વિક પ્રભાવ પાડવા બદલ આપવામાં આવે છે. અનંત મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે, આ ૮૦ હિપ્પોએ જાતે જન્મસ્થળ પસંદ નથી કર્યું, એટલું જ નહીં અત્યારે જે પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે તે તેમણે ઊભી કરી નથી. તેઓ જીવંત અને સંવેદનશીલ પ્રાણીઓ છે.

વનતારાએ કોલંબિયાના સત્તાવાળાઓ સમક્ષ એક પ્રસ્તાવ રજૂ કર્યો છે જેમાં વેટરનરી લીડરશિપ, પ્રાણીઓને પકડવા અને પરિવહન કરવાની નિપુણતા, બાયો-સિક્યોરિટી પ્રોટોકોલ્સ અને હિપ્પોના વર્તમાન વાતાવરણ જેવું જ કુદરતી આવાસ ગુજરાતમાં પૂરું પાડવાની તૈયારી સામેલ છે. આ સાથે જ તમામ ૮૦ હિપ્પોની આજીવન સંભાળ લેવાની ખાતરી પણ આપવામાં આવી છે.

અનંત અંબાણીએ વધુમાં ઉમેર્યું હતું કે, કરુણા અને જાહેર સુરક્ષા એ પરસ્પર વિરોધી બળો નથી. ઘનિષ્ઠ વિજ્ઞાન અને સંભાળપૂર્વકના આયોજન સાથે નદી કિનારે રહેતા સમુદાયોનું રક્ષણ કરવું, ઈકોસિસ્ટમને જાળવવી અને પ્રાણીઓનો જીવ બચાવવો શક્ય છે. વનતારા પાસે આ પ્રયાસને સહયોગ આપવા માટે જરૂરી નિપુણતા, માળખાગત સુવિધા અને સંકલ્પ છે, જે સંપૂર્ણપણે કોલંબિયાની શરતોને આધીન રહેશે.

## ૮૦ હિપ્પોના શિકારના આદેશ

કોલંબિયાની મેગડાલેના નદીનો પટ અંદાજે ૨૦૦ હિપ્પોપોટેમસનું નિવાસ છે, જે ૧૯૮૦ના દાયકામાં ત્યાં લાવવામાં આવેલા એક નાના સમૂહના વંશજો છે. કુદરતી શિકારીઓના અભાવ અને સાનુકૂળ પર્યાવરણીય પરિસ્થિતિઓને કારણે, તેમની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે કોલંબિયન સત્તાવાળાઓએ જૈવવિવિધતાને નુકસાન, ઈકોસિસ્ટમની હાનિ અને સ્થાનિક સમુદાયની સુરક્ષાને ધ્યાને લઈ આ પ્રજાતિને આક્રમક તરીકે વર્ગીકૃત કરી છે. સત્તાવાળાઓએ તાજેતરમાં ૮૦ પ્રાણીઓને મારી નાખવાના આદેશ આપ્યા છે, આ નિર્ણયે આંતરરાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચ્યું છે અને માનવીય તથા વિજ્ઞાન આધારિત વિકલ્પો અપનાવવા માટેની માંગ ફરીથી ઊઠી છે.

## વનતારા વિશે

ગુજરાતના જામનગરમાં આવેલું વનતારા વિશ્વના સૌથી મોટા અને અત્યાધુનિક વન્યજીવ બચાવ, સંભાળ અને સંરક્ષણ કેન્દ્રોમાં સ્થાન ધરાવે છે. યાતના, શોષણ અથવા વિસ્થાપનમાંથી બચાવવામાં આવેલા હાથી, બિગ કેટ્સ, પ્રાઈમેટ્સ, સરીસૃપ અને અન્ય સસ્તન પ્રાણીઓને વિશેષ વેટરનરી સહાય, લાંબાગાળાની સંભાળ અને પ્રજાતિની જરૂરિયાત મુજબની વિશિષ્ટ સુવિધાઓ પૂરી પાડે છે. વનતારા સંરક્ષણ સંસ્થાઓ, રાષ્ટ્રીય સરકારો અને આંતરરાષ્ટ્રીય વન્યજીવ સત્તામંડળો સાથે સહયોગ સાધે છે અને તેણે વૈશ્વિક નેટવર્ક થકી સરહદપારના બચાવ, પુનર્વસન અને સ્થળાંતરની પહેલોને સમર્થન આપ્યું છે. વનતારા આવાસ પુનઃસ્થાપના, સામુદાયિક ભાગીદારી, આનુવંશિક પ્રોફાઈલિંગ અને વિજ્ઞાન આધારિત સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરીને તંદુરસ્ત ઈકોસિસ્ટમને મદદ કરવા કાર્ય કરે છે, જ્યાં વન્યજીવો મુક્તપણે જીવી શકે અને ઈકોસિસ્ટમની સ્થિરતા માટે મહત્વપૂર્ણ એવી લુપ્તપ્રાય પ્રજાતિઓ માટે ભાવિ રિવાઈલ્ડિંગ ઈનિશિયેટિવ્સને વેગ આપી શકાય.

# ત્રણ દિવસથી લાપતા યુવાનની ગીરગંગા તળાવમાંથી લાશ મળી

### તળાવમાં ડૂબી જતા મૃત્યુ થયાનું પ્રાથમિક તારણ, પોલીસે વધુ તપાસ હાથ ધરી

**અબતક રાજકોટ**

શહેરના કટારિયા ચોકડી પાસે ગિરગંગા ના તળાવ માંથી લાશ મળતા ફાયર બ્રિગેડ ને જાણ કરતા ટીમો પહોંચી હતી અને લાશ ને તળાવ માંથી બહાર કાઢી હતી અને મૃતદેહ ના વાલીવારસની શોધ ખોળ આદરી છે

આ અંગે મળતી માહિતી મુજબ શહેરના કણકોટ ચોકડી પાસે આવેલ ગીરગંગા ના તળાવમાંથી આધેડ લાશ ઘટના સ્થળે તાલુકા ફાયર અને પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને લાશને પીએમ અર્થે ખસેડવામાં આવી હતી આ અંગે લાશની વાળીવારસ શોધ કરતા કણકોટ ચોકડી પાસે ઝૂંપડપટી માં રહેતો રામાભાઈ જકશીભાઈ વાઘેલા ઉ.વ.૪૦ વર્ષીય આધેડનો મૃતદેહ હોવાનું ખૂલ્યું હતું અને મૃતક આધેડ ત્રણ દિવસથી ઘરે થી ગુમ હતી તેમજ પરિવારને જાણ થતા દોડી ગયા હતા અને પરિવારમાં કલ્પ છવાયો હતો મૃત્યુ થયું હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આ અંગે ગોંડલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# વોર્ડ નં. ૧૧ માં કોંગ્રેસને જનતાનો જાકારો: ભાજપને મેન્ડેટ

### ભાજપના ઉમેદવાર રક્ષિતભાઈ કલોલા, મહેશભાઈ પીપળિયા, ભારતીબેન પાડલિયા અને મિત્તલબેન લાઠિયા બન્યા વિજેતા

**અબતક, રાજકોટ**

શહેરના વોર્ડ નં. ૧૧ માં ભાજપની પેનલ તુટશે તેવો આઈબીનો રિપોર્ટ ખોટો સાબિત થયો છે. જનતાએ કોંગ્રેસને જાકારો આપ્યો છે. જ્યારે ભાજપને મેન્ડેટ આપ્યું છે. વોર્ડની ૪ બેઠકો પૈકી બે મહિલા અનામત બેઠકો પર પૂર્વ નગરસેવિકાઓ ચૂંટણી લડી રહી હતી. જ્યારે અન્ય બે ઉમેદવારો તદ્દન નવા હતાં જેને જનતાએ સ્વીકારી લીધા હતાં.

ઉમેદવારી ફોર્મ ભરવાના દિવસે વોર્ડ નં. ૧૧ માં પણ ભાજપ ઉમેદવારો બદલતા હોવાની વાત વહેતી થઈ હતી. પરંતુ તે સાચી નિવડી ન હતી. વોર્ડ નં. ૧૧માં ભાજપે પૂર્વ કોર્પોરેટર ભારતીબેન ફર્નાન્ડીઝ પાડલિયા અને મિતલબેન લાઠિયાને ટિકિટ આપી હતી. જ્યારે નવા ચહેરા તરીકે ઓબીસી અનામત બેઠક પરથી રક્ષિતભાઈ કલોલા અને સામાન્ય બેઠક પરથી મહેશભાઈ પીપળિયાને મેદાનમાં ઉતાર્યા હતાં. ભાજપ વોર્ડની ચારેય બેઠકો જાળવી રાખવામાં સફળ રહ્યું છે. મહેશભાઈ પીપળિયાને ૨૨૯૫૧ મત મળ્યા હતા જ્યારે રક્ષિત કલોલાને ૨૧૦૩૯, મિત્તલબેન લાઠિયાને ૨૧૩૭૪ અને વોર્ડના જ પૂર્વ કોર્પોરેટર ભારતીબેન પાડલિયાને સૌથી વધુ ૨૩૮૨૭ મતો પ્રાપ્ત થયા છે. આમ વોર્ડ નં. ૧૧ માં પણ મતદારોનો કોંગ્રેસને જાકારો મળ્યો છે.



# ગોંડલમાં ટ્રાન્સપોર્ટરના મકાનમાં તસ્કર ત્રાટક્યાં: સાત લાખની મતા ઉઠાવી ફરાર

## યુવાન પરિવાર સાથે રાજકોટ રહેતા માતા-પિતાના ઘરે જતા બંધ મકાનમાંની તિજોરીમાંથી તસ્કરો દાગીના અને રૂ.૧ લાખ રોકડ ઉસેડી ગયા

**અબતક, રાજકોટ**

ગોંડલમાં ગુંદાળા રોડ પર વ્રજવાટીકા એપાર્ટમેન્ટમાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થીના એક દિવસ માટે બંધ રહેલા મકાનમાં તસ્કરો ત્રાટકયા હતા. તસ્કરોએ અહીં દરવાજાના તાળા તોડી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા એક લાખ સહિત કુલ રૂપિયા ૭ લાખની મત્તા ચોરી કરી ગયા હતા. જે અંગે ગોંડલ સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ ચકાસી ચોરીના આ બનાવનો ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ચોરીના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, ગોંડલના ગુંદાળા રોડ પર ગંગોત્રી સ્કૂલ વાળી શેરી વ્રજવાટીકા એપાર્ટમેન્ટમાં ચોથા માળે ફ્લેટ નંબર ૪૦૪ માં રહેતા રાજદીપભાઈ નંદલાલભાઈ ઉજીયા(ઉ.વ.૩૦) નામના યુવાન દ્વારા ચોરીની આ ઘટના અંગે ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. રાજદીપભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા છે.ગઈ તા. ૨૬/૪ ના સાંજના સાડા ચારેક વાગ્યે આસપાસ તે તેમના પરિવાર સાથે રાજકોટમાં રહેતા માતા-પિતાના ઘરે આંટો મારવા માટે ગયા હતા. રાજકોટમાં માતા-પિતાના ઘરે રાત રોકાયા બાદ સવારના ૭:૩૦ વાગ્યા આસપાસ તેઓ અહીં ઘરે આવ્યા હતા. અહીં આવી જોતા મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું હોય કંઈક અજુગતું બન્યાની શંકા ગઈ હતી. બાદમાં ઘરમાં જઈ જોતા સામાન વેરવિખેર હતો જેથી ચોરી થયાનુ માલુમ પડ્યું હતું. બાદમાં ઘરમાં તપાસ કરતા તસ્કરોએ દરવાજાનું મુખ્ય તાળું તોડી ઘરમાં પ્રવેશ કરી કબાટના દરવાજા ખોલી કબાટની તિજોરીમાં રહેલ સોના-ચાંદીના ઘરેણા કિંમત રૂપિયા ૬ લાખ અને રોકડ રૂ. ૧,૦૦,૦૦૦ સહિત કુલ રૂપિયા ૭ લાખની મત્તા ચોરી કરી ગયા હોવાનું માલુમ પડ્યું હતું. જેથી તેમણે તુરંત આ અંગે પોલીસને જાણ કરી હતી બનાવને લઈ ગોંડલ પોલીસ મથકનો સ્ટાફ તાકીદે અહીં પહોંચી ગયો હતો. ટ્રાન્સપોર્ટના ધંધાથી યુવાનની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી પી.આઈ જે.પી.રાવની રાહબરી હેઠળ ટીમે ચોરીના આ બનાવનો ભેદ ઉકેલવા તપાસ હાથ ધરી છે.

## જેતપુરના મકાનના લોકરમાંથી ૮૦ હજાર રોકડની ચોરી: જાણભેદુ કળા કરી ગયાની આશંકા

જેતપુરમાં ધોરાજી રોડ પર જાગૃતિનગર ગરબી ચોક પાસે રહેતા લખધીરભાઈ દાદાભાઈ કાળીયા (ઉ.વ.૩૫) દ્વારા જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ટ્રાવેલ્સની ઓફિસમાં નોકરી કરે છે અને અહીં પરિવાર સાથે રહે છે. દોઢેક મહિના પહેલા પત્ની ધારાબેનને સાડીનો ધંધો કરવો હોય જેથી પૈસાની જરૂર પડતા દાગીના ગીરવે મૂકી લોન લીધી હતી. જેના રૂપિયા ૯૧,૧૦૦ મળ્યા હતા. જે રૂપિયા પત્નીને આપ્યા હતા તેણે આ રૂપિયા કબાટના લોકરમાં રાખ્યા હતા તેમજ પગારના રૂપિયા ૧૨૦૦૦ આપ્યા હતા જે પણ કબાટના લોકરમાં મૂક્યા હતા. જે પૈકી ખર્ચના રૂપિયા ૨૨ હજાર તેમાંથી કાઢ્યા હતા અને આશરે ૮૦ હજાર રોકડ તથા સોનાના દાગીના કબાટના લોકરમાં પડ્યા હતા. દરમિયાન ગઈકાલ રાત્રીના યુવાને પત્નીને કહ્યું હતું કે, ઘરમાં પૈસા રાખવા કરતા બેંકમાં પૈસા મૂકી દઈએ જેથી લોકર ખોલતા અંદર રોકડ રકમ જોવા મળી ન હતી. આ બાબતે પત્નીને પૂછતા તેણે કહ્યું હતું કે છેલ્લે ગઈ તા. ૨૨/૪/૨૦૨૬ ના રોજ લોકરમાંથી રૂપિયા ૫,૦૦૦ કાઢ્યા હતા ત્યારે પૈસા હતા. કબાટમાં પૈસાની બાજુમાં દાગીના પડ્યા હોય જેની ચોરી થઈ નથી માત્ર રોકડ રૂપિયા ૮૦,૦૦૦ ની ચોરી થઈ હોય જેથી ઘરમાંથી કોઈ સભ્યએ ચોરી કરી હોવાની શંકા સાથે યુવાને આ મામલે જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જે અંગે પીઆઇ એસ.કે.ગરચર તથા ટીમે તપાસ હાથ ધરી છે.

# શાપર (વે.)માં યુવાન પર વાહન ચડાવી દેવાની કોશીષ: ધોકા-પાઈપ વડે હુમલો

## વાહન સરખુ ચલાવવાનું કહ્યા બાદ મહિલા સહિતની ત્રિપુટીએ ઘરે ધસી આવી ધમાલ મચાવી

## યુવાનનો હાથ ભાંગી નાખ્યો, વાહનમાં તોડફોડ: ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ શાપર-વેરાવળ ખાતે યુવાન પર મોટર સાયકલ ચડાવી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જે બાદ યુવાનના ઘરે ધસી આવી મહિલા સહિતની ત્રિપુટીએ ધોકા-પાઈપ વડે હુમલો કરી યુવકનો હાથ ભાંગી નાખ્યો હતો. વધુમાં યુવાનના મોટરસાયકલમાં પણ તોડફોડ કરી હતી. જે મામલે શાપર (વે.) પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે મુળ બગસરા તાલુકાના ખારી ખિજડિયા ગામના વતની અને હાલ રાજકોટની ભાગોળે શાપર વેરાવળ મુકામે વિરવા રોડ પર શિવમપાર્ક સોસાયટી શેરી નં. ૩ બ્લોક નં. ૧૩ ખાતે રહેતા ૨૯ વર્ષીય યુવાન અનિલ કુમાર ભુપતભાઈ મકવાણાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે નરેશ અશોકભાઈ, દિપક અશોકભાઈ (બન્ને રહે. આનંદ રેસીડેન્સી, લોધીકા) અને સોનલબેન (રહે. શિવમ પાર્ક શાપર-વેરાવળ)નું નામ આપતા જણાવ્યું હતું કે, ગત તા. ૨૭ ના રોજ સવારના ૯:૩૦ કલાકે હું મારા ઘરેથી દુકાને દુધ લેવા ચાલીને જતો હતો ત્યારે મારી સામેથી નરેશભાઈ પોતાનું સ્પ્લેન્ડર મોટરસાયકલ લઈ આવતા હોય તેણે કાવો મારી મારી ઉપર વાહન ચડાવી દેવાની કોશીષ કરેલ હતી. જેથી મે નરેશભાઈને મોટરસાયકલ સરખુ ચલાવવાનું કહેતા તેણે મને કહેલ કે, તારા બાપનો રોડ નથી જેથી મે તેને આવુ બોલવાનું ના પાડતા તેણે કહેલ કે તુ શિવમ પાર્ક બહાર આવતો રહે ત્યાં બધુ પતાવી દેશું કહી તે જતો રહેલ હતો. અને હું પણ ઘરે આવતો રહ્યો હતો. થોડીવાર બાદ નરેશભાઈ, દિપકભાઈ અને સોનલબેન મારા ઘર પાસે ધસી આવેલ હતાં. ત્યારે નરેશભાઈ અને દિપકભાઈ બન્નેના હાથમાં લાકડાનો ધોકો હતો. તેઓ કહેતા હતાં કે આ અનિલનું મકાન છે આ મોટર સાયકલ પણ અનિલનું છે. કહી ને ઘર બહાર પાર્ક કરેલું મારુ મોટરસાયકલ જેના રજી. નં. જીજે ૧૪ બીબી ૦૨૨૫ માં નરેશભાઈ અને દિપકભાઈ લાકડાના ધોકા વડે ઘા ઝીંકી તોડફોડ કરી હતી. બાદ હું ઘર બહાર નિકળતા બન્ને મને ગાળો આપવા લાગેલ હતાં. જેથી મે ગાળો આપવાની ના પાડતા નરેશભાઈએ ધોકા વડે મને જમણા કાનની પાછળના ભાગે ઘા ઝીંકી દેતા હું નિચે પડી ગયેલ હતો. બાદ દિપકભાઈ અને સોનલબેને મને પકડીરાખેલ જ્યારે નરેશભાઈએ ધોકા વડે જમણા હાથ પર કોણીના ભાગે, ખભા પર, બન્ને સાથળના ભાગે, પીઠના ભાગે ઘા ઝીંકી દીધા હતાં. જ્યારે દિપકભાઈએ તેના હાથમાં રહેલ સ્ટીલના પાઈપ વડે મને પીઠના ભાગે ઘા ઝીંકી ગાલ ઉપર ફડાકા મારેલ હતાં. સોનલબેને મને માથામાં તેમજ શરીરે પાટા વડે માર મારેલ હતો. બાદમાં સ્થાનિકો એકત્રિત ન થતાં ત્રણેય શખ્સો નાશી ગયેલ હતાં બાદ મારા પત્ની, ભાઈ, આવી જતાં મને સારવાર અર્થે રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. જ્યાં મને જમણા હાથમાં કોણીના ભાગે ફ્રેક્ચર થયાનું તબીબે જાહેર કર્યુ હતું. હોસ્પિટલના બીછાનેથી યુવાને હુમલો કરનાર મહિલા સહિત ત્રિપુટી વિરુદ્ધ ફરિયાદ આપતા શાપર-વેરાવળ પોલીસની ટીમે ગુનો નોંધી ત્રણેય શખ્સોની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# પડધરી: ખીજડીયા ગામે વાડીમાંથી જુગારધામ ઝડપાયું, રાજકોટના વાડી માલિકની શોધખોળ

## રોકડ, કાર અને મોબાઈલ મળી રૂ.૫.૮૨ લાખનો મુદ્દામાલ કબ્જે, ચાર મહિલા સહિત પાંચ પત્તા પ્રેમી પકડાયા

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના ખીજડીયા ગામે વાડીમાં ચાલતા જુગાર ધામ પર પડધરી પોલીસે દરોડો પાડી, જુગાર રમતી ચાર મહિલા સહિત પાંચ પત્તા પ્રેમીને ઝડપી લઈ, જુગારના પટમાંથી રોકડ, કાર કાર અને મોબાઈલ મળી રૂ.૫.૮૨ લાખનો મુદ્દામાલ પોલીસે કર્યો કબ્જે, દરમિયાન વાડી માલિક નાસી જતા પોલીસે તેની શોધખોર હાથ ધરી છે. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પડધરી પોલીસની ટીમ પેટ્રોલિંગમાંમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, રાજકોટમાં હરિધવા રોડ પર આવેલી રાજલક્ષ્મી સોસાયટીમાં રહેતો અશોક દેવરાજભાઈ પેઢરીયા નામનો શખ્સ ખીજડીયા ગામે પોતાની વાડીમાં જુગાર ગામ ચલાવી રહ્યો છે. પોલીસે વાડીમાં દરોડો પાડી જુગાર રમતો રાજકોટમાં હરિધવા રોડ પર આવેલી રાજલક્ષ્મી સોસાયટીમાં રહેતો નિતેશ ગોરધનભાઈ સાવલિયા, જામનગરના ભાવનાબેન મગનભાઈ ઓડેદરા, સંતોકબેન પરબતભાઈ બોખરીયા, શાંતીબેન રાજુભાઈ વિસાવડીયા અને રાજકોટમાં ગાંધીધામ શેરી નંબર ૦૨ માં રહેતા અલકાબેન દિલીપભાઈ સોમૈયા ને ઝડપી લઈ, જુગારના પટમાંથી ૭૬ હજારની રોકડ, કાર અને પાંચ મોબાઈલ મળી રૂ.૫.૮૨ લાખનો મુદ્દા માલ કબ્જે કર્યો છે. જ્યારે દરોડા દરમિયાન વાડી માલિક અશોક દેવરાજભાઈ પેઢરીયા નાસી જતા તેની શોધ ખોળ હાથ ધરી છે.

### કળયુગમાં લોહીના સબંધ માંથી લાગણી ઓસરી ?

# ભાઈએ ભાઈ પર, પુત્રનો પિતા પર, બાંધવનો બેન પર હુમલો

## માધાપર ચોકડી નજીક રહેતા આધેડની પુત્રી ભાગી જતા પુત્રએ પિતા પર કર્યો હુમલો

## સોલવંટમાં કપાતર પુત્રએ માતાને માર માર્યો, વચ્ચે પડેલી બેનને પણ ઘૂસતાવી

## નવરંગપુરામાં મોટાભાઈએ દારૂ પીને ભાઈને ધોકા વડે ફટકાર્યો

**અબતક,રાજકોટ**

શહેર માં દિવસે દિવસે મારામારી ના બનાવી વધતા ચિંતાનો વિષય બન્યો છે જેમાં માધાપર ચોકડી પાસે રહેતા આધેડ ને તેમના પુત્ર દ્વાર લાકડા ના ધોકા વડે મારા મરતા હોસ્પિટલ ખસેડ્યા. બીજા બનાવ માં માધાપર પર ચોકડી પાસે નવરંગપુરા માં રહેતા યુવન પર તેમના મોટાભાઈ એ ધોકા વડે માર મારતા હોસ્પિટલ ખસેડ્યા હતા. ત્રીજા બનાવ માં કોઠારીયા સોલવંટ ખાતે રહેતી પરણિતા ને ભાઈ એ માર મારતા હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા

આ અંગે મળતી માહિતી મુજબ શહેર ના માધાપર ચોકડી પાસે વોરા સોસાયટી માં રહેતા તુલસી વાઘાભાઈ ભટ્ટી ઉમર વર્ષ ૪૫ ને તેમના પુત્ર કાના તુલસીભાઈ ભટ્ટી એ ધોકા વડે માર મારતા ગંભીર ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા આ અંગે તુલસીભાઈ પોતે ભંગાર વેચવાનું કામ કરતા હોય અને તુલસીભાઈ ની પુત્રી કોઈ સાથે ભાગી ગયેલ હોવાથી પુત્ર કાનાએ પિતા તુલસીભાઈને સમાધાન કરવા જણાવ્યું હતું પરંતુ સમાધાન ન થયા ના ખાર રાખી કાનાએ પિતા તુલસીભાઈ ને માર માર્યો હતો આ અંગે ગાંધીગ્રામ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે બીજા બનાવ મા માધાપર પર ચોકડી પાસે નવરંગપુરા માં રહેતા અજય માવજીભાઈ તોગડિયા ઉમર વર્ષ ૩૪ વર્ષીય યુવન પર તેમના મોટાભાઈ અશ્વિનભાઈ એ ધોકાથી માર મારતા ગંભીર ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા આ અંગે માવજીભાઈ મોટા ભાઈ અશ્વિનભાઈ પીધેલી હાલત હોવાથી બંને વચે ભાઈ વચ્ચે બોલાચાલી થતા અજયભાઈ પર અશ્વિનભાઈએ હુમલો કર્યો હતો

આ બનાબ માં ગાંધીગ્રામ પોલિસે વધુ તપાસ હાથ ધરી છે ત્રીજા બનાવ માં કોઠારીયા સોલવંટ ખાતે રહેતી કાજલ અલ્પેશભાઈ રાઠોડ ઉમર વર્ષ ૪૦વર્ષીય પરણિતા પર તેમના ભાઈ રાહુલ દ્વાર ધોકા વડે હુમલો કરતા ગંભીર રીતે ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા

ડઆ અંગે કાજલબેન પિયર રોકાવવા ગયા હતા રાહુલ દારૂ પી ને પોતાની માતા ને માર મારતા હતી અને કાજલ માતા ને છોડાવવા જતા કાજલ બેન પર ભાઈ રાહુલ એ હુમલો કર્યો હતો આ બનાવ માં આજીડેમ ચોકડી પોલિસે વધુ તપાસ હાથ ધરી છે

# ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે ઐતિહાસિક મુક્ત વ્યાપાર કરાર:૨૦ અબજનું રોકાણ અને લાખો નવી તકો

## વડાપ્રધાન મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને મોટી સફળતા; ખેડૂતોના હિતોનું રક્ષણ કરી આયુષ અને આયુર્વેદને વૈશ્વિક માન્યતા અપાઈ

**અબતક રાજકોટ**



ભારતના આર્થિક વિકાસ અને વૈશ્વિક વ્યાપાર ક્ષેત્રે આજે એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અને ન્યૂઝીલેન્ડના વ્યાપાર મંત્રી ટોડ મેક્લે દ્વારા ઐતિહાસિક મુક્ત વ્યાપાર કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરાર હેઠળ ન્યૂઝીલેન્ડ ભારતમાં કૃષિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્ટાર્ટઅપ્સ જેવા ક્ષેત્રોમાં ૨૦ અબજ ડોલરના જંગી રોકાણની ખાતરી આપી છે.

આ કરારની સૌથી મોટી વિશેષતા એ છે કે ન્યૂઝીલેન્ડ ભારતની ૧૦૦% નિકાસ પર ડ્યુટી નાબૂદ કરશે, જેનાથી ટેક્સટાઈલ, એન્જિનિયરિંગ અને ચામડાના ઉદ્યોગોને સીધો ફાયદો થશે. બીજી તરફ, ભારતીય ખેડૂતોના હિતોને સુરક્ષિત રાખવા માટે ડેરી, ખાંડ અને ડુંગળી જેવા સંવેદનશીલ ક્ષેત્રોને આ કરારથી મુક્ત રાખવામાં આવ્યા છે.

શિક્ષણ અને રોજગારના ક્ષેત્રે પણ આ કરાર વરદાન સાબિત થશે. ભારતીય STEM ગ્રેજ્યુએટ્સને ૩ વર્ષ અને પીએચડી સ્કોલર્સને ૪ વર્ષ સુધીના પોસ્ટ-સ્ટડી વર્ક વિઝા મળશે. આ ઉપરાંત, ૫,૧૦૦ પ્રોફેશનલ્સ માટે વિશેષ ક્વોટા જાહેર કરવામાં આવ્યો છે, જેમાં આયુષ નિષ્ણાતો અને યોગ ટ્રેનર્સને ન્યૂઝીલેન્ડમાં નવી તકો મળશે. ખાસ કરીને ગુજરાતના કેમિકલ્સ અને હીરા ઉદ્યોગ માટે આ કરાર નવી ક્ષિતિજો ખોલશે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે આ કરારને વિકસિત ભારતના નિર્માણમાં એક મહત્વનું સીમાચિહ્ન ગણાવ્યું છે.

(પહેલા પાનાનું ચાલું)

**કમળ...**

ગણાતા વોર્ડ નં. ૧૫માં ગાબડુ પાડવામાં ભાજપને સફળતા મળી છે. આ વોર્ડમાં છેલ્લા બે દાયકાથી કોંગ્રેસના પ્રતિક પરથી વિજેતા બનતા વશરામભાઈ સાગઠિયાની હાર થઈ છે. એક જ વોર્ડમાં પેનલ તુટી છે. બાકી ૧૬ વોર્ડમાં ભાજપના ઉમેદવારો પેનલ ટુ પેનલ વિજેતા થયા છે. જ્યારે વોર્ડ નં. ૧૬માં કોંગ્રેસની પેનલ જીતી છે. વોર્ડ નં. ૧૫માં કોંગ્રેસના ત્રણ ઉમેદવારો જીત્યા છે. ભાજપના એક ઉમેદવાર વિજેતા બન્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ મહાનગરાપલિકાના સ્થાપના કાળથી લઈ અત્યાર સુધીના ૫૩ વર્ષના ઈતિહાસમાં માત્ર એક જ વખત ૨૦૦૦થી ૨૦૦૫ સુધીની પાંચ વર્ષની ટર્મમાં રાજકોટવાસીઓએ કોર્પોરેશનમાં કોંગ્રેસને સત્તાસુખ આપ્યું હતું. જ્યારે અન્ય તમામ ચૂંટણીમાં ભાજપ પૂર્ણ બહુમતી સાથે સત્તામાં આવ્યું છે. સતત પાંચમી વખત ભાજપની જીત થઈ છે. વિજેતા બનેલા ઉમેદવારોના દરેક વોર્ડમાં વિશાળ વિજય સરઘસ નિકળ્યા હતાં.

(ચોથા પાનાનું ચાલુ)

**વિકાસને ફૂલડે...**

તેવા સ્પષ્ટ આસારો મળી રહ્યા છે. રાજ્યની તમામ ૧૫ મહાપાલિકામાં ભાજપે જીત મેળવી છે. હાલ ગણતરી ચાલુ છે. જો કે, ભાજપ સ્પષ્ટ બહુમતીથી આગળ છે. મોરબી મહાનગરપાલિકાએ ઈતિહાસ સર્જ્યો છે. ભાજપે મોરબીની તમામ ૫૨ બેઠકો અંકે કરી છે. પોરબંદરમાં પણ ભાજપે તમામ બેઠકો પર જીત મેળવી છે. જ્યારે રાજકોટમાં આ વખતે વોર્ડ નં.૧૬માં ભાજપે પોતાની ચાર સીટો ગુમાવી છે. તેનું મુખ્ય કારણ તાજેતરમાં જંગલેશ્વરમાં કરવામાં આવેલ ડિમોલીશન છે. આ સિવાય વોર્ડ નં.૧૫માં પણ ભાજપ સીટ ગુમાવે તેમ લાગી રહ્યું છે. આ સિવાય ભાવનગર, સુરેન્દ્રનગર, જામનગર અને ગાંધીધામમાં ભાજપ જંગી બહુમતીથી જીતી રહ્યું છે.

**જિલ્લા પંચાયત...**

મોટીપાનેલી બેઠક પર ભાજપના ઉમેદવાર સોનલબેન વાઘરીયા, પારડી બેઠક પર અલ્પાબેન ગૌરી તોગડીયા, પેઢલા બેઠક પર નરસીભાઈ સોજીત્રા, પીપરડી બેઠક પર સવિતાબેન વાસાણી, સાણથંલી બેઠક પર હરેશભાઈ કચ્છી, શિવરાજગઢ બેઠક પર લાલજીભાઈ તળાવીયા, શિવરાજપુર બેઠક પર દેવેન્દ્રભાઈ ઝાપડીયા, સુપેડી બેઠક પર પારૂલબેન કણસાગરા, થાણા ગાલોળ બેઠક પર સરોજબેન ઉધાડ, વેરાવળ બેઠક પર ધર્મેન્દ્ર ટીલાળા, વિંછીયા બેઠક પર લીલાબેન રાજપરા, વિરપુર બેઠક પર દિપકભાઈ ગાજીપરા જ્યારે કોલકી બેઠક પર કોંગ્રેસના અરૂણાબેન ભાષા અને સૌથી મોટો ઉલટફેર મોવીયા બેઠક પર ભાજપના રાજુ ડાંગર હારી ગયા હતા. તેની સામે 'આપ'ના ઉમેદવાર આરતીબેન જેતાણી ૭૫૬૫ મત મેળવી ભવ્ય જીત મેળવી હતી.

# પોરબંદરમાં પર બેઠકો પર ભાજપનો વિજય, વિપક્ષના સૂપડા સાફ

## ઐતિહાસિક જીત કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનું ખાતું પણ ન ખુલ્યું, ૧૩ વોર્ડમાં ભાજપની પેનલોનો દબદબો

**અબતક પૂજા થાનકી, પોરબંદર**

પોરબંદર મહાનગરપાલિકાની ચૂંટણીના આજે જાહેર થયેલા પરિણામોએ રાજકીય ઈતિહાસ રચી દીધો છે. શહેરની તમામ ૫૨ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય વિજય મેળવીને ક્લીન સ્વીપ કર્યું છે. સવારથી જ પોલિટેકનિકલ કોલેજ ખાતે શરૂ થયેલી મતગણતરીમાં પ્રથમ રાઉન્ડથી જ ભાજપના ઉમેદવારોએ લીડ જાળવી રાખી હતી, જે અંત સુધી અકબંધ રહી હતી.

વોર્ડ નંબર ૧ થી ૧૩ ની તમામ ચાર-ચાર બેઠકો પર ભાજપના ઉમેદવારો વિજેતા જાહેર થતા જ મતગણતરી કેન્દ્રની બહાર કાર્યકરોએ વિજયોત્સવ મનાવ્યો હતો. સામા પક્ષે કોંગ્રેસના ૩૨ અને આમ આદમી પાર્ટીના ૩૦ ઉમેદવારો મેદાનમાં હતા, પરંતુ જનતાએ વિપક્ષી પાર્ટીઓના એક પણ ઉમેદવાર પર પસંદગીનો કળશ ઢોળ્યો નથી.

આ પરિણામો સાથે પોરબંદરમાં વિપક્ષ સંપૂર્ણપણે શૂન્ય થઈ ગયો છે. ભાજપના આ પ્રચંડ વિજય પાછળ સંગઠનની શક્તિ અને વિકાસના મુદ્દાઓ કારણભૂત હોવાનું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે. તમામ ૫૨ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાતા પોરબંદર હવે વિપક્ષ વગરની મહાનગરપાલિકા બની ગઈ છે.


# દુઃખદ અવસાન

### સદ્દ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

## સિહોર તાલુકા કોંગ્રેસ અગ્રણી ભોજરાજસિંહ ગોહિલનું નિધન



સિહોર તાલુકાના ટાણા તાલુકા પંચાયત સીટ પર ચૂંટણી લડી રહેલા ક્રિષ્નાબા ગોહિલના પતિદેવ ભોજરાજસિંહ ગોહિલનું નિધન થયુ છે ગઈકાલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન પૂર્ણ થયા બાદ ભોજરાજસિંહ નિર્મળસિંહ ગોહિલ નિધન થતા સિહોર પંથકમાં ઘેરા શોક ની લાગણી ફેલાયેલ છે ગોહિલ કોંગ્રેસ પાર્ટીના ખૂબ જ લડાય એક નેતા તરીકે જાણીતા હતા અને પ્રદેશ કોંગ્રેસના નેતાઓના પણ ખાસ વિશ્વાસુ હતા જેવા છેલ્લા ૩૦ વર્ષથી સિહોર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સક્રિય કોંગ્રેસી આગેવાન તરીકે દબદબો ધરાવતા રહ્યા જેઓનું નિધન થતા પંથકમાં ઘેરા શોક ની લાગણી ફેલાઈ છે.



**કાલાવડ:** કાલાવડ શહેરના પત્રકાર કૃષિલ વાદીના મોટા બાપુજી વિઠ્ઠલભાઈ વલ્લભભાઈ વાદી (ઉ.વ.૬૬)નું ૨૭ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૩૦ને ગુરૂવારના રોજ બપોરના ૪ થી ૬ વાગ્યે તેમના નિવાસ સ્થાને કૃષ્ણ નગર, નીલકંઠ મહાદેવ વાળી શેરી, કાલાવડ (શિતલા) ખાતે રાખેલ છે.



**મીઠાપુર :** સુરજકરાડી નિવાસી નિર્મળાબેન પ્રવિણભાઈ ઝાખરીયા (ઉ.વ.૮૦) તે જેન્તીલાલ તથા સ્વ.વિસનજીભાઈ ઠાકરસીભાઈના ભાભી તથા રોહિતભાઈના માતા તેમજ વલ્લભદાસ દેવરામભાઈ સામાણી (કેનેડીવાળા)ના પુત્રીનું અવસાન થયેલ છે. સદ્દ્ગતનું બેસણું તથા મોસાળપક્ષની સાદડી તા.૨૯-૦૪-૨૦૨૬ ને સાંજે ૫:૦૦ થી ૫:૩૦ સુધી સિદ્ધનાથ મંદિર, જય અંબે સોસાયટી, સુરજકરાડી (મીઠાપુર) ખાતે રાખેલ છે.

**જુનાગઢ:** દાઉદી વ્હોરા હાંજિયાણી સલમાબેન (ઉ.વ.૮૪) તે હાજી શેખ અસગરઅલી પાલિતાણા વાળાના પત્ની ઈબ્રાહિમભાઈ પટેલ (મહુવા)ના પુત્રી તે અબ્બાસભાઈ, મુર્તઝાભાઈ, સકીનાબેન આબિદભાઈ પારેખ (રાજકોટ)ના માતા અદનાન, હુસૈન, બતુલના દાદીમાંનું ૨૭ એપ્રિલ ૨૦૨૬ને સોમવારના રોજ જુનાગઢ મુકામે અવસાન થયેલ છે. મર્હુમાની જીયારત (કુરાનખ્વાની) ૨૯ એપ્રિલ ૨૦૨૬ને બુધવારના રોજ બપોરે ૧૨ કલાકે બુરહાની મસ્જિદ જુનાગઢ ખાતે રાખવામાં આવેલ છે. ટેલિફોનીક શોક સંદેશો (મો.૯૮૨૪૨૯૯૪૫૨ પુત્ર મુર્તઝા) ઉપર વ્યક્ત કરવો.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

### અંતે ડેટા માટે ખુદ કી દુકાન શરૂ કરશે રિલાયન્સ

# આંધ્રપ્રદેશમાં સ્થપાશે ભારતનું સૌથી મોટું ડેટા સેન્ટર હબ


## ડેટા સ્ટોરેજમાં પણ જામનગર મોડલનું પુનરાવર્તનઃ પશ્ચિમ અને પૂર્વીય દરિયાકાંઠે રિલાયન્સ સ્થાપશે વિશ્વના સૌથી શક્તિશાળી ડેટા ટાવર્સ

### ત્રણ તબક્કામાં થશે વિકાસ

૧. પ્રથમ તબક્કોઃ વિશાખાપટ્ટનમ નજીક પોલિપલ્લીમાં ૫૦૦ મેગાવોટનું સેન્ટર સ્થપાશે, જે ઓક્ટોબર ૨૦૨૮ સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે.

૨. બીજો તબક્કોઃ ભોગાપુરમ વિસ્તારમાં ૧ ગીગાવોટની વધારાની ક્ષમતા ઉમેરવામાં આવશે જે ૨૦૩૦ સુધીમાં પૂર્ણ થશે.

૩. ગ્રીન એનર્જીઃ આ ડેટા સેન્ટરને ચલાવવા માટે રિલાયન્સ ₹૫૧,૩૦૦ કરોડના ખર્ચે સોલર પાવર અને બેટરી સ્ટોરેજ સિસ્ટમ પણ સ્થાપશે.



**અબતક રાજકોટ**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ ડેટા અને AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ક્ષેત્રે ભારતનું વર્ચસ્વ સ્થાપવા માટે એક માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. રિલાયન્સ હવે ડેટા માટે બીજા પર નિર્ભર રહેવાને બદલે પોતાની ખુદ કી દુકાન એટલે કે વિશાળ ડેટા સેન્ટર્સનું નેટવર્ક ઊભું કરવા જઈ રહી છે. આ કડીમાં આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે ભારતનું સૌથી મોટું ડેટા સેન્ટર કલસ્ટર સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે.

''આ પ્રોજેક્ટ પાછળ રિલાયન્સ અંદાજે ₹૧.૬ લાખ કરોડ નું જંગી રોકાણ કરશે.આ સેન્ટરની કુલ ક્ષમતા ૧.૫ ગીગાવોટ હશે. આ ક્ષમતા એટલી વિશાળ છે કે તે ગૂગલ અને એમેઝોન જેવી વૈશ્વિક દિગ્ગજ કંપનીઓના પ્લાનિંગને પણ પાછળ છોડી દેશે.આ માત્ર ડેટા સ્ટોરેજ નહીં, પણ ખાસ કરીને AI-રેડી ડેટા સેન્ટર હશે, જે ભવિષ્યની ટેકનોલોજી અને જનરેટિવ AI સેવાઓને વેગ આપશે.

રિલાયન્સનું આંધ્રપ્રદેશનું આ ડેટા સેન્ટર ગુજરાતના જામનગરમાં બની રહેલા ગીગાવોટ-સ્કેલ AI સેન્ટરના 'ટ્વિન' (જોડિયા) તરીકે કામ કરશે. જામનગર અને વિશાખાપટ્ટનમના આ બે થાંભલાઓ મળીને ભારતને વૈશ્વિક ડેટા મેપ પર ટોચ પર લઈ જશે.

અત્યાર સુધી ભારતીય ડેટા મોટાભાગે વિદેશી સર્વરો પર નિર્ભર હતો. રિલાયન્સના આ પગલાથીભારતનો ડેટા ભારતમાં જ સુરક્ષિત રહેશે જિયો જેવી ક્રાંતિ ડેટા સ્ટોરેજ અને અઈ કલાઉડ ક્ષેત્રે પણ જોવા મળશે.હજારો કુશળ આઈટી પ્રોફેશનલ્સ માટે નવી તકો ઊભી થશે.

## વિશાખાપટ્ટનમમાં અદાણી-ગૂગલના વિઝાગ એઆઈ હબનું નરેન્દ્ર મોદી દ્વારા ભૂમિપૂજન

આંધ્રપ્રદેશના વિકાસમાં એક નવો સૂર્યોદય થવા જઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશાખાપટ્ટનમના તારલુવાડા ખાતે વિશાળ એઆઈ હબનું ખાતમુહૂર્ત કર્યું આ પ્રકલ્પ દ્વારા આંધ્રપ્રદેશ વિશ્વના આધુનિક ટેકનોલોજીના ક્ષેત્રમાં મોટી હરણફાળ ભરશે.આ યોજના પાછળ અંદાજે ૧.૩૫ લાખ કરોડ રૂપિયા (૧૫ અબજ અમેરિકી ડોલર) નું જંગી રોકાણ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રના નિર્માણમાં અદાણી કોનેક્સ, ગૂગલ ક્લાઉડ અને એરટેલની નેક્સટ્રા જેવી ખ્યાતનામ કંપનીઓ સહયોગ આપી રહી છે.અહીં ૧ ગીગાવોટની ક્ષમતા ધરાવતું ભારતનું સૌથી મોટું ડેટા સંગ્રહ અને પ્રક્રિયા કેન્દ્ર બનાવવામાં આવશે.આ સંપૂર્ણ સંકુલ પર્યાવરણને અનુકૂળ રહે તે રીતે 'ગ્રીન એનર્જી' એટલે કે કુદરતી ઊર્જા સ્રોતો દ્વારા ચલાવવામાં આવશે.આ પ્રોજેક્ટ આવવાથી વિશાખાપટ્ટનમ માત્ર પ્રવાસન જ નહીં, પણ ટેકનોલોજીનું મુખ્ય કેન્દ્ર બનશે. તેનાથી થનારા મુખ્ય લાભોમાં રાજ્યમાં આઈટી (માહિતી ટેકનોલોજી) ક્ષેત્રે હજારો નવી નોકરીઓની તકો ઉભી થશે.સ્થાનિક યુવાનો માટે કૌશલ્ય વિકાસ અને સંશોધનના નવા દ્વાર ખુલશે.હાઈ-સ્પીડ ઈન્ટરનેટ અને ઝડપી ડેટા પ્રોસેસિંગની સુવિધાથી સ્થાનિક ઉદ્યોગોને વેગ મળશે.

### વિશ્વની દવા બજારમાં સન ફાર્મા મધ્યાહ્ને

# સન ફાર્માએ રૂ.૯૮,૦૦૦ કરોડમાં અમેરિકન કંપની ઓર્ગેનનને હસ્તગત કરી

## મહિલા આરોગ્ય અને બાયોસિમિલર્સ ક્ષેત્રે સન ફાર્મા ગ્લોબલ લીડર બનીને વિશ્વની ટોચની ત્રણ કંપનીઓમાં થશે સામેલ

**અબતક મુંબઈ**

ભારતીય ફાર્મા ઉદ્યોગના ઈતિહાસમાં એક નવો અધ્યાય લખતા, દિલીપ સંઘવીની આગેવાની હેઠળની સન ફાર્માસ્યુટિકલ્સે અમેરિકા સ્થિત મલ્ટિનેશનલ કંપની ઓર્ગેનન ને ખરીદવાની સત્તાવાર જાહેરાત કરી છે. અંદાજે ૧૧.૭૫ બિલિયન ડોલર (આશરે ₹૯૮,૦૦૦ કરોડ) ના આ 'ઓલ-કેશ' સોદાએ ભારતીય કોર્પોરેટ જગતમાં હલચલ મચાવી દીધી છે. આ અત્યાર સુધીનો કોઈપણ ભારતીય ફાર્મા કંપની દ્વારા કરવામાં આવેલો સૌથી મોટો વિદેશી સોદો છે.



આ મેગા ડીલ અંતર્ગત સન ફાર્મા ઓર્ગેનનના દરેક શેર દીઠ ૧૪.૦૦ ડોલર ની ચુકવણી રોકડમાં કરશે. આ સંપાદન સાથે જ સન ફાર્મા વિશ્વની ટોચની ૨૫ ફાર્માસ્યુટિકલ કંપનીઓની કલબમાં ગૌરવભેર સામેલ થઈ ગઈ છે. નિષ્ણાતો આ ઘટનાને 'વિશ્વની દવા બજારમાં સન ફાર્માના મધ્યાહ્ન' તરીકે જોઈ રહ્યા છે, કારણ કે આ સોદો કંપનીને ગ્લોબલ લીડર તરીકે પ્રસ્થાપિત કરે છે.

ઓર્ગેનન ખાસ કરીને મહિલાઓના સ્વાસ્થ્ય, પ્રજનન ક્ષમતા અને બાયોસિમિલર્સ જેવા ક્ષેત્રોમાં મજબૂત પકડ ધરાવે છે. આ સોદાના પરિણામે સન ફાર્મા હવે મહિલા આરોગ્ય ક્ષેત્રે વિશ્વની ટોચની ત્રણ કંપનીઓમાંની એક બની જશે. આ ઉપરાંત, કંપનીને ચીન, દક્ષિણ કોરિયા, બ્રાઝિલ અને યુરોપ જેવા મોટા બજારોમાં તૈયાર પ્લેટફોર્મ અને વિશાળ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક મળશે. બંને કંપનીઓની સંયુક્ત વાર્ષિક આવક હવે ૧૨.૪ બિલિયન ડોલરને પાર કરી જવાનો અંદાજ છે.

સન ફાર્માના સ્થાપક દિલીપ સંઘવીએ આ સોદાને વ્યૂહાત્મક ગણાવતા કહ્યું હતું કે, આ પગલું વિશ્વભરના દર્દીઓ સુધી પહોંચવાની અમારી ક્ષમતામાં મોટો વધારો કરશે. રેગ્યુલેટરી મંજૂરીઓ અને શેરધારકોની સંમતિ બાદ આ સોદો વર્ષ ૨૦૨૭ ના પ્રારંભિક ગાળામાં પૂર્ણ થવાની ધારણા છે. આ સમાચારને પગલે ભારતીય શેરબજારમાં પણ સન ફાર્માના શેર પ્રત્યે રોકાણકારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

# નેશનલ હાઈવેના એન્જિનિયર પર કાદવ ઉછાળવા બદલ મંત્રી નિતેશ રાણેને એક મહિનાની જેલની સજા

## વહીવટીતંત્રનું નૈતિક મનોબળઃ સરકારી અધિકારીઓ પર થતા હુમલા અટકાવવા માટે કોર્ટનો સીમાચિહ્નરૂપ આદેશ

**અબતક મુંબઈ**

આધુનિક લોકશાહીમાં સરકારી અધિકારીઓ એ વહીવટીતંત્રની કરોડરજ્જુ સમાન છે. જ્યારે જનપ્રતિનિધિઓ કે સામાન્ય જનતા દ્વારા કાયદો હાથમાં લઈને ફરજ પરના અધિકારીઓ સાથે ગેરવર્તણૂક કે હિંસા કરવામાં આવે, ત્યારે તે માત્ર એક વ્યક્તિ પરનો હુમલો નથી, પરંતુ સમગ્ર બંધારણીય પ્રણાલી પરનો પ્રહાર છે.

છેલ્લા કેટલાક સમયથી રાજકીય વગ અથવા અંગત રોષને કારણે સરકારી કર્મચારીઓ પર શારીરિક અને માનસિક અત્યાચારના કિસ્સાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. આવા સમયે, મહારાષ્ટ્રના મંત્રી નિતેશ રાણે વિરુદ્ધ સિંધુદુર્ગ કોર્ટનો ચુકાદો એક સીમાચિહ્નરૂપ ઘટના સાબિત થાય છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જનતાના પ્રશ્નો ઉઠાવવા એ લોકશાહીનો હક છે, પરંતુ તેની આડમાં કોઈ જાહેર સેવકનું અપમાન કરવું કે તેમને કાદવથી નવડાવવા એ 'સત્તાનો દુરુપયોગ' છે.



મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી નિતેશ રાણેને વર્ષ ૨૦૧૯માં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના એક એન્જિનિયર પર કાદવ ફેંકવાના કેસમાં મોટો ઝટકો લાગ્યો છે. સિંધુદુર્ગની એડિશનલ સેશન્સ કોર્ટે આ મામલે નિતેશ રાણેને દોષિત ઠેરવી એક મહિનાની જેલની સજા ફટકારી છે. જોકે, કોર્ટે આ સજાને હાલ સ્થગિત કરી છે જેથી તેઓ ઉપલી કોર્ટમાં અપીલ કરી શકે.

આ ઘટના ૪ જુલાઈ, ૨૦૧૯ની છે, જ્યારે નિતેશ રાણે કોંગ્રેસમાં હતા. મુંબઈ-ગોવા હાઈવેના નબળા કામ અને ખાડાઓને કારણે થતી હાલાકીનો વિરોધ કરવા માટે રાણે અને તેમના સમર્થકોએ સબ-ડિવિઝનલ એન્જિનિયર પ્રકાશ શેડેકરને કાંકવલી પાસે ગડ નદી પરના બ્રિજ પર બોલાવ્યા હતા.

ત્યાં ઉગ્ર દલીલો દરમિયાન, નિતેશ રાણે અને તેમના કાર્યકરોએ એન્જિનિયર પર કાદવ અને ગંદુ પાણી રેડ્યું હતું અને તેમને જાહેરમાં કાદવમાં ચાલવા માટે મજબૂર કર્યા હતા.

કેસની સુનાવણી દરમિયાન જજ વી. એસ. દેશમુખે નોંધ્યું હતું કેઃભલે રાણેનો હેતુ રસ્તાની નબળી ગુણવત્તા સામે અવાજ ઉઠાવવાનો હતો, પરંતુ કોઈ લોકસેવકનું જાહેરમાં અપમાન કરવાનો તેમને કોઈ અધિકાર નથી.જો આવી ઘટનાઓ ચાલુ રહેશે, તો સરકારી કર્મચારીઓ આત્મસન્માન સાથે તેમની ફરજ બજાવી શકશે નહીં.કોર્ટે રાણેને કલમ ૫૦૪ (જાહેર શાંતિનો ભંગ કરવાના ઈરાદાથી અપમાન) હેઠળ દોષિત ઠેરવ્યા હતા.

આ કેસમાં નિતેશ રાણે સહિત કુલ ૩૦ લોકો સામે રાયોટિંગ અને સરકારી કામમાં અવરોધ ઊભો કરવા જેવી ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. જોકે, પુરાવાના અભાવે કોર્ટે અન્ય ૨૯ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે અને રાણે સામે પણ ગંભીર કલમો હટાવી માત્ર અપમાન કરવાના ગુનામાં સજા ફટકારી છે.

# અલનીનોની સાથે સાથે યુદ્ધ પણ વરસાદનું વેરી બનશે

## એક બાજુ યુદ્ધ અને બીજી બાજુ નબળા વરસાદની અસરથી ગ્રામીણ અર્થતંત્ર પર બેવડા સંકટના વાદળો

નવી દિલ્હીઃ ભારત માટે આગામી નાણાકીય વર્ષ આર્થિક રીતે પડકારજનક સાબિત થઈ શકે તેમ છે. એક તરફ હવામાન વિભાગે આ વર્ષે નબળા ચોમાસાની આગાહી કરી છે, તો બીજી તરફ ઈરાન અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે ખેતીના ખર્ચમાં તોતિંગ વધારો થયો છે. અર્થશાસ્ત્રીઓના મતે, 'અલનીનો'ની અસર અને યુદ્ધની પરિસ્થિતિ ભેગી મળીને ભારતના ગ્રામીણ અર્થતંત્રની કસોટી કરશે.

ભારતીય હવામાન વિભાગએ ૨૦૨૬ના વર્ષ માટે સરેરાશના માત્ર ૯૨ ટકા વરસાદની આગાહી કરી છે, જે 'સામાન્ય કરતા ઓછો' ગણાય છે. આ નબળા ચોમાસાની સાથે ઈરાન યુદ્ધને લીધે ક્રૂડ ઓઈલ અને ખાતરના ભાવમાં વધારો થયો છે. એચએસબીસીના મુખ્ય અર્થશાસ્ત્રી પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું કે, ''આ એક 'ટ્વીન શોક' એટલે કે બેવડો ફટકો છે - જેમાં ઉર્જા સંકટ અને ખરાબ હવામાન એકસાથે દેશના વિકાસ દરને અસર કરશે.''નિષ્ણાતોના મતે નબળું ચોમાસું મોંઘવારી કરતા દેશના વિકાસ દર ને વધુ નુકસાન પહોંચાડી શકે છે. જો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ૧૦૦ ડોલરની સપાટી વટાવે, તો ભારતનો આર્થિક વિકાસ દર ઘટીને ૫.૮ ટકા થી ૬ ટકા ની વચ્ચે આવી શકે છે, જે અગાઉ ૭.૬ ટકા રહેવાનો અંદાજ હતો. એસબીઆઈના અહેવાલ મુજબ, જો અલનીનોની સાથે દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાય તો જીડીપીમાં ૦.૬૫ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે.



હાલમાં રવી પાકની સારી લણણી અને જળાશયોમાં પાણીના સારા સંગ્રહને કારણે ગ્રામીણ માંગ મજબૂત દેખાય છે, પરંતુ આ સ્થિતિ લાંબી નહીં ટકે તેવી ભીતિ છે. વર્ષ ૨૦૨૬ના બીજા ભાગમાં જો વરસાદ ખેંચાશે તો ડાંગર, કઠોળ અને તેલીબિયાંના ઉત્પાદનમાં ઘટાડો થઈ શકે છે.ખેડૂતોની આવક ઘટતા ટ્રેક્ટર અને ટુ-વ્હીલરના વેચાણ પર માઠી અસર પડી શકે છે.યુદ્ધના કારણે વિદેશમાં કામ કરતા શ્રમિકો પરત ફરે તેવી શક્યતા છે, જેનાથી ગામડાઓમાં મજૂરી દરમાં ઘટાડો અને બેરોજગારી વધી શકે છે.

જોકે, અર્થશાસ્ત્રીઓ એમ પણ કહી રહ્યા છે કે ગભરાવાની જરૂર નથી કારણ કે સરકાર પાસે આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે પૂરતો અનાજ ભંડાર (બફર સ્ટોક) ઉપલબ્ધ છે. વળી, જળાશયોમાં પાણીનું સ્તર હાલમાં સરેરાશ કરતા ૧૦ટકા વધુ હોવાથી શરૂઆતના તબક્કે ખેતીને ટેકો મળી રહેશે. તેમ છતાં, ખાદ્ય તેલ અને કઠોળ જેવી વસ્તુઓમાં આયાત ઘટાડવા માટે સપ્લાય-સાઈડમાં મોટા સુધારા કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે.

### હિન્દી ચીની ભાઈ ભાઈ

# સંઘર્ષ નહીં સમાધાનથી કામ કરવા ભારત ચીને મન બનાવ્યું

## સીમા વિવાદ અને વર્ષોના તણાવ બાદ હવે ડિપ્લોમેસીના ટેબલ પર બંને દેશો એકઠા થયાઃ બ્રિક્સના મંચ પરથી શાંતિનો નવો અધ્યાય શરૂ કરવા અને એશિયામાં સ્થિરતા સ્થાપવા ભારત-ચીન વચ્ચે ઉચ્ચ સ્તરીય સહમતિના સંકેત

**અબતક નવી દિલ્હી**

ભારત અને ચીન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા સરહદી અને રાજદ્વારી તણાવ વચ્ચે હવે ફરી એકવાર મૈત્રીપૂર્ણ વાતાવરણ સર્જાઈ રહ્યું હોય તેવા સંકેતો મળી રહ્યા છે. બંને દેશોએ હવે સંઘર્ષનો માર્ગ છોડીને 'સમાધાન' અને સહયોગ દ્વારા આગળ વધવાનું મન બનાવ્યું છે. 'હિન્દી ચીની ભાઈ ભાઈ'ની ભાવનાને ફરી જીવંત કરવાના પ્રયાસોના ભાગરૂપે બ્રિક્સ મિકેનિઝમ હેઠળ બંને રાષ્ટ્રો વચ્ચે સંવાદ તેજ બન્યો છે.



તાજેતરના અહેવાલો મુજબ, ભારત અને ચીન બ્રિક્સ જૂથના માળખા હેઠળ પરસ્પર સહયોગ વધારવા માટે સતત સંપર્કમાં છે. ચીને ભારતના બ્રિક્સ અધ્યક્ષપદ ની પ્રશંસા કરી છે અને તેને પૂરેપૂરું સમર્થન જાહેર કર્યું છે. બદલામાં, ભારત સરકારે પણ બ્રિક્સની વિવિધ પ્રવૃત્તિઓમાં ચીનના સકારાત્મક સહયોગની નોંધ લીધી છે.

ચીનના વિશેષ દૂત ઝાઈ જુને તાજેતરમાં નવી દિલ્હીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ભારતીય વિદેશ મંત્રાલયના સચિવ નીના મલ્હોત્રા સાથે મહત્વપૂર્ણ બેઠક કરી હતી. બેઠકમાં ઝાઈ જુને ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત અને ચીન બંને વિશ્વના મોટા વિકાસશીલ દેશો છે અને પ્રાદેશિક શાંતિ તેમજ સ્થિરતા માટે બંને વચ્ચેનો સંવાદ અનિવાર્ય છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે પશ્ચિમ એશિયાના મુદ્દાઓ અને અન્ય આંતરરાષ્ટ્રીય બાબતો પર ભારત અને ચીન સાથે મળીને એક મજબૂત અવાજ ઉઠાવશે.

ભારત તરફથી પણ સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો છે કે તે ચીન સહિતના તમામ બ્રિક્સ ભાગીદાર દેશો સાથે મળીને પ્રાદેશિક તણાવ ઘટાડવા માટે ઉત્સુક છે. નીના મલ્હોત્રાએ આંતરરાષ્ટ્રીય સ્તરે ચીનની ભૂમિકાને મહત્વની ગણાવી હતી અને બંને દેશો વચ્ચેના સંબંધોમાં 'ડી-એસ્કેલેશન' (તણાવમાં ઘટાડો) કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

સૌથી મહત્વના સમાચાર એ છે કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ આ વર્ષના અંતમાં યોજાનારી બ્રિક્સ સમિટ માટે ભારતની મુલાકાતે આવી શકે છે.

જો આ મુલાકાત સફળ રહેશે, તો વર્ષ ૨૦૨૦ માં ગલવાન ખીણની સૈન્ય અથડામણ બાદ તેમની આ પ્રથમ ભારત યાત્રા હશે. આ મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોમાં એક નવો વળાંક લાવી શકે છે અને દાયકાઓ જૂની મૈત્રીને ફરી પાટા પર લાવી શકે છે.

આમ, એશિયાના બે દિગ્ગજ દેશો હવે સમજી રહ્યા છે કે પ્રગતિનો માર્ગ યુદ્ધ કે સંઘર્ષમાં નહીં, પરંતુ પરસ્પર સમજૂતી અને સમાધાનમાં રહેલો છે.

# રાજસ્થાનથી લઈ હિમાચલ સુધી ગાજવીજ સાથે વરસાદની સંભાવના

## વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી હીટવેવના પ્રકોપમાંથી મુક્તિઃ તાપમાનમાં ઘટાડાની શક્યતા

**અબતક નવી દિલ્હી**

ઉત્તર ભારતમાં પડી રહેલી કાળઝાળ ગરમી વચ્ચે હવે કુદરત મહેરબાન થવાના સંકેતો મળી રહ્યા છે. ભારતીય હવામાન વિભાગ ની આગાહી મુજબ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સક્રિયતાને કારણે રાજસ્થાનથી લઈને હિમાચલ પ્રદેશ સુધીના રાજ્યોમાં આગામી દિવસોમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. આ ફેરફારને કારણે છેલ્લા ઘણા સમયથી હીટવેવનો સામનો કરી રહેલા લોકો માટે રાહતના સમાચાર આવ્યા છે.

હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઊંચાઈવાળા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ અને કેટલીક જગ્યાએ કરા પડવાની પણ સંભાવના છે. પહાડી રાજ્યોમાં હવામાનમાં આવતા આ પલટાને કારણે પ્રવાસીઓને સાવચેત રહેવા જણાવાયું છે. ખાસ કરીને ભૂસ્ખલન સંભવિત વિસ્તારોમાં મુસાફરી ટાળવા અથવા હવામાનની ચોક્કસ જાણકારી મેળવીને જ આગળ વધવા સલાહ અપાઈ છે.

રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને દિલ્હી-NCR માં હવામાન વિભાગે ગાજવીજ સાથે હળવા વરસાદની આગાહી કરી છે. રાજસ્થાનના કેટલાક ભાગોમાં વરસાદ પહેલા તેજ ગતિએ ધૂળની ડમરીઓ ફૂંકાઈ શકે છે, જેની અસર સામાન્ય જનજીવન અને વાહનવ્યવહાર પર જોવા મળી શકે છે. દિલ્હીમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે છૂટાછવાયા ઝાપટાં પડવાથી મહત્તમ તાપમાનમાં ૩ થી ૪ ડિગ્રીનો ઘટાડો નોંધાઈ શકે છે.

ખરાબ હવામાનને કારણે ફ્લાઈટ અથવા ટ્રેનના સમયમાં ફેરફાર થઈ શકે છે, તેથી સ્ટેશન કે એરપોર્ટ જતાં પહેલાં સ્ટેટસ ચેક કરી લેવું.પહાડી રસ્તાઓ પર વરસાદ દરમિયાન વાહન ચલાવતી વખતે ખાસ સાવધાની રાખવી.

તમારી સાથે જરૂરી દવાઓ અને રેઈનકોટ કે છત્રી જેવી ચીજવસ્તુઓ સાથે રાખવી.

હવામાન વિભાગના મતે, આ પ્રી-મોન્સૂન ગતિવિધિઓ લાંબા સમયથી ચાલી રહેલા ગરમીના પ્રકોપને શાંત કરશે અને વાતાવરણમાં ઠંડક પ્રસરાવશે. જોકે, ગાજવીજ વખતે ખુલ્લા મેદાનમાં કે ઝાડ નીચે ઉભા ન રહેવા માટે તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# વોર્ડ નં. ૮ માં કોંગ્રેસ કે, 'આપ'નો ગજ ન વાગ્યો : ભાજપ પેનલની જીત

## મનીષભાઈ ભટ્ટ, પ્રવિણભાઈ સેગલિયા, કિરણબેન માકડિયા અને રિટાબેન સખિયાને ફુલડે વધાવતા મતદારો



**અબતક, રાજકોટ**

શહેરના વોર્ડ નં. ૮માં પણ કોંગ્રેસ કે આમ આદમી પાર્ટીનો ગજ વાગ્યો નથી. ભાજપની પેનલનો શાનદાર વિજય થયો છે. મતદારોએ વધુ એક વખત તમામ રાજકીય પક્ષોના ઉમેદવારો કે અપક્ષ ઉમેદવારોને જાકારી આપ્યો છે. અને ભાજપની વિકાસની રાજનીતિને લલાટે વિજય તિલક કર્યુ છે.

વોર્ડ નં. ૮ માં ક્રોસ વોટિંગની સૌથી મોટી ભીતી દેખાતી હતી. અહીં આમઆદમી પાર્ટીના ઉમેદવાર શિવલાલ પારસિયાનું જોર વધુ દેખાતુ હતું પરંતુ મતદાન બાદ આજે હાથ ધરવામાં આવેલ મતગણતરીમાં ભાજપ તરફી જાણે મતદાન થયું હોય તેવું પરિણામ મળ્યું છે. વોર્ડ નં. ૮ વર્ષોથી ભાજપનો ગઢ માનવામાં આવે છે. અહીં કમળના કમિટેડ વોટર વધુ પ્રમાણમાં વસવાટ કરતા હોવાના કારણે અહીં ભાજપને હરાવવું કે પેનલ તોડવી મુશ્કેલ બની રહે છે. આ વોર્ડમાં જાતિ આધારિત મતદાનનું પ્રમાણ વધુ થયું હોય તેવું લાગી રહ્યુ છે. કારણ કે, પાટીદાર સમાજના બે મહિલાઓ જે ભાજપના પ્રતિક પરથી ચૂંટણી લડીરહ્યા હતા તેઓને અન્ય બે પુરુષ ઉમેદવારોની સરખામણી વધુ મતો પ્રાપ્ત થયા હતાં. કિરણબેન મહેશભાઈ માકડિયાને સૌથી વધુ ૧૬,૭૪૪ મત મળ્યા હતાં. જ્યારે બીજા ક્રમે રિટાબેન મનજીભાઈ સખિયા રહ્યા હતા. જેઓને ૧૫૫૪૬ મતો પ્રાપ્ત થયા છે. મનીષભાઈ ભટ્ટને ૧૪૬૪૪ મતો મળ્યા છે અને પ્રવિણભાઈ સેગલિયાને ૧૪૩૫૭ મત પ્રાપ્ત થયા છે. અહીં કોંગ્રેસના ઉમેદવાર કરતા આમ આદમી પાર્ટીના ઉમેદવાર શિવલાલભાઈ પારસિયાને વધુ મતો પ્રાપ્ત થયા છે. કોંગ્રેસના ચારેય ઉમેદવારોની સરખામણીએ આમ આદમી પાર્ટીના ઉમેદવારો વધુ મતો ખેંચી ગયા છે.

# રઘુવંશી-જૈન સમાજની નારાજગી છતાં વોર્ડ નં. ૨ ભાજપે જાળવી રાખ્યો


તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

## ભાજપના ઉમેદવાર ધૈર્ય પારેખ, ડો. શૈલેષ વસાણી, દક્ષાબેન વાઘેલા અને મીનાબા જાડેજાની જીત

**અબતક, રાજકોટ**

વોર્ડ નં. ૨ માં ટિકિટ ફાળવણીને લઈ રઘુવંશી સમાજ અને જૈન સામાજમાં ભારે નારાજગી જોવા મળી હતી. વોર્ડમાં સૌથી વધુ વસ્તી ધરાવતા બે મુખ્ય સમાજની નારાજગી છતાં વોર્ડ નં. ૨ માં ભાજપના ચારેય ઉમેદવારોની શાનદાર જીત થવા પામી છે. આ વોર્ડને હેવી વેઈટ માનવામાં આવે છે. કારણ કે, રાજકોટ પશ્ચિમ વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ પણ આ વોર્ડમાં વસવાટ કરી રહ્યા છે. આ ઉપરાંત શહેર ભાજપ પ્રમુખ માધવ દવે પણ આ વોર્ડના રહેવાસી છે. સ્ટેન્ડિંગ કમિટિના પૂર્વ ચેરમેન જયમીનભાઈ ઠાકર અને પૂર્વ દંડક મનીષભાઈ રાડિયાનો આ વોર્ડ છે.

વોર્ડમાં ટિકિટ ફાળવણીને લઈને ભારે રોષ ફાટી નિકળ્યો હતો. વોર્ડની ચાર પૈકી બે બેઠકો અનામત હતી બીજી તરફ આ વોર્ડમાં રઘુવંશી સમાજને ટિકિટ ન અપાતા નારાજગી ચરમસીમાએ પહોંચી જવા પામી હતી. જૈન સમાજમાંથી ધૈર્ય પારેખને ટિકિટ આપવામાં આવતા તેની સામે પણ નારાજગી જોવા મળી હતી. પરંતુ આ વોર્ડમાં આરએસએસ સાથે જોડાયેલા પરિવારો વધુ માત્રામાં વસવાટ કરી રહ્યા હોય તેઓના મતદાનના સહારે ભાજપે જીત મેળવવામાં સફળતા મેળવી છે. વોર્ડ નં. ૨ માંથી ભાજપના પ્રતિક કમળ પરથી ચૂંટણી લડી રહેલા ધૈર્ય પારેખ ડો. શૈલેષ વસાણી, દક્ષાબેન વાઘેલા અને મીનાબા જાડેજાની જીત થવા પામી છે. બે મુખ્ય સમાજની નારાજગી વચ્ચે ભાજપની આખી પેનલ સાંગોપાંગ બહાર નિકળી ગઈ છે. વોર્ડ નં. ૨ જીત્યા બાદ ભાજપના મોટા નેતાઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

# વોર્ડ નં. ૫ માં પણ પંજાને પછડાટ

## કેસરિયો માહોલ



## ભાજપના ઉમેદવાર દિલિપભાઈ લુણાગરિયા, સંજયભાઈ ચાવડા, રસિલાબેન સાકરિયા અને સ્મીતાબેન ગોહિલની જીત

**અબતક, રાજકોટ**

વોર્ડ નં. ૫ માં પણ પંજાને ધોબી પછડાટ મળી છે. કેસરિયો છવાઈ ગયો છે. વોર્ડની ચારેય બેઠકો પર ભાજપના ઉમેદવારોની જીત થઈ છે. આ વોર્ડમાં ભાજપે બે પૂર્વ કોર્પોરેટરો પર ફરી વિશ્વાસ મુક્યો હતો. અને તેઓને ફરી મેદાનમાં ઉતાર્યા હતાં. જેમાં દિલીપભાઈ લુણાગરિયા અને રસિલાબેન સાકરિયાનો સમાવેશ થાય છે. જો કે, આ વોર્ડમાં પ્રચાર દરમિયાન કોંગ્રેસ કે આમ આદમી પાર્ટી ક્યાંય દેખાતી ન હતી માત્ર ભાજપના જ ઉમેદવારો પ્રચાર કરતા નજરે પડતા હતાં.

ભાજપના ઉમેદવાર અને પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ લુણાગરિયાના સૌથી વધુ ૧૪૧૯૭ મત મળ્યા છે. જ્યારે પૂર્વ કોર્પોરેટર રસિલાબેન સાકરિયા મત મેળવવામાં બીજા ક્રમે રહ્યા હતાં. તેઓને ૧૨૪૫૯ મતો મળ્યા હતાં. સંજયભાઈ ચાવડાને ૧૧૯૧૩ અને સ્મીતાબેન ગોહિલને ૧૧૮૯૫ મત પ્રાપ્ત થયા છે. પૂર્વ મંત્રી અરવિંદભાઈ રૈયાણી પણ આ વોર્ડમાં અગાઉ કોર્પોરેટર તરીકે ચૂંટાઈ આવતા હતાં. આ વોર્ડમાં ભાજપ ખુબ જ મજબુત છે. વોર્ડની ચારેય બેઠકો જીતવામાં પક્ષને સફળતા મળી છે.

# વોર્ડ નં. ૬ માં ભગવો લહેરાયો : ભાજપની પેનલ જીતી

**ભાજપમાંથી કોંગ્રેસમાં ગયેલા દેવુબેન જાદવને જાકારો : કમળના પ્રતિક પરથી ચૂંટણી લડી રહેલા પરેશભાઈ પીપળિયા, અનિલ ચૌહાણ, ધર્મિષ્ઠાબેન પરમાર અને પુનમબેન મોરવાડિયાની શાનદાર જીત**



**અબતક, રાજકોટ**

વોર્ડ નં. ૬ માં ચારેય બેઠકો જાળવી રાખવામાં ભાજપને સફળતા મળી છે. ચારેય ઉમેદવારો તોતીંગ લીડ સાથે વિજેતા બન્યા છે. ભાજપનો સાથ છોડી કોંગ્રેસમાં ગયેલા દેવુબેન જાદવને મતદારોએ સ્વીકાર્યા નથી. તેઓને કારમી હાર થઈ છે. વિજેતા ઉમેદવારોમાં વિજય સરઘસમાં મોટી માત્રામાં વોર્ડવાસીઓ અને ભાજપના સમર્થકો જોડાયા હતાં. વોર્ડ નં. ૬ માં ભાજપે પૂર્વ કોર્પોરેટર પરેશભાઈ પીપળિયાની આગેવાનીમાં પેનલ ઉતારી હતી. જેમાં ઓબીસી અનામત બેઠક પરથી પ્રજાપતિ સમાજમાંથી આવતા અનિલભાઈ ચૌહાણને ટિકિટ આપવામાં આવી હતી. તેઓ મતદારોનો વિશ્વાસ જીતવામાં સફળ રહ્યા હતા અને સૌથી વધુ ૧૩૬૪૪ મતો ખેંચી લાવ્યા હતાં. જ્યારે પરેશ પીપળિયાને ૧૨૩૨૯ મતો મળ્યા હતાં. પૂનમબેન ગૌતમભાઈ મોરવાડિયાને ૧૧૭૦૩ મત મળ્યા હતાં.

જ્યારે ધર્મિષ્ઠાબેન પરમારને ૧૧૮૭૫ મત મળ્યા હતાં. મેયર પદની પાંચમી અઢી વર્ષની ટર્મ અનુસુચીત જાતીના મહિલા ઉમેદવાર માટે અનામત હોય ધર્મિષ્ઠાબેન પરમાર મેયર પદ માટેના દાવેદાર મનાય રહ્યા છે.

# ટિકિટ કપાયેલાના નાટક જનતાએ નકાર્યા : વોર્ડ નં. ૧૩ માં પણ કમળનો કિલકિલાટ

## ભાજપના ઉમેદવાર પંકજભાઈ લુણાગરિયા, મોહિતસિંહ જાડેજા, સોનલબેન સેલાળા અને માધવીબેન બદ્રકિયાની જીત

**અબતક, રાજકોટ**

વોર્ડ નં. ૧૩માં ભાજપે ચાર પૈકી ત્રણ પૂર્વ કોર્પોરેટરની ટિકિટ કાપી નાખતા ઉમેદવારોના નામ જાહેર કર્યાની બીજી જ મીનીટે ભારે હંગામો બોલ્યો હતો. વોર્ડ નં. ૧૩માંથી મોટી સંખ્યામાં નિતિન રામાણીના સમર્થનમાં વોર્ડવાસીઓ કમલમ ખાતે દોડી ગયા હતા અને ઉમેદવારને બદલાવવાની માગણી કરી હતી. પરંતુ ભાજપ રોષ સામે ઝુક્યું ન હતું. વોર્ડવાસીઓએ ભાજપ પર અડીખમ વિશ્વાસ રાખ્યો છે. વોર્ડના ચારેય ઉમેદવારો વિજેતા બન્યા છે.

વોર્ડ નં. ૧૩ માં ભાજપે નિતિન રામાણી, સુરેન્દ્રસિંહ વાળા અને જયાબેન ડાંગરની ટિકિટ કાપી નાખી હતી. એક માત્ર સોનલબેન સેલાળાને ટિકિટ આપી હતી. પ્રચાર ઉમેદવારો જાહેર કરાયા બાદ વોર્ડમાં ભારે ડખ્ખો ફાટી નિકળ્યો હતો. પરંતુ આ રોષ મતદાનમાં પરિવર્તિત થયો ન હતો. જેના કારણે વોર્ડ નં. ૧૩માં ભાજપ ચારેય બેઠકો જાળવી રાખવામાં સફળ રહ્યું છે. ભાજપના ઉમેદવાર પંકજભાઈ લુણાગરિયા, મોહિતસિંહ જાડેજા, સોનલબેન સોલાળા અને માધવીબેન બદ્રકિયા વિજેતા બન્યા છે. પંકજભાઈ લુણાગરિયાને સૌથી વધુ ૧૨૯૬૮ મતો મળ્યા છે. માધવીબેન બદ્રકિયાને ૧૧૯૭૧ મત, સોનલબેન સેલાળાને ૧૧૩૭૨ મત અને મોહિતસિંહ જાડેજાને ૧૧૮૪૧ મત મળ્યા છે.



# વોર્ડ નં. ૧૪, ૧૭ અને ૧૮માં કોંગ્રેસના સુપડા સાફ : ભાજપની પેનલનો વિજય

## વોર્ડ નં. ૧૪માં કેતન પટેલ, હિરેન ખિમાણીયા, અરૂણાબેન આડેસરા અને ચંદ્રાબેન વાળા, વોર્ડ નં. ૧૭માં કિર્તિબા રાણા, રસિલાબેન વૈષ્ણવ, ડો. રિંકલ મેઘાણી અને કૌશીક ટાંક જ્યારે વોર્ડ નં. ૧૮માં સંજયસિંહ રાણા, સંજય સાગઠિયા, ભારતીબેન પરસાણા અને દક્ષાબેન વાઘેલાની જીત

**અબતક, રાજકોટ**


વોર્ડ નં. ૧૪, ૧૭ અને ૧૮માં કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયા છે. ભાજપની આખી પેનલ ત્રણેય વોર્ડમાં વિજેતા બની છે. અગાઉ પણ ભાજપ આ વોર્ડમાં પેનલ ટુ પેનલ વિજેતા બન્યું હતું.

વોર્ડ નં. ૧૪માં ભાજપના ઉમેદવાર કેતનભાઈ પટેલ, ડો. હિરેન ખિમાણીયા, અરૂણાબેન આડેસરા અને ચંદ્રાબેન માણસુરભાઈ વાળાની જીત થઈ છે. જ્યારે વોર્ડ નં. ૧૭માં ભાજપના ઉમેદવાર કિર્તિબા



અનિરૂદ્ધસિંહ રામા, રસીલાબેન વૈષ્ણવ, ડો. રિંકલભાઈ ખોડીદાસભાઈ મેઘાણી અને કૌશીકભાઈ ટાંક વિજેતા બન્યા છે. જ્યારે વોર્ડ નં. ૧૮ કે જ્યાં ભાજપે સૌથી વધુ ત્રણ પૂર્વ કોર્પોરેટરોને રિપિટ કર્યા હતાં. ત્યાં પેનલ તુટવાનો સૌથી મોટો ભય દેખાતો હતો પરંતુ આ વોર્ડમાં ભાજપ જ ચારેય બેઠક જાળવી રાખવામાં સફળ થયું છે. વોર્ડ નં. ૧૮ માં ભાજપના ઉમેદવાર સંજયસિંહ રાણા, સંજયભાઈ સાગઠિયા, ભારતીબેન પરસાણા અને દક્ષાબેન વાઘેલા વિજેતા બન્યા છે.

## સ્પોર્ટ્સ અબતક



# બેંગલોરના બોલર્સ સામે દિલ્હી ઘૂંટણીયે, ૭૫ રનમાં આઉટ

## ભુવનેશ્વર અને હેઝલવૂડની ઘાતક બોલિંગ, બેંગલોરનો નવ વિકેટે આસાન વિજય

**અબતક, રાજકોટ**

ભુવનેશ્વર કુમાર અને જોશ હેઝલવૂડે અત્યંત ઘાતક બોલિંગ કરીને તરખાટ મચાવતાં દિલ્હી કેપિટલ્સનો સંપૂર્ણ ધબડકો થયો હતો અને અહીં રમાયેલી આઈપીએલની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામે તેનો નવ વિકેટે કારમો પરાજય થયો હતો. આ મેચ સાવ એક તરફી બની ગઈ હતી જેમાં દિલ્હી કેપિટલ્સ પાસે મેચના કોઈ પણ તબક્કે લડત આપવાની પણ તાકાત રહી ન હતી. આ સાથે બેંગલોરે ૧૨ પોઈન્ટ સાથે બીજો ક્રમ હાંસલ કરી લીધો હતો.

અરૂણ જેટલી (કોટલા) ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં દિલ્હીની ટીમ ૧૬.૩ ઓવરમાં માત્ર ૭૫ રન કરી શકી હતી. જેના જવાબમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ૬.૩ ઓવરમાં એક વિકેટે ૭૭ રન કરીને નવ વિકેટે મેચ જીતી લીધી હતી. દિલ્હીની ઈનિંગ્સનો પ્રારંભ અત્યંત કંગાળ રહ્યો હતો. ભુવનેશ્વર કુમાર અને જોશ હેઝલવૂડ વચ્ચે વિકેટો ઝડપવાની હરિફાઈ ચાલતી હોય તેમ તેઓ વિકેટ ખેરવતા રહ્યા હતા. દિલ્હીએ પહેલી ચાર ઓવર સુધીમાં દરેક ઓવરમાં એક કે બે વિકેટ ગુમાવી હતી. અંતે તેણે ચોથી ઓવરના પાંચમા બોલે છઠ્ઠી વિકેટ ગુમાવી ત્યારે ટીમનો સ્કોર હજી આઠ જ રન હતો. આમ આઈપીએલના ઈતિહાસમાં ડબલ ફિગર સુધી પહોંચતા અગાઉ સૌથી વધુ વિકેટ ગુમાવી દેવાનો અનિચ્છનીય રેકોર્ડ દિલ્હી કેપિટલ્સના નામે થઈ ગયો હતો.

હેઝલવૂડે ૧૨ રનમાં ચાર અને ભુવનેશ્વર કુમારે પાંચ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. દિલ્હી કેપિટલ્સ માટે અભિષેક પોરેલે ૩૩ બોલમાં ૩૦ રનની લડાયક ઈનિંગ્સ રમી હતી જેને કારણે ટીમ ૫૦નો આંક પાર કરી શકી હતી.ભુવનેશ્વર અને હેઝલવૂડ સિવાયના બેંગલોરના બોલરે પણ કમાલ કરી હતી જેમાં રસિખ સલામ,સૂયાશ શર્મા અને કૃણાલ પંડ્યાએ એક એક વિકેટ ખેરવી હતી. ૭૬ રનના આસાન ટારગેટ સામે બેંગલોરે ઓપનર જેકોબ બેથેલ (૨૦) વિકેટ ગુમાવી હતી જ્યારે વિરાટ કોહલીએ અણનમ ૨૩ અને દેવદત્ત પડિક્કલે ૧૩ બોલમાં અણનમ ૩૪ રન ફટકારીને પાવર પ્લેમાં જ ટીમને સફળતા અપાવી દીધી હતી. અગાઉ જોશ હેઝલવુડ અને ભુવનેશ્વર કુમારે પાવરપ્લેને વિનાશક રમત બનાવી દીધી હતી. ત્રણ-ત્રણ ઓવરના ઘાતક સ્પેલ સાથે આ જોડીએ દિલ્હીની બેટિંગ લાઈન-અપના ટુકડા કરી નાખ્યા હતા.



### કોહલીએ આઈપીએલમાં ૯ હજાર રન પુરા કરી ઈતિહાસ સર્જ્યો

આઈપીએલ ૨૦૨૬માં વિરાટ કોહલીએ ફરી એકવાર ઈતિહાસ રચ્યો. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના આ દિગ્ગજ બેટ્સમેનએ એક એવો રેકોર્ડ બનાવ્યો જે કોઈપણ અન્ય ખેલાડી માટે પહોંચવો ખૂબ જ મુશ્કેલ હશે. હકીકતમાં ૨૭ એપ્રિલના રોજ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામેની મેચ દરમિયાન વિરાટ કોહલી આઈપીએલ ઈતિહાસમાં ૯૦૦૦ રન પૂર્ણ કરનાર પ્રથમ ખેલાડી બન્યો. પોતાની ૨૭૫મી આઈપીએલ મેચ રમી રહેલા વિરાટ કોહલીને આ સિદ્ધિ સુધી પહોંચવા માટે ફક્ત ૧૧ રનની જરૂર હતી, જે તેને બેંગ્લોરની ઈનિંગના છઠ્ઠા ઓવરના છેલ્લા બોલ પર એક સિંગલ લઈને પ્રાપ્ત કરી. વિરાટ કોહલીએ આ સિદ્ધિ હાંસલ કરવા માટે ૬૭૩૨ બોલનો સામનો કર્યો. વિરાટ કોહલીનો આ રેકોર્ડ ફરી એકવાર સાબિત કરે છે કે તેને ટી૨૦ ક્રિકેટના મહાન બેટ્સમેનોમાંનો એક કેમ માનવામાં આવે છે.



# આજે મજબૂત પંજાબ કિંગ્સ સામે રાજસ્થાન રોયલ્સનો મુકાબલો

## રાજસ્થાન રોયલ્સને હરાવી પંજાબ પાસે હાર્યા વિના પ્લેઓફમાં પ્રવેશવાની તક

**અબતક, રાજકોટ**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૬ની સિઝનમાં અત્યાર સુધી અજેય રહેલી એકમાત્ર ટીમ હોય તો તે પંજાબ કિંગ્સ છે અને હવે તેની પાસે એક પણ મેચ હાર્યા વિના પ્લેઓફ રાઉન્ડમાં પ્રવેશવાની ઉમદા તક આવી પડી છે

ત્યારે મંગળવારે રમાનારી મેચમાં તેનો મુકાબલો રાજસ્થાન રોયલ્સ સામે થશે. આ મેચમાં પંજાબ જીતે તો તે એક પણ મેચ હાર્યા વિના પ્લેઓફમાં પ્રવેશી શકે છે. જોકે તેને આમ કરવા માટે રાજસ્થાનના યુવાન આક્રમક અને અત્યંત આક્રમક બેટર વૈભવ સૂર્યવશીને અંકુશમાં રાખવો પડશે.


સાંજે ૭.૩૦ કલાકે મેચનો પ્રારંભ થશે.જોકે રોયલ્સના કેપ્ટન રિયાન પરાગે એક બેટર તરીકે સારો દેખાવ કરવો હવે જરૂરી બની ગયું છે અને પંજાબના વિજયરથને અટકાવવા માટે તેણે ઉદાહરણરૂપ પ્રદર્શન કરવું પડશે તો બીજી તરફ શ્રેયસ ઐયરની કપ્તાની અને રિકી પોન્ટિંગના કોચિંગ કાળનો ગયા વર્ષથી પ્રારંભ થયો ત્યાર બાદ પંજાબ શાનદાર પ્રદર્શન કરી રહ્યું છે. તેણે ૨૦૨૫ની સિઝનની ફાઈનલમાં પણ પ્રવેશ કર્યો હતો ત્યારે આ વખતે ઐયર-પોન્ટિંગની જોડી હાથમાં આવેલી આ સુવર્ણ તક જતી કરવા માગશે નહીં. આઈપીએલ અને ઈન્ટરનેશનલ ક્રિકેટમાં રનચેઝમાં વિરાટ કોહલીએ કાબેલિયત હાંસલ કરેલી છે

તેવી જ કાબેલિયત શ્રેયસ ઐયર પ્રાપ્ત કરી રહ્યો છે. એક કેપ્ટન તરીકે અને બેટ્સમેન તરીકે તેણે કટોકટીની ક્ષણોમાં શાંત રહીને ટીમને સફળતા અપાવી છે અને તેથી જ પંજાબની ટીમ અત્યાર સુધી અજેય રહી છે.શ્રેયસ ઐયરે તો ટીમને સફળતાપૂર્વક આગળ ધપાવી છે પરંતુ સાથે સાથે સમગ્ર ટીમે શાનદાર કામગીરી અદા કરી છે. આ દરમિયાન પંજાબે આઈપીએલના ઈતિહાસમાં સૌથી ઓછો સ્કોર ડિફેન્ડ કરવાની સિદ્ધિ હાંસલ કરી છે

તો બીજી તરફ ૨૬૫ રનનો વિશાળ ટારગેટ સફળતાપૂર્વક ચેઝ કરવાની પણ સિદિધ નોંધાવી છે. આ સિઝનમાં પંજાબે સાતમાંથી છ મેચ જીતી છે તો બાકી રહેલી એક મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી જેમાંથી તેને એક પોઈન્ટ મળ્યો હતો.



# મુંબઈનો સ્ટાર ઓલરાઉન્ડ સેટનર આઈપીએલમાંથી બહાર, કેશવ મહારાજ ટિમ સાથે જોડાયો



**અબતક, રાજકોટ**

આઈપીએલ ૨૦૨૬ દરમિયાન મુંબઈ ઈન્ડિયન્સને મોટો ઝટકો લાગ્યો છે. ટીમના સ્ટાર ઓલરાઉન્ડર મિચેલ સેન્ટનર ઈજાને કારણે આખી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે, જેની સીધી અસર મુંબઈની રણનીતિ પર પડશે. ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની મેચ દરમિયાન મિચેલ સેન્ટનરને ખભામાં ઈજા થઈ હતી. બાઉન્ડ્રી નજીક બોલ પકડવાનો પ્રયાસ કરતી વખતે તેને આ ઈજા થઈ હતી, જેના પછી તે હવે આખી સીઝનમાંથી બહાર થઈ ગયો છે.મુંબઈ ઈન્ડિયન્સે સેન્ટનરના સ્થાને સાઉથ આફ્રિકાના અનુભવી સ્પિનર કેશવ મહારાજને સાઈન કર્યો છે. આઈપીએલ દ્વારા ૨૭ એપ્રિલના રોજ જાહેર કરાયેલા એક નિવેદનમાં આ વાતની પુષ્ટિ કરવામાં આવી હતી. આઈપીએલે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે મુંબઈ ઈન્ડિયન્સે મિચેલ સેન્ટનરના સ્થાને સાઉથ આફ્રિકાના સ્પિનર કેશવ મહારાજને સાઈન કર્યો છે, જે ડાબા ખભાની ઈજાને કારણે ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬માંથી બહાર થઈ ગયો છે. ચેન્નાઈ સુપર કિંગ્સ સામે એમઆઈની છેલ્લી ઘરઆંગણેની મેચ દરમિયાન બાઉન્ડ્રી નજીક કેચ લેવાનો પ્રયાસ કરતી વખતે સેન્ટનરને આ ઈજા થઈ હતી.મિચેલ સેન્ટનરની ગેરહાજરી મુંબઈ ઈન્ડિયન્સ માટે એક મોટી ખોટ માનવામાં આવે છે, કારણ કે તે બેટ અને બોલ બંનેમાં મુખ્ય યોગદાન આપતો હતો. કેશવ મહારાજ ટીમ પર કેટલો પ્રભાવ પાડી શકે છે તે જોવું રસપ્રદ રહેશે.

# અમ્પાયરના નિર્ણયનો વિરોધ કરવા બદલ રઘુવંશીને પેનલ્ટી

## ઓબસ્ટ્રકશન ધ ફિલ્ડ આઉટ થતાં અકળાયો, મેચ ફીની ૨૦ ટકા રકમનો દંડ



**અબતક, રાજકોટ**

આઈપીએલમાં રવિવારે રમાયેલી લખનૌ સુપર જાયન્ટ્સ સામેની ટી૨૦ ક્રિકેટ મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સનો બેટ્સમેન અંગક્રિશ રઘુવંશી ઓબ્સ્ટ્રકશન ઓફ ધ ફિલ્ડ તરીકે આઉટ થયો હતો. અમ્પાયરના આ નિર્ણય બાદ રઘુવંશીએ વિરોધ પ્રદર્શિત કર્યો હતો અને મેદાન પર અમ્પાયર્સ સાથે ચડસાચડસીમાં ઉતરી ગયો હતો ત્યાર બાદ તેણે બહાર આવીને હેલમેટ ફેંકી દીધી હતી. આ બદલ આઈપીએલના મેચ રેફરી જવાગલ શ્રીનાથ તથા કાઉન્સિલે આચારસંહિતાનો ભંગ કરવા બદલ રઘુવંશીની મેચ ફીની ૨૦ ટકા રકમ કાપી લેવાનો દંડ કર્યો હતો.કોલકાતા નાઈટ રાઈડર્સે અંતે ટાઈ બાદ સુપર ઓવરમાં આ મેચ જીતી લીધી હતી.કોલકાતા નાઈટ રાઈડર્સના અંગક્રિશ રઘુવંશી પર મેચ દરમિયાન અયોગ્ય વર્તન કરવા બદલ કડક કાર્યવાહી કરવામાં આવી છે. આઈપીએલ દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર રઘુવંશીને તેની મેચ ફીના ૨૦ ટકા રકમનો દંડ ફટકારવામાં આવ્યો છે અને તેના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ ઉમેરવામાં આવ્યો છે.રવિવારે મેચની પાંચમી ઓવર દરમિયાન આ ઘટના બની હતી. આઈપીએલમાં ભાગ્યે જ આ પ્રકારના ઓબ્સ્ટ્રક્ટિંગ ધ ફિલ્ડના અસામાન્ય નિર્ણય હેઠળ આઉટ જાહેર કરવામાં આવે છે. આ નિર્ણયથી નારાજ થયેલા રઘુવંશીએ મેદાનની બહાર જતી વખતે ગુસ્સામાં આવીને પોતાના બેટ વડે બાઉન્ડ્રી કુશન પર પ્રહાર કર્યો હતો. એટલું જ નહીં તેણે ડગઆઉટમાં પહોંચ્યા બાદ પોતાની હેલમેટ પણ જોરથી ફેંકી દીધી હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હેન્ડબોલ ટીમ ભારતની ટોપ-૪માં, ખેલો ઈન્ડિયા માટે ક્વોલિફાય



**અબતક, રાજકોટ**

ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી હેન્ડબોલ ભાઈઓની સ્પર્ધાનું આયોજન રાજસ્થાન યુનિવર્સીટી જયપુર ખાતે સફળતાપૂર્વક થયું હતું. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટીની હેન્ડબોલ ટીમે ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી ભારતની શ્રેષ્ઠ ચાર ટીમોમાં પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું છે.

સેમિફાઈનલમાં યુનિવર્સિટી ઓફ રાજસ્થાન સામે રોમાંચક મુકાબલો આપ્યા બાદ ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ઉત્તમ પ્રદર્શન કરીને પોઈન્ટ ટેબલમાં ચોથા ક્રમે સ્થાન મેળવ્યું. બ્રોન્ઝ મેડલ માટેની હાર્ડલાઈન મેચમાં પણ માત્ર એક ગોલથી હારીને ટીમ ચોથા નંબરે રહી હતી.

સિદ્ધિ સાથે ગુજરાતના રમતગમત ઈતિહાસમાં નવો માઈલસ્ટોન સ્થાપિત થયો છે.

અત્યાર સુધીમાં હેન્ડબોલમાં કોઈપણ ગુજરાતની યુનિવર્સિટી ટીમ ઓલ ઈન્ડિયામાં ચોથા સ્થાન સુધી પહોંચી અને ખેલો ઈન્ડિયા માટે ક્વોલિફાય થઈ હોય તેવી આ પ્રથમ ઘટના છે.

હવે આવનારા ખેલો ઈન્ડિયામાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટીની ટીમ મેડલ માટે મજબૂત દાવેદાર તરીકે ઊભી રહેશે.

આ ઐતિહાસિક સફળતા બદલ યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશી, રજીસ્ટ્રાર ડો. અજયસિંહ જાડેજા, ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબા તેમજ બોર્ડ ઓફ સ્પોર્ટ્સના સભ્યો, તમામ શારીરિક શિક્ષણ અધ્યાપકો અને રમતગમત પ્રેમીઓએ ખેલાડીઓ, કોચ અને મેનેજર ડો. ભાવેશ રાબા અને રાહુલ વેગડને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

કુલપતિએ ટીમના ઉત્કૃષ્ટ પ્રદર્શનની પ્રશંસા કરી અને આવનારા ખેલો ઈન્ડિયામાં વધુ શ્રેષ્ઠ પ્રદર્શન કરીને મેડલ જીતવાની શુભેચ્છાઓ આપી છે.

આ ભવ્ય સિદ્ધિથી સમગ્ર ગુજરાતમાં હેન્ડબોલ રમતમાં આનંદ અને ગૌરવની લાગણી છવાઈ ગઈ છે. આ પ્રથમ ઐતિહાસિક સફળતા ભવિષ્યમાં વધુ મોટી સિદ્ધિઓ માટે પ્રેરણા પૂરું પાડશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.



# એશિયન ગેમ્સ હવેથી ઓલિમ્પિક્સના એક વર્ષ અગાઉ યોજાય તેવી શક્યતા

## એશિયન ગેમ્સના કાર્યક્રમમાં મોટા ફેરફારની તૈયારી, ઓલિમ્પિક્સની ક્વોલિફિકેશન ઈવેન્ટ બની શકે



**અબતક, રાજકોટ**

ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયા એશિયન ગેમ્સના આયોજનના સમયગાળામાં એક મોટો ફેરફાર કરવાની યોજના બનાવી રહ્યું છે. વિશ્વની સૌથી મોટી રમતગમત સ્પર્ધા એટલે કે ઓલિમ્પિક્સ સાથે બહેતર તાલમેલ સાધવા માટે હવે એશિયન ગેમ્સ ઓલિમ્પિક્સના બરાબર એક વર્ષ અગાઉ યોજવામાં આવી શકે છે.ઓસીએના વિસ પ્રેસિડેન્ટ સોંગ લુઝેન્ગે તાજેતરમાં એક વાતચીતમાં જણાવ્યું હતું કે આ ફેરફાર દોહા એશિયન ગેમ્સથી અમલમાં આવવાની શક્યતા છે. આ સ્પર્ધા જે અગાઉ ૨૦૩૦માં યોજાવાની હતી, તેને હવે ખસેડીને ૨૦૩૧માં કરવામાં આવી શકે છે.આઈચી-નાગોયા ૨૦૨૬ એશિયન ગેમ્સ તેના નિર્ધારિત સમય (૧૯ સપ્ટેમ્બરથી ચોથી ઓક્ટોબર ૨૦૨૬) દરમિયાન જ યોજાશે. જોકે દોહા ખાતેની ૨૦૩૦ની એશિયન ગેમ્સ હવે ૨૦૩૧માં યોજવાની દરખાસ્ત છે. દોહા ખાતેની ગેમ્સમાં ફેરફાર સાથે રિયાધ ખાતે ૨૦૩૪ને બદલે ૨૦૩૫માં એશિયન ગેમ્સ યોજાઈ શકે છે. સોંગ લુઝેન્ગે જણાવ્યું હતું કે આ ફેરફારથી એશિયન ગેમ્સ ઓલિમ્પિક્સ માટે ક્વોલિફાઈંગ ઈવેન્ટ તરીકે કામ કરી શકશે. જેનાથી ટોચના ખેલાડીઓને સ્પર્ધાની મૂલ્યવાન તકો મળશે અને ગેમ્સનું એકંદર સ્તર ઊંચું આવશે.

### નજર હટી દુર્ઘટના ઘટી...

# જોબવર્ક માટે સવારે આવેલી રાજસ્થાની બેલડી રૂ.૧૪ લાખની ચાંદી ઉઠાવી સાંજે ફરાર

## પટેલનગરના વેપારીએ ઘરેણાં બનાવવા આપેલી ૯.૧૯૦ કિલો ચાંદી જોબવર્ક કરતા કારીગરના મજૂરો ચોરી ગયા

## કારીગર પાયલનું સેમ્પલ બતાવવા ગયા અને પાછળથી ચાંદીનો દલ્લો ઉઠાવી મકાનને તાળુ મારી મામા-ભાણેજ છનનન

**અબતક, રાજકોટ**

શહેરના પેડક રોડ પર રહેતા અને પટેલનગરમાં ચાંદીના દાગીના બનાવી વેપાર કરતા વેપારી યુવાનનું રૂ.૧૪ લાખની કિંમતની ચાંદી ચોરી રાજસ્થાની બેલડી ફરાર થઇ ગઇ હતી. જોબવર્ક કરતા શખ્સને આપેલું ૯.૧૯૦ કિલો ગ્રામ ચાંદીનો જથ્થો રાજસ્થાનથી સવારે જ આવેલી બેલડી ઉઠાવી સાંજના સમયે ફરાર થઇ ગઇ હતી. જે બનાવને પગલે બી-ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. તસ્કરોને ઝડપી લેવા સ્થાનિક પોલીસની સાથોસાથ ક્રાઇમ બ્રાન્ચ અને એલસીબીએ ચક્રો ગતિમાન કર્યા છે.

બનાવ અંગે પેડક રોડ પર બોમ્બે સુપર હાઇટ્સ ફ્લેટ નં.૯૦૪માં રહેતા ૨૮ વર્ષીય ચાંદીના ધંધાર્થી બ્રિજેશભાઇ હિતેશભાઇ ગજેરાએ આરોપી તરીકે ભેરૂસિંહ રાજપૂત અને શંકરસિંહ રાજપૂત (બંને રહે. રાજસ્થાન)નું નામ આપતા જણાવ્યું હતું કે તેઓ પટેલનગર શેરી નં.૨ ખાતે 'એમ.ડી.ક્રિએશન' નામે ચાંદી-ઇમીટેશનના દાગીના બનાવવાનું વ્યવસાય ધરાવે છે. તેમની દુકાનમાં કુલ ૧૦ કારીગરો કામ કરે છે. તેઓ ચાંદીના ઘરેણાં બનાવી વેંચવાનું કામ કરે છે. જે ઘરેણાં બનાવવા માટે તેઓ આઉટ્સ સોર્સિંગથી જોબવર્ક કરાવે છે. જે અનુસંધાને અલગ-અલગ પાંચથી સાત કારીગરોને ચાંદીના ચોસલા તેમજ પડત્તર ચાંદી આપી તે ચાંદીના વજનના ઘરેણાં પરત મેળવતા હોય છે.

ફરિયાદીએ જણાવ્યું હતું કે અમારો રેગ્યુલર કારીગર હાજર ન હોય માટે મેં ઘરેણાં બનાવવા મિત્ર કિશનભાઇ સુરેશભાઇ રામાણી કે જે મારી જેમ ચાંદીના ઘરેણાં બનાવડાવી વેપાર કરે છે તેના કહેવાથી તેમના નિયમિત કારીગર ભાવેશભાઇ શિવલાલભાઇ સોની (ઉ.વ.૨૭, રહે. તિરૂપતિનગર શેરી નં.૪, મોરબી રોડ, રાજકોટ મૂળ રહે. ભીલવાડા, રાજસ્થાન)ને ઘરેણાં બનાવવા ૯.૧૯૦ કિલો ગ્રામ ૬૦ ટચની ચાંદીના કાસ્ટીંગ/ચેઇન/રેવા વજન કરી રૂબરૂ મારા કારખાને આપેલ હતા. આ ચાંદી મેં પાયલ બનાવવા માટે આપેલ હતી. બાદ ભાવેશભાઇ મને સાંજે ૫ વાગ્યા આસપાસ પાયલનું સેમ્પલ બતાવવા માટે આવેલ હતા. તેણે કહેલ હતું કે જો સેમ્પલ બરાબર હોય તો બાકીનો માલ ઘરે પડેલ છે, બેથી ત્રણ દિવસમાં તમને તૈયાર કરીને આપીશ. જેથી મેં સહમતી આપતા તેઓ પરત જતા રહ્યા હતા.

**બી-ડિવિઝન, એલસીબી, ક્રાઇમ બ્રાન્ચ દ્વારા તપાસનો ધમધમાટ: ટીમો રાજસ્થાન પંથક તરફ દોડાવાઇ**

રાત્રિના ૧૦ વાગ્યાની આસપાસ ભાવેશ સોની ગભરાયેલી હાલતમાં મારી ઓફિસે દોડી આવેલ હતા અને મને કહ્યું હતું કે પાયલ બનાવવા માટે તમે મને આપેલ ચાંદી સાંજના ૫ થી ૭ વાગ્યાના અરસામાં મારી સાથે રહેતો ભેરૂસિંહ રાજપૂત અને શંકર રાજપૂત લઇને જતા રહેલ છે. હું અહિં તમને પાયલનું સેમ્પલ બતાવવા આવ્યો ત્યારે બંને શખ્સો ચાંદીનો જથ્થો મેળવી ક્યાક નીકળી ગયેલ છે. વધુમાં ભાવેશે જણાવ્યું હતું કે આજે સવારમાં હું મારા સંબંધી રામભાઇ સોનીના સંબંધી ભેરૂસિંહ તથા તેનો ભાણો શંકરસિંહને મજૂરી અર્થે રાજકોટ લઇ આવેલ હતો. હું તમને સેમ્પલ બતાવી ઘરે પરત ફર્યો ત્યારે ઘરમાં તાળુ મારેલ હતું જેથી મેં ભેરૂસિંહને ફોન કરતા તમને મને પાંચ મિનિટમાં આવું છું તેમ કહ્યું હતું બાદ વારંવાર ફોન કરવા છતા તે આવ્યો ન હતો અને પોતાનો ફોન બંધ કરી દીધેલ હતો. જેથી મેં અને મારા મિત્ર મુકેશદાસ વૈષ્ણવે ઘરનું તાળુ તોડી અંદર તપાસ કરતા ચાંદીનો જથ્થો મળી આવ્યો ન હતો બાદ હું અને મુકેશભાઇએ અલગ-અલગ સ્થળે ભેરૂસિંહ અને શંકરસિંહની શોધખોળ કરી હતી પરંતુ બંને ક્યાય મળી આવ્યા ન હતા.

બંને રાજસ્થાની શખ્સો રૂ.૧૪ લાખની કિંમતની ૯.૧૯૦ કિલો ચાંદી લઇને રફૂચક્કર થઇ જતાં ચાંદીના વેપારીએ બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જે બનાવને પગલે બી-ડિવિઝન પોલીસ મથકના પીઆઇ જી.આર.ચૌહાણની ટીમોએ તસ્કરોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. સાથોસાથ એલસીબી ઝોન-૧ પીએસઆઇ એમ.કે. મોવલીયા અને ક્રાઇમ બ્રાન્ચની ટીમોએ પણ તપાસમાં ઝૂકાવ્યું હતું. પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર તસ્કરોને દબોચી ચાંદી રિકવર કરવા પોલીસની ટીમોને તસ્કરોના મૂળ વતન રાજસ્થાન ખાતે દોડાવવામાં આવી છે.

**વારંવાર ફોન કરતા પાંચ મિનિટમાં આવું છું કહી બ્હાના બતાવ્યા બાદ મોબાઇલ સ્વીચઓફ કરી દીધો: તાળુ તોડી મકાનમાં તપાસ કરતા ચાંદીનો જથ્થો ચોરાઇ ગયાની જાણ થઇ**

# મોતિયાના ઓપરેશનને હયાત રોગ ગણી મેડીક્લેઇમ નકારી શકાય નહીં

## વીમા કંપનીએ ૧૫ વર્ષ પહેલાની કોર્નિયા એન્જિયોગ્રાફીની વિગત પ્રપોઝલ ફોર્મમાં ન હોવાનું બહાનું કાઢ્યું

**અબતક, રાજકોટ**

૧૫ વર્ષ પહેલા આંખની કોર્નિયાની કરાવેલી એન્જિયોગ્રાફીને પ્રિ-એક્ઝિસ્ટિંગ ડિસીઝ ગણીને વીમા કંપનીએ રદ કરેલો મોતિયાની સારવાર મેડીકલેઇમ ચૂકવી દેવા ગ્રાહક ફોરમે વીમા કંપનીને હુકમ કર્યો છે. આ અંગેની હકીકત મુજબ, રાજકોટના ઉષાબેન એસ.દોશીએ ન્યુવા બ્યુપા હેલ્થ ઈન્સ્યુરન્સ કં. લી.ની ઈન્ડીવિડ્યુઅલ મેડીકલેઇમ પોલિસી કુલ રૂા.૫ લાખની લીધેલ હતી. દરમિયાન ઉષાબેનને ડાબી આંખમાં વિઝન ઓછું થતા ડો. વિજય એસ. મહેશ્વરીને બતાવતા ડોકટરે ફરી ડાબી આંખનું કેટેરેકટ (મોતિયો)નું ઓપરેશન કરેલું અને મલ્ટીફોકલ લેન્સ ફિટ કરેલો. ડો. મહેશ્વરીએ ઓપરેશન ચાર્જીસ, કન્સલ્ટેશન ચાર્જીસ, લેન્સ ફિટિંગ ચાર્જીસ, વગેરેના મળી માત્ર રૂા. ૬૫ હજારનું બિલ આપેલું, જેનો ક્લેઇમ મેળવવાની કાર્યવાહીમાં વીમા કંપનીએ વીમેદારને ભુતકાળમાં આંખની એન્જિયોગ્રાફી કરાવેલ હતી અને ભુતકાળમાં આંખમા તકલીફ હતી તે વિગતો પ્રપોઝલ ફોર્મમાં દર્શાવેલ નથી' તેવું બહાનું કાઢી ઉષાબેન દોશીનો ક્લેઇમ તા.૨૨-૭-૨૫ના પત્રથી નામંજુર કરતા, તેમણે ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ ફરિયાદ દાખલ કરી હતી. તેમાં રાજકોટ ગ્રાહક તકરાર નિવારણના પ્રમુખ પી.સી.રાવલ અને મેમ્બર એમ.એસ.ભટ્ટે ઠરાવેલ છે કે વીમા કંપનીએ પોતાના રેપ્યુડેશન લેટર તા.૨૨-૭-૨૫માં લીધેલો બચાવ ખરો નથી. ફરીયાદીએ ભુતકાળમાં આંખની કોર્નિયાની એન્જિયોગ્રાફી કરાવેલ છે અને હાલમાં મોતિયાનું ઓપરેશન કરાવેલ છે તે બંન્ને તકલીફો વચ્ચે કોઈપણ જાતના સંબંધો - નેકસસ નથી અને માત્ર ભુતકાળમા આંખની કોર્નિયાની સારવારનેપ્રિ-એક્ઝિસ્ટિંગ ડિસીઝ ગણી શકાય નહીં, તેમ ઠરાવી કમિશને ફરીયાદી ઉષાબેન દોશીને રૂા. ૬૫ હજાર અને વકીલ ખર્ચનાં રૂા.૨૫૦૦ બે માસમાં ચુકવવાનો વીમા કંપનીને હુકમ કર્યો છે. જો આ રકમ ૨-માસમાં ન ચુકવાય તો વીમા કંપનીએ અરજીની તારીખથી વ્યાજ ચુકવવા જવાબદાર થશે ત પણ હુકમમાં જણાવ્યું છે. આ કામમાં ફરીયાદી વતી ધારાશાસ્ત્રી પી.આર. દેસાઈ અને સુનીલ વાઢેર રોકાયા હતાં.

# હીરાસર એરપોર્ટ પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપત બોદરે કર્યું સ્વાગત

**અબતક, રાજકોટ**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ એ સોમનાથ પ્રવાસ દરમિયાન રાજકોટ હિરાસર એરપોર્ટ પર ટૂંકું રોકાણ કર્યું હતું, રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદર સહિતના આગેવાનોએ ગૃહમંત્રીના સ્વાગત કર્યું હતું,

ભુપતભાઈ બોદર અને ગૃહમંત્રી અમિતભાઈ શાહ એકમેકને મળ્યા હતા અને અમિતભાઈ પૂછ્યું હતું કેમ છે ભુપતભાઈ? બંને નેતાઓએ અરસપરસ ખબર અંતર પૂછ્યા હતા અને ભુપતભાઈ સાથે અમિતભાઈ એ વર્તમાન રાજકીય અને સામાજિક વિષય પર ચર્ચાપરામર્શ કર્યો હતો.



# ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટથી પાંચ દાઝ્યા: એકનું સારવારમાં મોત

## રણુજા મંદિર નજીક હંસરાજ નગરમાં રસોઈ બનાવતી વેળાએ એક સપ્તાહ રર્ઘટના સર્જાઈ

**અબતક, રાજકોટ**

રાજકોટના કોઠારીયા રોડ પર આવેલા રણુજા મંદિર નજીક હંસરાજ નગર વિસ્તારમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતા અફરાત મચી ગઈ હતી. રાત્રિના સમયે જ્યારે શ્રમિક પરિવાર રસોઈ બનાવવાની તૈયારી કરી રહ્યો હતો, ત્યારે અચાનક થયેલા વિસ્ફોટમાં મહિલા સહિત પાંચ લોકો આગની લપેટમાં આવી ગયા હતા. જેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં ચાલુ સારવાર દરમિયાન યુવકનું મોત નીપજ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ ઉત્તર પ્રદેશના વતની અને અહીં રહીને લાદી કામ કરી ૫ લોકો ૨૩ એપ્રિલે રાત્રે ૯:૦૦ વાગ્યાના અરસામાં જ્યારે તેઓ રસોઈ બનાવી રહ્યા હતા, તે વખતે કોઈ કારણોસર ગેસનો બાટલો ફાટતા ઘરની ઓરડી પર નાખેલા સિમેન્ટના પતરાં કાગળની જેમ હવામાં ફંગોળાયા હતા. જેમાં એક જ પરિવારના ચાર સભ્યો અને એક પાડોશી મહિલા સહિત કુલ પાંચ વ્યક્તિઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ મારફતે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા.જેમાં આજરોજ ચાલુ સારવાર દરમિયાન પ્રવેશ ચોહાણ નું મોત નીપજ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, રસોઈ બનાવવાની તૈયારીઓ કરતા હતા ત્યારે ગેસનો બાટલો ખાલી થઈ જવાથી નવો બાટલો ચડાવવામાં આવ્યો હતો, જેમાં ગેસ સિલિન્ડર લીકેજ હોવાના કારણે આ હોનારત સર્જાઈ હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું મૃતક પ્રવેશ મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો, પોતે ત્રણ ભાઈ બે બહેનમાં મોટો હતો બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# પત્ની, પુત્રીને ભરણપોષણ રૂ.૫,૦૦૦, મકાન ભાડું રૂ.૨૦૦૦ મંજૂર

## આઠ વર્ષના લગ્નજીવન બાદ પત્ની અને સગીર સંતાનને તરછોડતા ખાધા ખોરાકીની દાદ માંગી તી

**અબતક, રાજકોટ**

આઠ વર્ષના લગ્નજીવન બાદ પત્ની તથા સગીર સંતાનને તરછોડવા સબબ ડોમેસ્ટિક વાયોલેન્સ ના કેસમાં પતિએ રૂા.૫,૦૦૦ ભરણપોષણ તથા મકાન ભાડું રૂા.૨૦૦૦ ચુકવવાનો જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ દ્વારા વચગાળાનો હુકમ કરવામાં આવ્યો છે.આ અંગેની હકીકત મુજબ, હાલ રાજકોટમાં માવતરમાં રહેતા પારૂલબેન ડેનિશભાઈ ભીમાણીના લગ્ન દિનેશભાઈ અશોકભાઈ ભીમાણી (રહેવાસી મોરબી) સાથે તા. ૦૭/૩/૨૦૧૪ ના રોજ હિન્દુ જ્ઞાતિના રીતરીવાજ અનુસાર થયા હતા. આ લગ્નજીવનના થોડા સમય બાદ સામાવાળા પતિ દ્વારા પરિણીતાને માનસીક શારીરીક ત્રાસ આપી ૨૦૨૨માં પીયરે કાઢી મુકેલ હતા. તેમના લગ્ન જીવનથી સંતાનમા પુત્ર શ્રેયનો જન્મ થયેલ, તેમજ સામાવાળા પતિ આજદિન સુધી પરિણીતા તથા સગીર સંતાનને તેડવા માટે આવેલ ન હોય અને બંનેના ભરણપોષણ કે બીમારીની કોઈ જવાબદારી નીભાવી ન હોઈ, તેમજ પતિ દ્વારા કોઈ દરકાર કે કાળજી ન લેવાતા પરિણીતાએ પતિ સાસરીયા વિરુદ્ધ અદાલતમાં ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ અંગેની દાદ માંગતી અરજી દાખલ કરી હતી. તેમાં સાથે વચગાળામાં ભરણપોષણની માગણી કરવામાં આવતા, સામાવાળાને કોર્ટમાંથી નોટીસ મોકલાવેલ જે બજી ગયેલ હોય તેમજ સામાવાળા હાજર રહેલ હોય તેમજ હાલનો કેસ ચાલવા પર આવતા આ કેસમાં અરજદારના એડવોકેટ પરેશ બી મૂંગની લંબાણ પુર્વકની વચગાળાની દલીલ રજુ કરેલ અને પતિ ભરણપોષણ ચુકવવા જવાબદાર બનતો હોવાથી જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ દ્વારા પરિણીતાના વકીલની તમામ દલીલોથી સહમત થઈ અરજદારની અરજી મંજુર કરી પરિણીતા પારુલબેનને માસીક રૂા. ૨૫૦૦ તથા પુત્ર શ્રેયનું માસીક રૂા. ૨૫૦૦ અરજીની તારીખથી ભરણપોષણ, મકાન ભાડાના રૂા. ૨૦૦૦ મળી કુલ ૭૦૦૦ દર માસે અરજદારને ચુકવી આપવાનો વચગાળાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં અરજદાર પરિણીતા વતી તાલુકા કાનુની સેવા સમિતિના લીગલ એઈડના સરકાર તરફથી પેનલ એડવોકેટ પરેશ બી મૃગ રોકાયા હતા.

# વાવડીના કોમ્પ્યુટર એન્જિનિયર યુવાને ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

## રાત્રે જમ્યા બાદ યુવાને ઝેર ગટગટાવ્યું, સારવાર કારગત ન નીવડી, કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

શહેરના વાવડી વિસ્તારમાં ૩૦ વર્ષીય કોમ્પ્યુટર એન્જિનિયર યુવાને ઝેરી દવા પીને જીવન ટૂંકાવી લેતા ચકચાર મચી ગઈ છે. ઓનલાઈન બિઝનેસ સાથે સંકળાયેલા આ યુવાનના આપઘાતથી પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ જામકંડોરણાના રામપર ગામના વતની અને હાલ વાવડીમાં આવેલી ઓજસઓરા સોસાયટીમાં પોતાના ભાઈ-ભાભી સાથે રહેતા પિયુષભાઈ ધનજીભાઈ કામાણી (ઉ.વ. ૩૦) એ ગઈકાલે રાત્રે પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. બનાવની જાણ થતા જ પરિવારજનોએ તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું. હોસ્પિટલ મારફત જાણ થતા તાલુકા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ કિશનભાઈ અજાગીયા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક પિયુષભાઈએ કોમ્પ્યુટર એન્જિનિયરીંગનો અભ્યાસ કર્યો હતો અને હાલ તેઓ ઘરે બેઠા ઓનલાઈન બિઝનેસ કરતા હતા. પોતે બે ભાઈઓમાં નાના હતા. સાંજે ભાઈ-ભાભી સાથે જમ્યા બાદ તેઓ પોતાના રૂમમાં ગયા હતા. થોડી વાર બાદ તેમને ઉલ્ટીઓ થવા માંડતા મોટા ભાઈએ તપાસ કરી હતી, જેમાં પિયુષભાઈએ ઝેર પી લીધું હોવાનું ખુલ્યું હતું. તેમના આ પગલાથી પરિવાર પર આભ ફાટી પડ્યું છે. યુવાને કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસ દ્વારા આપઘાતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૨૭૧ | ૪૧૧ | ૬૩૪ |
| લીંબુ | ૫૨૨ | ૧૮૮૪ | ૩૮૦૫ |
| સાકરટેટી | ૧૨૬ | ૧૫૨ | ૩૦૧ |
| તરબુચ | ૧૨૪ | ૧૧૪ | ૨૨૬ |
| પપૈયા | ૩૦ | ૭૧ | ૧૪૪ |
| બટેટા | ૩૫૦૦ | ૯૪ | ૨૫૩ |
| ડુંગળી સુકી | ૨૭૫૮ | ૪૦ | ૨૫૧ |
| ટમેટા | ૭૯૬ | ૨૭૮ | ૫૩૫ |
| સુરણ | ૩ | ૭૧૫ | ૯૧૮ |
| કોથમરી | ૩૦૪ | ૩૩૨ | ૫૫૬ |
| મુળા | ૨૦ | ૩૮૮ | ૫૮૬ |
| રીંગણા | ૪૭૮ | ૧૦૮ | ૩૦૬ |
| કોબીજ | ૩૧૨ | ૧૧૦ | ૨૦૫ |
| ફલાવર | ૧૨૧ | ૩૬૦ | ૫૮૨ |
| ભીંડો | ૪૨૮ | ૯૫ | ૧૫૯ |
| ગુવાર | ૧૯૧ | ૨૨૯ | ૬૭૯ |
| ચોળાસીંગ | ૧૨૧ | ૩૧૪ | ૫૨૨ |
| ટીંડોળા | ૨૦ | ૨૮૨ | ૬૧૪ |
| દુધી | ૩૭૪ | ૧૦૧ | ૨૧૨ |
| કારેલા | ૯૮ | ૨૦૨ | ૩૫૮ |
| સરગવો | ૬૦ | ૨૬૪ | ૫૫૨ |
| તુરીયા | ૫૧ | ૨૮૬ | ૪૭૨ |
| પરવર | ૨ | ૬૩૧ | ૮૦૫ |
| કાકડી | ૩૬૮ | ૧૭૮ | ૩૧૭ |
| ગાજર | ૩૪૨ | ૨૪૪ | ૪૮૪ |
| વટાણા | ૮ | ૧૪૨૪ | ૧૮૩૫ |
| ગલકા | ૧૦૫ | ૧૪૨ | ૨૨૮ |
| બીટ | ૧૪૨ | ૧૦૬ | ૨૧૧ |
| મેથી | ૧૨૧ | ૫૭૮ | ૯૯૬ |
| ડુંગળી લીલી | ૧૨૨ | ૨૬૬ | ૪૦૧ |
| આદુ | ૭૮ | ૮૨૯ | ૧૦૩૫ |
| મરચા લીલા | ૧૦૪૯ | ૪૨૮ | ૬૪૪ |
| મકાઈ લીલી | ૮૪ | ૧૪૫ | ૨૪૩ |
| ગુંદા | ૩૭ | ૨૭૬ | ૫૦૨ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૫૦૦ | ૧૫૪૫ | ૧૭૮૦ |
| ઘઉં લોકવન | ૧૦૦૦ | ૪૫૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૨૦૦ | ૪૫૮ | ૫૮૪ |
| જુવાર સફેદ | ૧૨૫ | ૭૭૦ | ૯૭૧ |
| જુવાર લાલ | ૧૦ | ૮૫૦ | ૯૦૭ |
| જુવાર પીળી | ૨૦ | ૪૩૦ | ૪૮૦ |
| બાજરી | ૨૦ | ૩૨૦ | ૪૦૦ |
| તુવેર | ૬૪૦ | ૧૦૪૦ | ૧૫૨૬ |
| ચણા પીળા | ૦ | ૯૦૦ | ૧૦૬૫ |
| ચણા સફેદ | ૦ | ૧૧૪૦ | ૧૭૪૫ |
| અડદ | ૩૦ | ૧૨૦૦ | ૧૬૬૪ |
| મગ | ૧૨૦ | ૧૦૭૧ | ૧૯૧૪ |
| વાલ દેશી | ૮૦ | ૮૨૦ | ૧૧૫૧ |
| ચોળી | ૭૫ | ૮૦૦ | ૧૧૦૦ |
| મઠ | ૭ | ૭૦૦ | ૧૨૨૫ |
| વટાણા | ૬૦૦ | ૬૫૦ | ૧૦૨૦ |
| રાજમા | ૧૬૦ | ૬૫૦ | ૧૮૦૦ |
| સીંગદાણા | ૧૪ | ૧૭૫૦ | ૧૮૬૦ |
| મગફળી જાડી | ૪૦૦ | ૧૨૪૦ | ૧૪૨૫ |
| મગફળી જીણી | ૨૦૦ | ૧૨૫૦ | ૧૫૦૦ |
| તલી | ૨૬૦ | ૧૮૦૦ | ૨૧૬૦ |
| સુરજમુખી | ૧૨ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| એરંડા | ૧૧૬૦ | ૧૦૯૦ | ૧૨૬૬ |
| અજમો | ૧૪ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| સુવા | ૨૪ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| સોયાબીન | ૧૦૦ | ૧૦૦૦ | ૧૧૬૦ |
| સીંગફાડા | ૫૬૦ | ૧૩૦૦ | ૧૬૫૦ |
| કાળા તલ | ૨૦૪ | ૨૬૦૦ | ૩૬૦૦ |
| લસણ | ૧૮૦૦ | ૭૮૦ | ૧૬૦૦ |
| ધાણા | ૨૪૦ | ૨૨૬૦ | ૨૪૯૦ |
| મરચા સુકા | ૨૦ | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ધાણી | ૧૬૦ | ૨૩૦૦ | ૨૫૪૮ |
| વરીયાળી | ૨૪૦ | ૧૨૫૦ | ૨૨૦૦ |
| જીરૂ | ૬૪૦ | ૩૫૩૫ | ૪૦૧૨ |
| રાય | ૧૦૦ | ૧૧૨૦ | ૧૫૧૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૦૦ | ૧૮૯૦ |
| કલોંજી | ૬૭૦ | ૨૭૦૦ | ૩૫૧૦ |
| રાયડો | ૩૪૦ | ૧૦૫૬ | ૧૨૨૭ |

# ટ્રકની અડફેટે રાજકોટના બાઈક ચાલકનું મોત

**અબતક**
**સંજય ડાંગર, ધ્રોલ**

રાજકોટના નહેરૂ નગર, રજા મસ્જીદ પાસે રહેતા અમીરભાઈ રફીકભાઈ શેખ પોતાની બી.એમ.ડબલ્યુ. બાઈક (રજી. નં. ટીએન-૩૭-સીક્યુ-૪૬૯૯) લઈને રાજકોટથી જામનગર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન તેઓ ધ્રોલ ખાતે રાજકોટ-જામનગર હાઈવે પર એસ.આર. પેટ્રોલ પંપની સામે પહોંચ્યા ત્યારે સામેથી આવી રહેલા ટ્રક (રજી. નં. જીજે-૩૬-એક્સ-૫૦૦૪) ના ચાલકે પોતાના હવાલાવાળો ટ્રક અત્યંત પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારીને રોડ પર આવેલ કટમાંથી કોઈ પણ જાતના સિગ્નલ કે ચિન્હો આપ્યા વગર અચાનક વાળી લીધો હતો. ટ્રક ચાલકની આ બેદરકારીને કારણે અમીરભાઈનું બાઈક ટ્રકની અડફેટે આવી ગયું હતું, જેને પરિણામે તેઓ રોડ પર ફંગોળાઈ ગયા હતા. અકસ્માતમાં તેમના માથાના તેમજ શરીરના અન્ય ભાગો પર ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. આ ગંભીર બનાવ અંગે મૃતકના પિતા રફીકભાઈ ઈકબાલભાઈ શેખે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# ચિતલ: વાછરડાની ગેરકાયદે હેરાફેરીના ગુનામાં બેલડીને સાત વર્ષની સજા

## સરકારી વકીલ ચંદ્રેશ મહેતાની દલીલો અને પુરાવાને આધારે અદાલતનો ધાક બેસાડતો ચુકાદો

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લાના ચિત્તલ ખાતે વાછરડાંઓને કતલ માટે ગેરકાયદે રીતે લઈ જવાના ગંભીર કેસમાં સેશન્સ કોર્ટ દ્વારા ધાક બેસાડતો ચુકાદો આપવામાં આવ્યો છે. કોર્ટએ કેસમાં સંડોવાયેલા બે આરોપીઓને સાત વર્ષની સખત કેદની સજા ફટકારી છે તેમજ પ્રતિ આરોપી એક લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. ચિત્તલ નજીકના વિસ્તારમાંથી નાનાં વાછરડાંઓને ચોરી કરીને કતલ માટે લઈ જવાઈ રહ્યા છે. આ અંગે તરત જ જીવદયા ટીમ અને પોલીસને જાણ કરવામાં આવી હતી. સંયુક્ત કામગીરી દરમિયાન સંદિગ્ધ વાહન પર નજર રાખવામાં આવી હતી. શંકાસ્પદ કારને રોકવાનો પ્રયાસ કરવામાં આવતા ડ્રાઈવરે ગતિ વધારી દીધી હતી. પોલીસ અને સેવાભાવી કાર્યકરોના પીછા બાદ ડ્રાઈવર નિયંત્રણ ગુમાવતા કાર ખાડામાં ઉતરી ગઈ હતી. તપાસ દરમિયાન કારમાંથી ત્રણ વાછરડાંઓ ડેકીમાં અને સીટ વચ્ચે અત્યંત અમાનવીય હાલતમાં ભરેલા મળ્યા હતા. આ મામલે પોલીસે રમજાન મોહમ્મદ અલી કાલવા અને મોસીન ઉસ્માનભાઈ કાલવા સામે ગુનો દાખલ કર્યો હતો અને કેસ આગળ ધપાવ્યો હતો. અમરેલી સેશન્સ કોર્ટમાં ચાલેલા ટ્રાયલ દરમિયાન સ્પેશ્યલ સરકારી વકીલ ચંદ્રેશ બી. મહેતાએ મજબૂત પુરાવા અને અસરકારક દલીલો રજૂ કરી હતી. જેના આધારે સેશન્સ જજ રીઝવાનાબેન બુખારી દ્વારા બંને આરોપીઓને ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ દોષિત ઠરાવવામાં આવ્યા. કોર્ટએ બંને



વકીલ ચંદ્રેશ મહેતા

આરોપીઓને સાત વર્ષની સખત કેદ સાથે પ્રતિ વ્યક્તિ રૂપિયા ૧ લાખનો દંડ ફટકાર્યો છે. દંડ નહીં ભરવામાં આવે તો વધારાના પાંચ માસની સાદી કેદની સજા પણ ભોગવવી પડશે.

# નેહલ શુક્લ મેયર પદ માટે ફ્રન્ટ રનર : ડો. પ્રદિપ ડવ સ્ટેન્ડિંગ ચેરમેન બને તેવી સંભાવના

## ડે. મેયર પદ રઘુવંશી સમાજને અપાશે : દક્ષાબેન વસાણી પ્રબળ દાવેદાર



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં સત્તા જાળવી રાખવામાં ભાજપ સફળ રહ્યું છે. શહેરના ભાવી મેયર તરીકે હાલ છેલ્લી ઘડીએ વટ સાથે ટિકિટ લઈને આવેલા નેહલભાઈ શુક્લ ફ્રન્ટ રનર હોવાનું મનાઈ રહ્યુ છે. જ્યારે કોર્પોરેશનમાં સૌથી મહત્વપૂર્ણ એવી સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન પદ માટે પૂર્વ મેયર ડો. પ્રદિપ ડવની દાવેદારી વધુ મજબુત મનાઈ રહી છે. રઘુવંશી સમાજ માંથી પુરુષ ઉમેદવારને ટિકિટ આપવામાં ન આવતા શહેર ભરમાં રઘુવંશી સમાજમાં ભારે નારાજગી વ્યાપી જવા પામી હતી પક્ષે આ નારાજગીને શાંત પાડવા માટે સમાજને એક કમિટમેન્ટ આપ્યું હતું કે, કોર્પોરેશનમાં જો ભાજપની સત્તા આવશે તો તમને લાલ લાઈટ વાળી એક ગાડી આપવામાં આવશે. આ સમીકરણોને ધ્યાનમાં રાખવામાં આવે તો રઘુવંશી સમાજમાંથી આવતા ત્રણમાંથી કોઈ એક નગરસેવીકાને મેયર તરીકે નિમણુંક આપવામાં આવે તેવું મનાઈ રહ્યું છે.

આજે કોર્પોરેશનની ચૂંટણીનું પરિણામ આવતાની સાથે જ હવે મહાપાલિકાના મુખ્ય પાંચ હોદેદારો તરીકે કોની વરણી કરવામાં આવશે તે વાતે વધુ વેગ પકડ્યો છે. ઉમેદવારોના નામની યાદી જાહેર કરવામાં આવી ત્યારે વોર્ડ નં. ૭ ના પૂર્વ કોર્પોરેટર નેહલભાઈ શુક્લની ટિકિટ કાપી નાખવામાં આવી હતી. દરમિયાન તેઓએ દિલ્હી સુધી મજબુત લોબીંગ કરી એક જ રાતમાં વટભેર ટિકિટ લઈ આવ્યા હતાં. ભાજપે પોતાની પરંપરાથી વિરુદ્ધ વોર્ડ નં. ૭ માં ઉમેદવાર બદલવા પડ્યા હતાં. ઉમેદવારી ફોર્મ ભરવા માટે સ્ટેજ પર આવી ગયેલા શૈલેષભાઈ જાનીને છેલ્લી ઘડીએ સ્ટેજની નીચે ઉતારી દેવામાં આવ્યા હતાં અને નેહલભાઈને મેન્ડેટ આપવામાં આવ્યું હતું. આજે પરિણામના દિવસે નેહલભાઈ જે રીતે વટથી ટિકિટ લઈ આવ્યા હતા તે રીતે વટથી વિજેતા પણ બન્યા છે. અને આખી પેનલને વિજેતા બનાવવામાં સફળ રહ્યા છે. મહાપાલિકામાં મેયર પદ માટે પ્રથમ અઢી વર્ષની ટર્મ જનરલ કેટેગરી માટે અનામત હોય



આવામાં મેયર પદ માટે નેહલભાઈ શુક્લ ફ્રન્ટ રનર મનાઈ રહ્યા છે. જો ત્રણ-ત્રણ નામની પેનલ બનાવવામાં આવે તો તેઓની સાથે મનીષ ભટ્ટ અને નરેન્દ્રસિંહ જાડેજાનું નામ મુકવામાં આવે તેવું દેખાઈ રહ્યું છે. હાલ શહેર ભાજપ પ્રમુખ તરીકે બ્રહ્મ સમાજના ડો. માધવ દવે હોય હાઈ કમાન્ડ પ્રથમ નાગરિક તરીકે બ્રહ્મમ સમાજની નિયુક્તિ કરવામાં જો કચવાટ નહીં રાખે તો રાજકોટના હવે પછીના મેયર નેહલભાઈ શુક્લ હશે તે ફાઈનલ મનાઈ રહ્યું છે.

કોર્પોરેશનમાં સૌથી મહત્વપૂર્ણ એવી સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન પદે ભાજપ પૂર્વ મેયર પ્રદિપભાઈ ડવની વરણી કરે તેવું દેખાઈ રહ્યું છે. તેઓની મયર તરીકેની અઢી વર્ષની ટર્મ ખુબ જ સારી અને બિન વિવાદાસ્પદ રહી હતી. આ ઉપરાંત તેઓ સારીએવી વહીવટી પકડ પણ ધરાવે છે. સામાન્ય રીતે પ્રથમ વખત ચુંટાયા હોય તેવા કોઈ કોર્પોરેટરને સ્ટેન્ડિંગ ચેરમેન બનાવવામાં આવતા નથી. ડો. પ્રદિપ ડવ સાથે સ્ટેન્ડિંગ ચેરમેન બનવાની રેસમાં કેતન પટેલ અને અશ્વિન ભોરણીયા પણ સામેલ છે.

રઘુવંશી સમાજને ભાજપે અલગ અલગ ત્રણ વોર્ડમાંથી ટિકિટ આપી હતી પરંતુ એક પણ ઉમેદવાર પુરુષ ન હતાં ત્રણેય ટિકિટ મહિલાઓને આપવામાં આવતા સમાજમાં નારાજગી વ્યાપી જવા પામી હતી. જેને ધ્યાનમાં રાખી રઘુવંશીઓને એવુ વચન આપવામાં આવ્યું હતું કે, સમાજને લાલ લાઈટ વાળી એક ગાડી પ્રથમ ટર્મમાં આપવામાં આવશે એટલે કે, ડે. મેયર તરીકે રઘુવંશી સમાજમાંથી ચુંટાયેલા કોઈ કોર્પોરેટરને બેસાડવામાં આવશે. હવે ડે. મેયર તરીકે વોર્ડ નં. ૯ ના નગરસેવિકા દક્ષાબેન વસાણીનું નામ લગભગ ફાઈનલ જેવું મનાઈ રહ્યું છે. આગામી એક પખવાડિયામાં પદાધિકારીઓની નિમણુંક કરી દેવામાં આવે તેવું દેખાઈ રહ્યું છે. શાસકપક્ષના નેતા અને દંડક તરીકે જ્ઞાતિ-જાતિના સમીકરણોને ધ્યાનમાં રાખીને નિયુક્તિ કરવામાં આવશે. એક વાત બહુ સ્પષ્ટ છે કે, વિધાનસભાની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખી ભાજપ દ્વારા પાંચેય પદાધિકારીઓની નિયુક્તિ થશે.



# ૧૬ વોર્ડમાં ભાજપની પેનલો જીતીઃ વોર્ડ નં. ૧૬માં પંજો, વશરામ સાગઠિયા હારતા મોટો અપસેટ

## ક્રોસ વોટીંગના કારણે એક માત્ર વોર્ડ નં. ૧૫માં ત્રણ બેઠકો કોંગ્રેસ જીત્યું જ્યારે એક બેઠક પર ભાજપના નિલેશ હેરભાની જીત, વોર્ડ નં. ૩ માં છેલ્લી ઘડી સુધી ભારે રોમાંચક

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં માત્ર ૫૧.૬૦ ટકા જેટલુ મતદાન થવાના કારણે તમામ રાજકીય પક્ષો ચુંટણીનું સચોટ પરિણામ નક્કી કરવામાં થોડા ગોટે ચડી ગયા હતાં. ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિકોણીયો જંગ હોવાના કારણે છ થી સાત વોર્ડમાં પેનલો તુટશે તેવો ભય રાજકીય પંડીતોએ વ્યક્ત કર્યો હતો. જે આજે ખોટો સાબિત થયો છે. શહેરના ૧૭ વોર્ડમાં પેનલ ટુ પેનલ ઉમેદવારો વિજેતા બન્યા છે. જેમાં ૧૬ વોર્ડમાં ભાજપના ચારેય ઉમેદવારો જીત્યા છે. જ્યારે વોર્ડ નં. ૧૬માં કોંગ્રેસના ચારેય ઉમેદવારોને જનાદેસ પ્રાપ્ત થયો છે. વોર્ડ નં. ૧૫માં કોંગ્રેસના ત્રણ ઉમેદવાર વિજેતા બન્યા છે. જ્યારે વર્ષોથી આ વોર્ડમાં એક ચક્રિય શાસન ભોગવી રહેલા વશરામભાઈ સાગઠિયાની હારથી મોટો અપસેટ સર્જાઈ ગયો છે. વોર્ડ નં. ૩ ની મતગણતરીમાં છેલ્લી ઘડી સુધી ભારે ઉતાર-ચઢાવ અને રોમાંચકતા જોવા મળી રહી છે. જંગલેશ્વર ડિમોલીશનની અસરના કારણે ભાજપે વોર્ડ નં. ૧૬ ગુમાવવાનો વારો આવ્યો છે.

ગ્રામ્ય વિસ્તારોમાં જ્ઞાતિ-જાતિ કે વિસ્તારના આધારે મતદાન થતું હોય છે. જ્યારે શહેરી વિસ્તારોમાં મતદારો મોટા ભાગે કમીટેડ હોવાના કારણે દરેક વોર્ડમાં પેનલ ટુ પેનલ ઉમેદવારો વિજેતા બનતા હોય છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૨૭ ટકા ઓબીસી અનામતના કારણે કેટલાક વોર્ડમાં જ્ઞાતિના ગણીતોના આધારે ટિકિટ આપી શકાય ન હતીં. કારણ કે, અનામત બેઠકના કારણે જે જ્ઞાતિની વસ્તી વધુ હતી તેણે પણ ટિકિટ મળી શકી ન હતીં. આવામાં એક વાતે બહુ જોર પકડ્યુ હતું કે, શહેરમાં છ થી સાત વોર્ડમાં પેનલો તુટશે જેમાં કોઈ એક રાજકીય પક્ષના ચારેય ઉમેદવારો વિજેતા બનવાના બદલે બે કે ત્રણ રાજકીય પક્ષના ફાળે આખી પેનલ આવશે પરંતુ આ વાત આજે ચુંટણી પરિણામમાં રિતસર હવામાં ઉડી ગઈ છે. રાજકોટના મતદારો પણ સ્માર્ટ પુરવાર થયા છે. ક્રોસ વોટિંગ કરીને બે રાજકીય પાર્ટીના ચાર ઉમેદવારોને જીતાડવાના બદલે કોઈ એક જ રાજકીય પાર્ટીને ચાર મત આપી આખી પેનલ જીતાડવાનો વર્ષો જૂનો જે વણ લખ્યો નિયમ અપનાવ્યો છે જે આજે પણ મતગણતરીમાં જોવા મળ્યો હતો. ભાજપ બે તૃતિયાંશથી વધુ બહુમતી સાથે ફરી સત્તાસુખ ભોગવવા તરફ આગળ વધી રહ્યું છે. એક પણ વોર્ડમાં પેનલ તુટી નથી. જો કે, જંગલેશ્વર ડિમોલીશનના અસરના કારણે ભાજપે વોર્ડ નં. ૧૬ ગુમાવવાનો વારો આવ્યો છે. અલગ અલગ સમાજની નારાજગી, ટિકિટ કપાયેલા કે દુભાયેલાઓનો રોષ સહિતની તમામ બાબતો આજે હવામાં ઓગળી ગઈ છે.

# માધવ બન્યા વધુ મજબુત : જીતના સારથી તરીકે ઉભરી આવ્યા

## ટિકિટ ફાળવણી બાદ નારાજગીની ખોટી ઉભી કરાયેલી આભા હવામાં ઉડી ગઈ : ભાજપને શાનદાર જીત અપાવવા માટે કરેલું માઈક્રો પ્લાનીંગ ખીલી ઉઠ્યું

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે વધુ મજબુત બની ઉભરી આવ્યા છે. ભાજપ માટે વર્ષોથી અડીખમ ગઢ ગણાતા રાજકોટમાં કમળ આન, બાન, શાન સાથે ખીલે તે માટે શહેર ભાજપ અધ્યક્ષ તરીકે તેઓએ કરેલું માઈક્રો પ્લાનીંગ આજે ચૂંટણી પરિણામમાં પુર બહારમાં ખીલી ઉઠ્યું છે. શાનદાર જીતના તેઓ સારથી બની ઉભરી આવ્યા છે. સર્વત્ર અભિનંદન વર્ષા થઈ રહી છે.

શહેરના ૧૮ વોર્ડ માટે જાહેર કરાયેલા ઉમેદવારો બાદ વોર્ડવાઈઝ નારાજગી હોવાનું ખોટુ ચિત્ર ઉભુ કરવામાં આવ્યું હતું. જે આજે ચૂંટણી પરિણામમાં બેઅસર સાબિત થયું હતું. સાત વોર્ડમાં ભાજપની પેનલો તુટશે તેવી વાતો પણ વહેતી કરવામાં આવી હતી. પરંતુ આ વાત માત્ર હવામાં જ રહી હતી. એક પણ વોર્ડમાં ભાજપની પેનલ તુટી નથી. એટલુ જ નહીં ભાજપના મોટા ભાગના ઉમેદવારો તોતીંગ લીડ સાથે વિજેતા બન્યા છે. ચૂંટણી જાહેર થઈ ત્યારથી



શહેર ભાજપ પ્રમુખ તરીકે ડો. માધવ દવેએ શહેરના તમામ ૧૮ વોર્ડમાં ભાજપના ઉમેદવારો જીતે તે માટે માઈક્રો પ્લાનીંગ બનાવ્યું હતું. છેલ્લી ઘડીએ તેઓએ વોર્ડવાઈઝ વાલીની પણ નિમણુંક કરી હતી. જેના કારણે તમામ વોર્ડમાં સંકલન જળવાઈ રહે બીજી તરફ જેની ટિકિટ કપાઈ છે અથવા જે દાવેદાર હોવા છતાં ટિકિટથી વંચીત રહ્યા છે તેઓને સમજાવવામાં પણ માધવ દવે સફળ રહ્યા હતાં. જેના પરિણામે આજે વધુ એક વખત ભાજપને રાજકોટમાં શાનદાર જીત મળી છે. એક પ્રમુખ તરીકે માધવભાઈ ખુબ જ નબળા પડે છે. તેવી ઘણા મહિનાઓથી ચાલતી ચર્ચાઓ પર આજે મોટુ પુર્ણવિરામ મુકાઈ ગયું છે. કારણ કે, માધવભાઈએ પોતાના પ્રમુખ તરીકે કાર્યકાળમાં પોતાના પક્ષને શાનદાર જીત અપાવી છે. હવે તેઓનું ફોકસ વિધાનસભાની આગામી ચૂંટણીમાં ચારેય બેઠકો પર ભાજપના ઉમેદવારો જંગી અને રેકોર્ડબ્રેક લીડ સાથે વિજેતા બને તેવું રહેશે.

# વોર્ડ નં. ૯ લીડમાં નં.૧ : ભાજપના જયસુખભાઈ કાથરોટિયા ૧૬૦૨૬ મતોથી વિજેતા

## ભાજપના ચારેય ઉમેદવાર જયસુખભાઈ કાથરોટિયા, રાજુભાઈ અઘેરા, દક્ષાબેન વસાણી અને જાનકીબેન કાટોડિયા જંગી લીડ સાથે વિજેતા બન્યા

**અબતક, રાજકોટ**

ભાજપના અડીખમગઢ ગણાતા વોર્ડ નં. ૯ શહેરભરમાં લીડમાં નંબર-૧ રહ્યો છે. ભાજપના ઉમેદવાર જયસુખભાઈ કાથરોટિયા તમામ ૭૨ ઉમેદવારો પૈકી સૌથી વધુ લીડ સાથે વિજેતા બન્યા છે. તેઓએ પોતાના નજીકના હરીફ એવા ગીરીશભાઈ ઘરસંડિયાને ૧૬૦૨૬ મતોથી કારમો પરાજય આપ્યો છે. આ વોર્ડમાં ભાજપના ચારેય ઉમેદવારો જંગી લીડ સાથે વિજેતા બન્યા છે. નોટામાં કુલ ૭૫૨ મત પડ્યા છે.



વોર્ડ નં. ૯ માંથી પૂર્વ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી અને સ્ટેન્ડિંગ કમિટિના પૂર્વચેરમેન પુષ્કરભાઈ પટેલ વિજેતા બનતા હતાં આ વખતે આ બન્ને ટોચના નેતા પૈકી એક પણ નેતા ચુંટણી લડી રહ્યા ન હતાં. છતાં મતદારોએ મિરાણી અને પટેલની જોડીએ કરેલા કામોની કદર કરતા વોર્ડના ચારેય ઉમેદવારોને જંગી લીડ સાથે જીતાડી દીધા હતાં. જયસુખભાઈ કાથરોટિયાને સૌથી વધુ ૨૦,૦૮૧ મત મળ્યા હતાં જેની સામે કોંગ્રેસના ઉમેદવાર ગિરીશભાઈ ઘરસંડિયાને માત્ર ૪૦૫૫ મતો મળતા જયસુખભાઈ શહેરના ૧૮ વોર્ડના ૭૨ ઉમેદવારો પૈકી સૌથી વધુ ૧૬,૦૨૬ મતોની લીડ સાથે વિજેતા બન્યા હતાં. ભાજપના અન્ય ઉમેદવાર દક્ષાબેન વસાણીને ૧૮,૬૦૨ મતો મળ્યા હતાં. જાનકીબેન જીતુભાઈ કાટોડિયા ત્રીજા ક્રમે રહ્યા હતા.

તેઓને ૧૮,૫૨૪ મત મળ્યા હતાં. જ્યારે એસસી કેટેગરી માટેની અનામત બેઠક પરથી ચૂંટણી લડી રહેલા રાજુભાઈ અઘેરાને ૧૭,૮૩૦ મત પ્રાપ્ત થયા હતાં. શહેરના તમામ ૧૮ વોર્ડમાં સૌથી વધુ લીડ વોર્ડ નં. ૯માં ભાજપના ઉમેદવારોને પ્રાપ્ત થઈ છે.

### કમલેશ મિરાણી અને પુષ્કર પટેલની જોડીનો રંગ દેખાયો

શહેરના વોર્ડ નં. ૯માંથી પુષ્કરભાઈ અને કમલેશભાઈ મીરાણી ચૂટણી લડતા હતા તેઓએ વોર્ડના વિકાસ કામો માટે સર્જી દિધેલી પરિશ્રમની પરાકાષ્ટાની આજે મતદારોએ જાણે ઉમળકાભેર વધાવી લીધી હોય તે વોર્ડ નં. ૯માં ભાજપના ચારેય ઉમેદવારોની શાનદાર જીત થઈ હતી. એટલુ જ નહીં લીડમાં પણ આ વોર્ડ નંબર ૧ રહ્યો છે. અગાઉથી એવુ માનવામાં આવતું હતું કે, વોર્ડ નં. ૯ માં સૌથી વધુ લીડ પ્રાપ્ત થશે આજે પરિણામમાં આ ધારણા સાચી સાબીત થવા પામી છે. વર્ષોથી આ વોર્ડ ભાજપનો અડીખમ ગઢ માનવામાં આવે છે. અહીં ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસ કે આમ આદમી પાર્ટીનું કોઈ જ વર્ચસ્વ જોવા મળતું ન હતું. ભાજપના ચારેય ઉમેદવારોની એક તરફી જીત થઈ છે.

# જંગલેશ્વર ડિમોલીશનના કારણે ભાજપે વોર્ડ નં. ૧૬ ગુમાવ્યો

## વોર્ડ નં. ૧૬માં કોંગ્રેસના ઉમેદવાર રસિલાબેન ગૈરૈયા, કિર્તિબેન સોલંકી, અર્જુનભાઈ ચૌહાણ અને ઈબ્રાહિમભાઈ સોરા બન્યા વિજેતા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીના થોડા મહિનાઓ પહેલા અગાઉ કોર્પોરેશન દ્વારા શહેરના વોર્ડ નં. ૧૬માં આવેલા જંગલેશ્વર વિસ્તારમાં મેગા ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦૦થી વધુ મકાનો તોડી પાડવામાં આવ્યા હતાં. ડિમોલીશનથી બેઘરબનેલા લોકોએ ચૂંટણીમાં ભાજપના વિરોધમાં રોષભેર મતદાન કર્યુ હતું. જેના કારણે ભાજપે વોર્ડ નં. ૧૬ ગુમાવવાનો વારો આવ્યો હતો. આ વોર્ડમાં કોંગ્રેસના ચારેય ઉમેદવારો તોતીંગ લીડ સાથે વિજેતા બન્યા હતાં.

મતદાનના દિવસે વહેલી સવારથી જ વોર્ડ નં. ૧૬માં તમામ મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો લાગી જવા પામી હતી. જેના આધારે એક વાત નક્કી થઈ ગઈ હતી કે, વોર્ડ નં. ૧૬નું પરિણામ કંઈક અલગ જ આવશે. આ વોર્ડમાં ભાજપે પૂર્વ કોર્પોરેટર રૂચિતાબેન નિલેશભાઈ



જોશીને ફરી મેદાનમાં ઉતાર્યા હતાં. જ્યારે અન્ય ત્રણેય ઉમેદવારો નવા હતાં. જયાબેન પ્રવિણભાઈ હુંબલ, ઉમેશભાઈ માવજીભાઈ વાઘેલા, રાજેશભાઈ ધીરૂભાઈ લીલા ભાજપના પ્રતિક પરથી મહાપાલિકાની ચૂંટણી લડી રહ્યા હતાં. જંગલેશ્વર ડિમોલીશનની અસર ભારોભાર જોવા મળી હતી. વોર્ડની મતગણતરી શરૂ થયાના પ્રથમ રાઉન્ડથી જ કોંગ્રેસના ચારેય ઉમેદવારોને તોતીંગ લીડ મળી ચૂકી હતી. જે મતગણતરી પૂર્ણ થઈ ત્યાં સુધી સતત વધતી રહી હતી. મતગણના પૂર્ણ થયા બાદ કોંગ્રેસના ચારેય ઉમેદવાર રસિલાબેન ગેરૈયા, દિપ્તિબેન સોલંકી, અર્જુનભાઈ ચૌહાણ અને ઈબ્રાહીમભાઈ સોરાનો વિજય થયો હતો. જો કે, ડિમોલીશન બાદ એક વાત ચાલી રહી હતી કે, વોર્ડ નં. ૧૬માં ભાજપ હારે છે અહીં ડિમોલીશનની વ્યાપક અસરો જોવા મળશે. કારણ કે, અહીં ડિમોલીશન બાદ લોકોમાં ભારોભાર નારાજગી જોવા મળી રહી છે. મતદાનના દિવસે પણ લોકોએ રોષભેર ભાજપ વિરોધી મતદાન કર્યુ હતું. જેના કારણે વોર્ડ નં. ૧૬માં ભાજપની હાર થવા પામી હતી.